રંગભર્યું આંગણું · · ચિત્રકાર · રસિકલાલ પરીખ



૧૮૦ કુમાર

વર્ષ ૧૫ : અંક ૧૨ · માગશર · ઓગણીસસો પંચાણું

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

તંત્રી : રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઈ રાવત



આપનું લવાજમ

આ અંક સાથે પૂરું થાય છે

એ સાથે નીચેના પાંચ મુદ્દા પર વિચાર કરવાની આપને વિનતિ કરીએ છીએ

(૧) 'કુમારે' આપને વિશુદ્ધ, સંગીન અને જીવનનો ઉત્તમોત્તમ પ્રસાદ આપતું સાહિત્ય પીરસ્યું છે.
(૨) નવી દૃષ્ટિ પ્રેરતાં અને સંસ્કારી કલાભાવનાવાળાં ચિત્રો—કોઇને પણ મુકાબલે સંખ્યા ને સંગીનતામાં ચડી જાય એવાં ચિત્રો—એણે આપ્યાં છે.
(૩) પાતાળથી માંડીને આકાશના અનન્ત સુધીના ક્ષેત્રનાં જ્ઞાનવિજ્ઞાનની માહિતીઓ અને જીવન પાંગરતી બીજી અનેક સામગ્રીઓનો વિપુલ-વિવિધ ભંડાર એણે આપની આગળ રજૂ કર્યા કર્યો છે.
(૪) એટલી વિવિધતાની સાથોસાથ તેની ચિત્રમયતા, રૂપવિધાન, રંગમયતા અને કલાત્મક રચનાઓ અહર્નિશ અજોડ રહી છે; અને આમ. . . .
(૫) જ્ઞાનપિપાસુ કે સાહસશોખી, સંસ્કારવાંચ્છુ કે કલાપ્રેમી—સૌ રસના ઇચ્છુકોને એકસરખી પ્રેરણા અને તૃપ્તિ આપવા તે મથ્યું છે.

આપને જો લાગતું હોય કે આ પાંચે મુદ્દાનો પોતાનો દાવો ગયા આખા વર્ષ દરમ્યાન એણે અદા કરવાનો પ્રયત્ન કર્યો છે, તો પછી અમારી ખાતરી છે કે આપ અવશ્ય એના ગ્રાહક તરીકે ચાલુ રહેવાના જ છો.

એમ હોય તો પછી લવાજમ વસૂલ કરવામાં બંને પક્ષની તકલીફ ઓછી કરવા માટે આપ ચીપ રાખીને આ નીચેનું કાર્ડ **૧૫મી જાન્યુઆરી ૧૯૩૯ પહેલાં અમને મળે એ રીતે** ભરી મોકલવા કૃપા કરશો ?

બધી વિગતો એ કાર્ડમાં સ્પષ્ટ જણાવેલી છે. ગ્રાહક રહેનારને માટે ઉપલો ભાગ ભરવાનો છે. આપનું નામ સરનામું ફરી એક વાર સ્પષ્ટ અક્ષરે એમાં લખી મોકલશો, કે જેથી અમારા ચોપડે કાંઇ ભૂલચૂક હોય તો સુધારી લેવાય.

અને ગ્રાહક ન રહેવું હોય તો પણ મહેરબાની કરીને કાર્ડનો નીચેનો ભાગ ભરી મોકલશો કે જેથી અમે વી.પી. કરવાના નાહકના ખર્ચમાં ન ઉતરીએ. એથી આપને માત્ર થોડી તકલીફ જ છે; પણ નહિતર અમને સવા આઠ આનાનો ચાંલ્લો થશે, અને એક અંક બગડીને પાછો આવશે એ નફામાં.

છતાં કોઇ સંજોગોમાં આપના તરફથી આ કાર્ડ ભરાઇને નહિ આવે તો પછી, અમે એ જોખમ ખેડવાના. માટે, કૃપા કરી, તા. ૧૫-૧-૩૯ પહેલાં એ કાર્ડ અમને મળે તેમ કરશો. એ તારીખ સુધીમાં આપનો નિર્ણય નહિ મળે તો, આપ ગ્રાહક તરીકે ચાલુ જ રહેવાના છો એમ સમજીને, આવતો અંક વી.પી. કરીશું.

વ્યવસ્થાપક 'કુમાર' અમદાવાદ

'કુમાર'ના ૧૯૩૯ના વર્ષના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના બાર માસના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. એ માટેનું મારું લવાજમ (૧) આ સાથે મનીઆર્ડરથી મોકલું છું (૨) ચેકથી મોકલું છું (૩) તમારા એજન્ટ .... મારફત મોકલું છું (૪) મને આવતો અંક નીચેને સરનામે વી.પી.થી મોકલી લવાજમ વસૂલ કરશો *

(* આ ચાર મુદ્દામાંથી જરૂરનો ભાગ રાખીને બાકીનો છેકી નાખજો)

પૂરું નામ ....

સરનામું ....

ગામ .... પોસ્ટ .... જિલ્લો ....

મારું નામ આવતા વર્ષને માટે કમી કરશો. મારો ગ્રાહક નંબર .... છે.

સહી .... ગામ ....

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ. જાહેરખબરના સોલએજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ







ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપર: 'સંધ્યાસૌન્દર્ય'–ભાઇ હાસમ સુતાર (નડિયાદ), પહેલું ઇનામ; નીચે: ડાબી બાજુ, 'સર્જનહાર'–ભાઈ રસિક કમાણી (ધારી), બીજું ઈનામ; જમણી બાજુ, 'બાલભિખારણ'–ભાઈ ગિરિજાશંકર દવે (પાલીતાણા), ત્રીજું ઈનામ.



મારગને કાંઠે
ચિત્રકાર · સોમાલાલ શાહ




સત્ત્વપુંજ

·વસંત·


મ્હેરામણો ગરજતા અહીં સામસામે:
—આ એક ગેબી કંઈ તાલથી નર્તનારો,
હીંચોળતો હૃદયમાં અણમૂલ રત્ન,
ઉલ્લાસહાસભર મેઘપિતા સમુદ્ર;
—ને આ વિરાટ વળી માનવસિંધુ નિત્યે
નર્તંત, ઓટભરતી મહીં મસ્ત લ્હેરે
દે યંત્ર તાલ, અણથંભી પ્રવૃત્તિગર્ભે
છૂપાં કંઈ હૃદયરત્ન ઝુલાવી ર્‌હેતો.

ઝૂકી શશાંક નભમધ્ય છટાથી જેવો
આકર્ષતો તરલ સાયરવારિ ઊંચે,
છીપો મહીં મુકી જતો કદિ મોતી શુભ્ર;
એવો મહા વિરલ પ્રેરક સત્ત્વપુંજ
આ શાંત મૌનજડ માનવરાશિ માગે,
કે કૈં કર્યે જીવન જાગી ચગે હુલાસે.

ઉમાશંકર જોષી



ગયા અંકમાં જેનું સૂચન હતું તે 'આત્માનાં ખંડેર' નામની માળાનો એક વધુ મણકો ··કવિના તરતમાં પ્રકટનાર સંગ્રહ 'નિશીથ'માંથી



અક્ષરમિત્રો

● પરદેશના અજાણ્યા તરુણો પત્રો લખીને મૈત્રીની સોનેરી સાંકળથી પૃથ્વી પર જ્ઞાન અને ભાવનાનો વિનિમય કરી રહ્યા છે અને માનવતાની મૂળગત ભ્રાતૃભાવનાની જાગૃતિ કરી રહ્યા છે એ વાતનો જેમને અનુભવ અને પરિચય થયો છે તેઓ હવે માત્ર એને એક હોંગી અથવા નાદ માત્ર નહિ કહે. આપણા તરફ આકર્ષાઈને કોઇ શુભ ભાવે પત્ર લખે ત્યારે તેને અનુત્તર રાખવો એટલે આપણા આત્માનાં દ્વાર બંધ કરી દેવાં. એ શિષ્ટતા અથવા સંસ્કૃતિનું શિક્ષણ ન જ કહેવાય. હિંદના શાળાશિક્ષણમાં આ પ્રકારનો સુવિકાસ કરવાની કોઇ પણ યોજના દાખલ કરવામાં આવી નથી તેથી જ આપણા દેશના વિદ્યાર્થીઓ ને તરુણોમાં કૂવાના દેડકા જેવી બુદ્ધિ અને સ્વાર્થપરાયણતા દેખાઇ આવે છે. જ્યારે પરદેશના યુવાનો આપણા કરતાં પ્રગતિમાં કેટલાં યે કદમો આગળ હોવા છતાં જે ભાવ અને તત્પરતાથી આ પત્રવ્યવહારનો પ્રકાશ ખીલવી રહ્યા છે તે જોતાં સાનંદાશ્ચર્ય થાય છે.

'Open Road For Boys'નામના અમેરિકન માસિકનો હું માત્ર એક અતીવ દૂરનો ગ્રાહક હતો એટલી જ બીનાએ મારા પર ડઝનબંધ પત્રો આવી પડયા અને એ સૌને હું જવાબ [illegible] અશક્ત થયો ત્યારે મેં એક સર્વસામાન્ય પત્ર લખીને તેના તંત્રીને મોકલી આપ્યો. એ તેણે પોતાના પત્રના નવેમ્બર અંકમાં મારી છબી અને સહી સાથે પ્રકટ કર્યો અને ઉપર જણાવ્યું કે લખનાર બહુ વ્યવસાયી હોવાથી તેની તરફથી જવાબ ન આવે તો કોઈએ અન્યાય ન ધારવો અને તે પોતાના 'કુમાર'માં તમારાં સૌનાં સરનામાં પ્રકટ કરશે. મેં કદમે કદમે મારૂં કહેલું કરી બતાવ્યું છે એ તો 'કુમાર'ના વાચકો જાણે છે. વાંચનારા ઉમેદવારો તરફ મોકલેલા પત્રો હજુ પાછા આવ્યા નથી, પણ પેલા ઉત્સાહી અમેરિકન કુમારોએ તો દરેક મેઈલમાં પત્રોનો ધોધ વહેવડાવ્યો છે. એ બધાએ Open Roadના તંત્રીની સલાહ માની મને હવે લાંબા પત્રો લખી મૂંઝવણ કરાવી નથી પણ વિનયપૂર્વક માગણી કરી છે કે તેમની વયના હિંદી કુમારો તેમને પત્ર લખે એટલા માટે તેમના માટે સરનામાં જાહેર કરવાં.

એમની અભિલાષાઓ

● એ દરેકના પત્રમાં મુખ્ય વાત એ છે કે તેઓ હિંદુસ્તાન વિષે સજીવ અને સાક્ષાત માહિતીઓ મેળવવા ઇંતેજાર છે. હિંદુસ્તાન વિષે તેમના દેશમાં આજસુધી સાચી ને આધારભૂત કશી જ માહિતી નથી પ્રસરી. હિંદુસ્તાનની આબોહવા, નદીઓ, પહાડો, જનાવરો, લોકો, ધર્મો અને રાજપ્રકરણમાં ત્યાં માત્ર ગપ્પાં જ પ્રસરેલાં છે. ચિત્રો અને હકીકતો લઇ જનારા માત્ર યૂરોપીઅનો જ હોય અને તેઓ કદી હિંદના જીવનનો અંતર્ભાગ જોઇ જાણી કે સ્પર્શી શકયા ન જ હોય. તેમાં ય શિષ્ટ અને ખાનદાન વર્ગની રહેણી તેમજ શિષ્ટાચાર તો તેમને સમજવાં પણ મુશ્કેલ પડે. આ ત્રાહિત પરદેશીએ હિંદ વિષે કશી જ સારી છાપ કે માનપ્રેરક માહિતી ત્યાં પહોંચાડી નથી. આજે તો હિંદ જગતમાં ઉજ્જવળ મુખે માનવતાની પુનઃ પ્રતિષ્ઠા કરી રહ્યું છે અને જગતને કુટિલતા તથા સ્વાર્થની ફિલસૂફીમાંથી બચાવી લેવાનો માર્ગ શોધી રહ્યું છે. તેની ઝીણવટભરી સમજ જગતને હિંદવાસીઓ સિવાય કોણ આપી શકે?

અમેરિકાના કુમારોએ હિંદના કુમારો સાથે અક્ષરમૈત્રિની જે માગણી કરી છે તે પૂરી પાડવાનું કાર્ય અને ફરજ હવે 'કુમાર'ના વાચકોએ ઉપાડી જ લેવાં જોઇએ. એ બધા લખનારા કંઈ વિશેષ બુદ્ધિચાતુર્ય કે જ્ઞાનનું પ્રદર્શન કરનારા નથી. તેમાં ઘણાએ તો કાલી અને ભૂલભરેલી પણ રમૂજી ભાષામાં પોતાના નિખાલસ ભાવ રજૂ કર્યા છે. કેટલાક હિંદની ટપાલની ટિકીટવાળો પત્ર આવે તેની જ ઝંખના કરે છે. કેટલાક અહીંની શાળા કેવી હોય તે પૂછે છે, કેટલાકને તો રમતગમતો કેવી છે તે જાણવું છે, કેટલાકને તમારી લિપિના નમૂના જોવા છે, એમ વિવિધ દૃષ્ટિએ તેઓ પોતાના અંતરદ્વાર અક્ષરબળે ઉઘાડી રહ્યા છે. વિદ્યાર્થી અવસ્થામાં ધંધાનો સ્વાર્થ કે સત્તાની વાંછના ભાગ્યે જ હોય એટલે એ પત્રોમાં

Handelsskolekamaterna "My Friend Abroad"

Letter: 90

Member: 1. [illegible]

KARL GUNNAR KNUTSSON,
Lästmakaregatan 27 b,
STOCKHOLM 1,
SUÈDE. (Sweden.)

Dear Sir,

I read "The Open Road for Boys" some days ago and I also read the letter you have sent to the editor of this excellent boy-paper and by reading this letter I understood that you are very interested in foreign correspondence.

મને તો માનવ આત્માઓની સુગંધ આવતી લાગે છે.

એક પડઘો

● આવું મને જ લાગે છે કે એમાં કંઇ સત્ય છે તેનો નિર્ણય આપતો એક પત્ર મને પૃથ્વીના ત્રીજા જ ખૂણેથી મળ્યો છે. એ લખનાર આ અક્ષરમૈત્રિની ભાવના વિકસાવવા શું કરી રહેલ છે તેનો ખ્યાલ તેના પત્રથી જ મળશે. ગયા પાનાને છેડે રજૂ કરેલા એ પત્રમાંના તેના હસ્તાક્ષરો પણ અક્ષર-લેખનની કળાનો એક અતિ સુંદર નમૂનો છે. એ લખે છે કે:

"તમે મારા પત્રના મથાળા પરથી જોઇ શક્યા હશો કે હું 'My Friend Abroad' (અનુસંધાન પૃ. ૫૩૨ મે)

OUR FRIENDS ABROAD

અક્ષરમૈત્રિના અભિલાષીઓ

Dear Correspondent Friends,

I shall thank you all and the editor of 'The Open Road for Boys' for the kind feelings you have shown to me by an overwhelming flow of letters. I, being unable to reply each of them separat ly, am putting your addresses before the readers of 'Kumar' in the list below and I am sure you will find response from a good number of Indian readers who will not fail to write to you interesting things about themselves and their land of ancient culture and outstanding mode n events.

With best wishes and
New Year's Greetings,

(December 1938) Ravishanker Raval

● આ નીચે જણાવેલાં અમેરિકન કુમારો અને કુમારિકાઓને પત્ર લખનારા મિત્રો જોઇએ છે. એક જણે તો એક જ શાળામાંથી એક સાથે એક જ પત્રમાં વીસ નામો ઉંમર સાથે મોકલી આપ્યાં છે. બધાનું સરનામું એક જ છે: Ithaca (Michigan) U. S. A.

કુમારિકાઓ

- Beverley Dunn
- Wanda Margolt
- Lois Sanders
- Jean Stone (age 16)
- Betty McClellard(17)
- Erma Naflzizer (17)
- Noren Peters (16)
- Grace Vedder (16)
- Mary Knowlton (16)
- Virginia Cowdry(17)
- Virginia Wilson (15)
- June Will (16)
- Arlene Kamett (14)
- Audrey Conblin (14)
- Jean Simmit
- Betty Parling
- Dorothy Dionise
- Phyllis McAdam

કુમારો

- Thomas Bartshe (18)
- Carl Hegle (16)
- Ted McAdam (16)

Robert Witt,409West 3rd st. Hays, Kansas (U. S. A.) ઉમર વર્ષ ૧૬. ઉંચાઇ ૫ ફૂટ ૧૧ ઇંચ. વજન ૧૪૦ રતલ. પિતા બાંધકામ મિસ્ત્રી છે. તેનું ગામ ૫૦ વર્ષનું જૂનું, ૬૦૦૦ની વસતિવાળું ને કિલ્લેબંદીવાળું છે. ગામનો મુખ્ય ધંધો ઘઉંની ખેતી, ઢોરઉછેર ને તેલનો વેપાર છે. લોકોમાં અંગ્રેજી જેટલી જ જર્મન ને રશિયન બોલનારા છે. પોતાને ટિકીટો સંઘરવાનો શોખ છે, અને હિંદમાંથી કોઇ પત્રમિત્રની રાહ જુએ છે. ભાષાની ભૂલ તરફ નહિ જુએ.

Ray Daniel, 3609 Narrison St. Amasillo, Texas (U. S. A.) બે જોડીઆ ભાઇઓ, એક જ સ્વરૂપના, ૧૩ વર્ષના એક ભાઇ ૩૧મી ડીસેમ્બરે જન્મ્યો ને બીજો પાંચ કલાક રહીને જાન્યુઆરીની ૧લીએ જન્મ્યો, એટલે બેઉની સાલમાં વર્ષનો તફાવત લેખાય! લખવે રમૂજી જણાય છે.

Bill Ellis, Hunnewell, Kansas(U.S.A.). વર્ષ ૧૫. છબી અને બે સિક્કા મોકલ્યા છે. પોતાના ગામમાં હાઇસ્કૂલ નહિ હોવાથી બસ મારફત બાજુના ગામમાં ત્રણ માઇલ દૂર જાય છે. મલાયા અને હવાઇ ટાપુના મિત્રો જોડે પત્રવ્યવહાર બાંધ્યો છે. ઘરની નાની હોડીમાં બાજુની ખાડીઓ અને નદીના વહેનમાં ફિશિંગ કરવાનો શોખ છે. હિંદમાં કેવી મોટરો ફરે છે તે જાણવા માગે છે. પોતાને ઘેર ૧૯૩૫ની ફોર્ડ V. 8 ગાડી છે.

Miss Janet Marie Haskell તેનો નાનો ભાઇ Stanley W. Haskel 4 Exter Park No Combridge, Mass. (U.S.A.) બેને કાગળ લખ્યો છે. ૧૫ વર્ષની, ચે બહુ આંખોવાળી. હાઇસ્કૂલમાં ભણે છે. કૉલેજમાં જઈ ચાર વર્ષમાં કળા અને લેખનના વિષયો લેવા ધારે છે. હિંદના પત્રો માટે ઇંતેજાર છે. ભાઇ-બેન મોજથી લખે એવાં છે.

Jeanne Fuller,387 Glenn circle Deatur,Georgia (U. S. A.). કૉલેજમાં છે. ૨૨ વર્ષના મિત્ર જોડે પત્રવ્યવહાર માગે છે. ફોટોગ્રાફી જાણે છે. સીધા સ્વભાવનો તરુણ છે.

Ted Rich, 1004 Frankland Street Walla Walla, Washington (U.S.A.).

Henry, Owain, Wright, Wain St. Elleridge, Maryland (U.S.A.) ઉમર વર્ષ ૧૮

Stanley Thomas, R. R. Canton, Kansas (U. S. A.)

Howard Jones,1229 Maniton St. Muskogee, Okle (U. S. A.) ઉમર વર્ષ ૧૪ (to be continued)

(અનુસંધાન પાછલા પાનેથી)–મારો પરદેશી મિત્ર એ નામની ક્લબનો સેક્રેટરી છું. આ ક્લબ પત્રવ્યવહાર કરનારાઓની છે. હજુ તે સ્થપાયાને થોડા જ માસ થયા છે, એટલે પરદેશના સભ્યો બહુ નથી મળ્યા, માત્ર ૫૦ છે. પણ મને આશા છે કે આ ક્લબ જતે દિવસે ઘણી મોટી બની જશે. આ ક્લબનો આશય કુમાર અને કુમારીઓને પરદેશના પત્રવ્યવહારકો મેળવી આપવાનો છે. તમે તો સમજો છો કે પરદેશના પત્રવ્યવહારથી ઘણી માહિતી અને અનેકવિધ જ્ઞાન મળે છે કે જે ચોપડીમાંથી ભાગ્યે જ મળે વળી હું તો તે રીતે આપણી પત્રભાષાની લખાવટમાં અને જ્ઞાનમાં સુધારો કરી શકયો છું. પત્ર લખવાનો નાદ બહુ ખર્ચાળ પણ નથી, તેથી તે ઘણો લોકપ્રિય થયો છે—'My Freind Abroad' ક્લબમાં દાખલ થવાની ફી કે કોઇ ફરજ રાખી નથી, એટલે તમ સરખાને મારી ક્લબમાં સત્કારતાં બહુ જ આનંદ માનીશ. વળી તમારા નગરનાં કુમારકુમારીઓના સરનામાં મોકલી શકો તો વધારે સારૂં. અમારામાંથી કેટલાક હિંદ સાથે પત્રવ્યવહાર બાંધવા ઇંતેજાર છે.

અમારા સ્ટૉકહોમ નગરમાં Handelso kole kamateirna નામની મોટી ક્લબ છે તેના એક અંગ રૂપે My Friend Abroad છે ને તે વર્ષમાં પાંચ વખત H. K. Badet નામનું પત્ર પ્રસિદ્ધ કરે છે. તેના ૪૦મા અંકથી હું My Friend Abroad વિભાગનું સંપાદન કરી રહ્યો છું ;તેની એક નકલ તમારા પર મોકલી છે. 'Autoking' ઉપનામથી હું લખું છું.' 'આ એના પત્રનો સાર છે.

'કુમાર'માં મેં સૌ પ્રથમ આપેલાં અમેરિકન સરનામાં પર કેટલાક વાચકોએ પત્રવ્યવહાર શરૂ કર્યો છે અને તેમને પણ આનંદજનક પ્રેરક પત્રો મળવાનું તેમણે જણાવ્યું છે. D. M. Khalilને અમેરિકાના મિ. વર્મેલનો પત્ર મળ્યો છે તે વાત જણાવતાં સૂચના કરે છે કે "તમે પણ ફોરેન પેનફ્રેન્ડઝનાં એડ્રેસો આપશો, નહિ તો કુમાર ક્લબ નામે એક વિભાગ ખોલી તેમાં હૉબીકૉર્નર વગેરે આપશો." આ લખનારની જેમ જ બીજા થોડા પત્રો મને મળ્યા છે અને તે વિષે હજુ પણ વધારે, સૂચનાઓ અને માગણીઓ બીજાઓ મોકલી આપશે તો અમે જરૂર તે બાબતમાં એક ઉપયોગી વિભાગ શરૂ કરીશું, અને જુદાજુદા સ્થળે આવેલા પત્રોનો સાર, ચિત્રો તેમજ તેમને લખાએલા પત્રોના નમૂના રિપોર્ટ: વગેરે યોગ્ય રીતે રજૂ કરીશું. આ વખતે અમેરિકન મિત્રોનાં સરનામાં ખાતર જ જુદો વિભાગ કરવો પડયો છે.

આ હકીકતના અનુસંધાનમાં જણાવવા જેવા એક બીજા આનંદજનક ખબર તે અમદાવાદમાં આવતી તા. ૨૮-૨૯-૩૦ (ડિસેમ્બર)ના રોજ ભરાનારા ત્રીજા આંતરરાષ્ટ્રીય પત્રમિત્ર અધિવેશનને લગતા છે. એ વિષે વિશેષ માહિતી આ અંકના માધુકરી વિભાગને છેડે આપી છે તે ઉત્સુકોએ જોઇ લેવી.

ર. મ. શ.



માઇગેલ દ સર્વાન્ટિસ સાવેર્રા

જગતના બહુમાન્ય ગ્રન્થો વાંચવાને ઉલટતા વાચકોને એ ગ્રન્થોના પ્રતિભાશાળી લેખકોનું નસીબ કેવું કમતરીન હોય છે તેની કયાંથી ખબર હોય? જેટલું એ જાણવું અઘરૂં છે એટલું જ, બલકે એથી યે વધુ, માનવતાનું ગૌરવ વધારતા એવા લેખકો પ્રત્યે મનુષ્યોએ જ ચલાવેલી બેદિલી ને ગેરવર્તણુક જાણવાં અઘરાં છે. આંધળા હોમરથી લઇને આજ દિવસ સુધીમાં જનતાથી હીણાએલા એવા લેખકો ગણ્યા ગણાય તેમ નથી. પણ એ બધા કમભાગી લેખકોનું જો લશ્કર ઊભું કરવામાં આવે તો તેની સરદારી સહેજે લઇ શકે એવું તો એકજ નામ છે.અને તે 'ડૉન કિવકઝોટ'ના જગવિખ્યાત પુસ્તકના લેખક માઇગેલ દ સર્વાન્ટિસ સાવેર્રાનું.

સ્પેનની રાજધાની માડ્રિડથી દસ ગાઉ પર આવેલા અલકાલા દ હીનારિઝમાં તે ઈ. ૧૫૩૪માં જન્મેલો. તેના બાળપણની ઝાઝી માહિતી નથી મળતી. સાલામેંકાની યુનિવર્સિટીમાં તેણે શિક્ષણ લીધેલું.

નાનપણથી જ તેને વાંચનનો હદથી જ્યાદે શોખ હતો. બુદ્ધિની ભૂખ સંતોષવા રસ્તે ચાલતાં હાલતુ કાગળોની કાપલીઓ પણ તે ઉપાડીને વાંચી જતો.

કાવ્યોનો નાદ પણ તેને ઓછો ન લાગેલો. એનાં રચેલાં અનેક સૉનેટો, રાસાઓ અને બીજાં કાવ્યો તેની લિરિકમય પ્રતિભાની ઝાંખી કરાવે છે. 'ફિલી-

જીવનમાં જેમને પ્રતિભા અને કમનસીબી બંને એકીસાથે વરેલાં એવા લેખકોમાં આંધળા હોમરથી માંડી આજ સુધીનાઓમાં કિસ્મતની સૌથી વધુ ખફા ભોગવનાર

દુર્ભાગી સાહિત્યકાર

સર્વાન્ટિસ

★ આજે સવાત્રણસો વર્ષથી જનતા જેના ગ્રંથો જેવા ને તેવા રસથી ફરીફરીને વાંચે છે, તેની પ્રશંસા કરે છે, ને રડે પણ છે,–એવા એક બદબખ્ત આદમીની કથા

નાના ગ્રામ્યકાવ્યથી કવિ તરીકે તે સુપ્રસિદ્ધ બન્યો. સ્પેન બહારના જીવનના આકર્ષણને લઈ એકવીસ વર્ષની વયે રોમથી આવેલા કાર્ડિનલ ઍક્વાવીવાના કામારિરો (ખાસદાર) તરીકે નિમાઇ તે રોમ ગયો.

૧૫૭૦નું વર્ષ બેઠું ને પૂર્વમાંથી એક આંધી ઊપડી. સારી ખ્રિસ્તી આલમને આવરી દેતી એ આંધી ઉપાડનાર તુર્કી હતું. તરી અને ખુશ્કી બંને માર્ગે તે આગળ ને આગળ કૂચ વધારતું જતું હતું. યુરોપની ખ્રિસ્તી સત્તા ગભરાકળી બની ને ઑટોમન જેહાદને રોકવા સ્પેન, વેનિસ ને રોમનાં રાજ્યોએ એકત્ર થઇ ૧૫૭૧ના મેની ૨૫મીએ એક તહનામું ઘડયું, પહેલાં કદી ન થએલો એવો અજબકાફલો નારંગીઓથી લચી રહેલા ભૂમધ્યના કિનારેથી દરિયામાં તરતો થયો.

સર્વાન્ટિસ પહેલેથી જ વાસ્તવવાદી (realist) હતો ને જીવનમાં એવા રોમહર્ષક પ્રસંગોને તે હમેશાં ઝંખતો રહેતો. જઇને લશ્કરની ભરતીમાં એ પોતાનું નામ નોંધાવી આવ્યો. સાચું કહીએ તો, આ નોંધણીએ જ તેના જીવનમાંથી સુખને સદાની રૂખસદ આપી.

નાનાં મોટાં યુદ્ધો લડાતાં ગયાં પણ 'લા માકિરઝા'માં ચડેલો સર્વાન્ટિસ તાવથી પટકાઇ પડયો એટલે એને તો પોતાની અશક્તિ પર નિસાસા જ નાખવાના રહ્યા. પરંતુ ૧૫૭૧ના સપ્ટેંબરની ૭મીએ લેપાન્ટો ખાતે લડાએલું યુદ્ધ ભયાનક હતું. દારૂગોળાના ભડાકા, દ્રુત સંચલનો, સારસૂચના ભરી ગુફતેગો ને કડક ફરમાનો સાંભળતાં સાંભળતાં સર્વાન્ટિસનું હૈયું હાથ ન રહ્યું. તેના સાથીઓ તેને આરામ લેવા વિનવવા લાગ્યા. વહાણના હુકમદાર ફ્રાન્સિસ્કો સાન પિટ્રોએ પણ તેને વાર્યો, પણ તેણે તો સલાહો કે ધમકીઓ કશું ન ગણકાર્યું, બખ્તર પહેર્યું ને બોલ્યો, 'હું મારી તબિયત સમાલતો બેસી રહી પવિત્ર દિવસે થનારી નવાજેશ ગુમાવું તેના કરતાં ખુદાની અને મારા રાજાની ખાતર લડી છૂટું એ બહેતર છે.'

તેનો આગ્રહ નરમ ન જ પડ્યો. છેવટ બાર સૈનિકો તેને સોંપવામાં આવ્યા ને તેમની સાથે વહાણ સાથે બાંધેલી એક હોડીમાં તે ઊતરી પડ્યો. તરત બધા રસ્સા કાપી નાખી એણે કશા યે રક્ષણ અગર બચાવની સગવડ વિનાની ભયંકર પરિસ્થિતિ વ્હોરી લીધી.

લડાઇનાં ઘેરાં ધૂવાં ભર્યાં વાદળોની ખુશબો લેતો તે ઊભો ત્યાં તો ઓળા જેમ એક દુશ્મનવહાણ પૂર ઝડપે સામે આવી લાગતું જણાયું. થોડીવારે તે પર નિશાન ફરકયું ને માલૂમ પડયું કે એ મિસરી હતું. સિકંદરિયાનો કમાન પાશા તેનો હુકમદાર હતો. થોડીવારે તો બંને બાજુએથી ફૂટતા દારૂગોળાના ધુબાકા સાથે કાળની જીભ જેવા લાલ ભડકા ઊઠવા લાગ્યા.

સર્વાન્ટિસ હુકમો છોડતો પોતાની કામગીરીને સંપૂર્ણ બનાવવા ધમપછાડ કરી રહ્યો હતો ત્યાં તો સીધી એક ગોળી તેની છાતીમાં આવી વાગી. તે પડયો, પણ પડયો તેવો જ ફરી ઊભો થયો. ત્યાં તો બીજી ગોળી આવી ને તેની છાતીમાં ઘૂસી. તે ભયંકર રીતે ઘવાયો. છતાં તેની શુદ્ધ સાન હજુ કંઇક ઠેકાણે હતી. પણ ત્યાં તો ફરી દારૂગોળો ફૂટયો ને એના ધડાકા સાથે તેનો ડાબો હાથ પીંખાઇ ગયો. પુષ્કળ લોહી વહેવા માંડયું ને તે બેશુદ્ધ બન્યો.

તે ભાનમાં આવ્યો ને તેને ખબર પડી કે તેનો પક્ષ વિજયી થયો ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો. ડાબો હાથ ખોવા માટે કશો સંતાપ ન અનુભવતાં હસતો હસતો તે બોલ્યો, 'જમણા હાથને વધુ કીર્તિભાગી બનાવવા મેં તે ગુમાવ્યો છે.' અને એ સાચું હતું. જમણા હાથે જ તેની કલમે તેને અવિસ્મરણીય કીર્તિ અપાવી છે. આ સમયોચિત બહાદુરીનો બદલો પણ તેણે મેળવ્યો અને તે 'અલ મંકો દ લેપાન્ટો'નો ખિતાબ.

ત્યારબાદ નાવારિનો અને ટ્યૂનિસની લડાઇમાં આગળ પડતો ભાગ લઇ, ઇ. ૧૫૭૫ના સપ્ટેંબરની અધવચ્ચે અલસોલના વહાણમાં પોતાના ભાઇ રોડરિગો ને બીજા સાથીઓ સાથે તે વતન જવા ઊપડ્યો. પણ રસ્તામાં જ દુશ્મન વહાણોના હાથમાં સપડાયો. જો કે એણે મુકાબલો તો કર્યો જ, પણ એ નાનું હોડકું એ ત્રણ તોતીંગ વહાણો સામે કેટલી ઝીક ઝીલી શકે? બધા જ એ વહાણોના કપ્તાન અર્નો મામીના હાથમાં કેદ પકડાયા.

અર્નો મામી અલજીરિયાની આજુબાજુ કેન્દ્રિત ચાંચીઆ સંસ્થાનોનો મુખી હતો. એની ચાંચીઆગીરીને દબાવી દેવા કોઇ રાષ્ટ્ર શક્તિશાળી નહોતું નીવડ્યું. અલસોલમાંના બધા કેદીઓને તેણે ગુલામો તરીકે વેચી દીધા. સર્વાન્ટિસને નસીબે દલી મામી નામક એક ગ્રીક ચાંચીઓ માલિક તરીકે આવ્યો. કમનસીબે અગત્યના કાગળો સર્વાન્ટિસના ખીસામાંથી તેને મળી આવ્યા. એ ગ્રીક ચાંચીઆએ તે પરથી તેને કોઇ અફસર ધારી ખૂબ જુલમ વરસાવવા માંડ્યો.

પણ તરત દલી મામીએ ધાર્યું કે એ ગુલામની વધુ કીમત ઊપજવી શક્ય હતી. તેણે સર્વાન્ટિસને સારી કીમતે અલજીરિયાના તુર્ક સુબા હસન પાશાને વેચ્યો. કિસ્મતની આ બધી ખેલદિલી સર્વાન્ટિસ પારમાર્થી ધૈર્યથી અનુભવી રહ્યો. વીતરાગ થઇને નહિ, પણ આજે તેની અમર લેખાતી કૃતિ 'ડૉન કિવકઝોટ'માં તે ઉતારવા તેની નાજુકમાં નાજુક ઝીણવટને પણ હૃદયમાં સંઘરી રાખતો.

હસનપાશા પાસે તો અનેક ગુલામો હતા ને અસંખ્ય તાવણીઓમાં તવાતા. પાદરીઓ સુદ્ધાં હતા. સર્વાન્ટિસને એ બધી તાવણી જોઇ પોતાને માટે ન થતી એટલી લાગણી એ હમવતનીઓ માટે થતી. એ સહાનુભૂતિએ લઇ તે બધાનો સલાહકાર ને આશ્વાસક બન્યો હતો. એ રીતે તેનું પોતાનું દુઃખ કમી થતું.

દિવસો વીતવા લાગ્યા પણ દુઃખનો અંત તો દૂર જ રહ્યો. આશાનું એકે કિરણ પણ ક્યાંઇ પ્રકટીકરણ પામે એ અસંભવિત હતું. એની સાથે જ હસનના કારાગૃહમાં ઇસુના ૨૫૦૦૦ અનુયાયીઓ રીબાઇ રહ્યા હતા. દિન પ્રતિદિન એ રિબામણીને નવાં જ રૂપ લેતી જતી જોઇ સર્વાન્ટિસે છેવટ એ બધાવને છોડાવવાની એક યોજના રચી.

ગમે તેટલી ચોકસાઇથી કામ લેવા છતાં કોઇ વખત અકસ્માતથી તો કોઇ વખત જાસુસોની ગફલતથી તેની યોજના પડી ભાંગતી ને તેનું પરિણામ તો વધુ જાલિમગીરી ગુજરવા સિવાય શું હોઈ શકે? બે વખત તો આ યોજનાના ઉત્પાદક તરીકે તેને સુલતાન પાસે ખડો કરવામાં આવેલો ને એ બંને યે વખત બધા કેદીઓએ પોતાની સઘળાની અંદર સામેલગીરી હોવાનું જાહેર કરી તેને બચાવી લીધેલો.

પણ આથી તેના મુક્તિપ્રયાસો અટકે તેમ ન હતું. છેવટ સ્પેનના રાજા ફિલિપ બીજાને ચોરી છૂપીથી એક કાગળ મોકલાવી શકવા તે શક્તિમાન થયો. ફિલીપ અલજિયર્સ પર બહારથી હલ્લો લાવે તો અંદરથી એ બળવો જગાવે ને ત્યાં સ્પેનનું નિશાન ફરકતું બને એવી તેમાં તેણે સૂચના કરેલી. પણ ફિલિપ પોર્ટુગાલની લડાઇમાં ઇસ્લામીઓ સામે સંડોવાએલો હોઈ એ તરફ ધ્યાન ન આપ્યું ને સર્વાન્ટિસનું નસીબ તો વધુ ને વધુ બદતર બનતું ચાલ્યું.

હસન પાશાએ સર્વાન્ટિસની મુક્તિ માટે સ્પેન પાસેથી જબરી રકમ માગેલી. સર્વાન્ટિસનું કુટુંબ આ બધો વખત તે માટે પ્રયાસ કરતું રહેલું. અરજીઓ ને યાચનાઓ કરવામાં પણ કૈં બાકી ન રહેલું.

આ બાજુ સર્વાન્ટિસે પણ કોઇ પ્રયત્ન બાકી ન રાખેલો. તેણે ઓરાનના ગવર્નરને છૂપો કાગળ લખ્યો પણ એ જાહેર થઈ ગયો ને બે હજાર ફટકાની સજા તેને ખમવી પડી. તેની પીઠ માર ખાઇ ખાઇને એવી તો બની ગઇ હતી કે લગભગ બધા રંગના શેરડા તે પર ઊઠી આવેલા.

તેના બાપ રોડરિગો દ સર્વાન્ટિસે ૧૮૫૭માં એક અરજી કરી જોઇ. તેણે પોતાના પુત્રની આગલી આખી યે જ્વલંત કારકીર્દિનો પણ તેમાં ઉલ્લેખ કર્યો. પણ કશું વળ્યું નહિ. સેસાના ડ્યુકે થોડીઘણી મદદ આપી, જ્યારે બાકીની રકમ રોડરિગોએ રાચરચીલું વેચી ઊભી કરી ને જુઆં ગિલ નામક એક સાધુને તેણે એ રકમ સાથે વૅલેન્શિયાથી રવાના કર્યો.

૧૫૮૦ના મેની આખરે જિલ અલજિયર્સ પહોંચ્યો. બરાબર અણીને ટાંકણે જ તે પહોંચ્યો હતો, કારણ હસન પાશાની સુબાગીરી પૂરી થઇ હતી ને

કોન્સ્ટુનતુનિયા ઉપડવા તેનું વહાણ તૈયાર હતું. સાંકળો બાંધેલા સર્વાન્ટિસને પણ સાથે લઇ જવા તેણે ધસડાવી બહાર કઢાવેલો. થોડાંક નાણાં ખૂટ્યાં પણ તે ત્યાંના ઉદારદિલ ખ્રિસ્તી વેપારીઓએ ભરપાઇ કરી આપ્યાં અને સર્વાન્ટિસને છુટકારો મળ્યો.



જગતભરમાં એની પ્રતિભા પ્રસરાવનારૂં 'ડૉન ક્વિક્ઝોટ' જેલમાં જ લખાયું (એફ. મદ્રાનિયા)

સર્વાન્ટિસની દશા હવે લડાઇથી ફારેગ બનેલા બીજા સૈનિકો જેવી જ બદકિસ્મત બની. દેશ તેની સેવાગણત્રીમાં લાવવા તૈયાર ન હતો. તે બેકાર બન્યો.


થોડા અરસાની રખડપાટ બાદ તે પોર્ટુગાલ ગયો. હવે એ સૈનિકજીવનથી કંટાળી ગયો હતો એટલે અવશેષ જીવન સાહિત્યની સેવામાં જ તેણે ગાળવાનો નિશ્ચય કર્યો. ત્યાં જ ગમીર કુટુંબની એક કુમારિકા સાથે તે લગ્નથી જોડાયો, જેનાથી એક પુત્રી જન્મેલી.

નિર્ભેળ સાહિત્યસેવા કેવી દોહ્યલી હોય છે એ તો એ ધંધામાં પડનાર જ જાણે. જીવનનિર્વાહ પૂરતી રોજી પણ એમાંથી ભાગ્યે નીકળે તેમ હતું. સર્વાન્ટિસે થિયેટરો તરફ નજર દોડાવી ને એક પછી એક એમ ત્રીસ નાટકો એણે લખી નાખ્યાં. 'લા ન્યુમૅન્સિઆ' અને 'અલટ્રેટો દ આર્જિલ' વખણાયાં પણ ખરાં, પણ ત્યારના સ્પેનના સાહિત્યકાર લોપી દ વેગાની કીર્તિનું પડ તેને બહાર ન આવવા દેવા લાગ્યું. આવું આત્મવિલોપન તે સહન ન કરી શક્યો ને ગુજરાન માટે કોઇ નવો રસ્તો શોધવા પાછળ તે મંડ્યો. નાટકો લખવાનું તેણે સદંતર બંધ કર્યું. અસીમ ખડતલપણા ને સેનાની શાન સાથે કલ્પનાની અત્યુચ્ચ ભૂમિકા પર વિહાર કરી શકનાર કોઇ વ્યક્તિ આવો ભૂખમરો વેઠે એ આશ્ચર્ય નથી? છતાં સર્વાન્ટિસ તે વેઠતો હતો ને એટલી હદ સુધી વેઠી રહ્યા હતો કે ઇ. ૧૫૯૦માં એક સૂટનું કાપડ ખરીદવા જેટલા પૈસા પણ તેની પાસે રહ્યા ન હતા.

ગરજનો માર્યો સર્વાન્ટિસ એક વેપારી વહાણમાં જોડાયો. તેની બધી બુદ્ધિ હવે અંદાલુસિયાના વેપારીઓ પાસેથી ધાન, દારૂ, તેલ જેવા પદાર્થોના સોદા કરવામાં જ વપરાવા લાગી. પણ તેને પોતાની શક્તિનું ભાન હતું. જીવનની એ ઘરેડથી એ ત્રાસી ઊઠ્યો ને ફરી એક વાર સાહિત્યક્ષેત્રમાં ઝંપલાવ્યું. કોઇક રોડરિગો ઓસોરિયોથી તેણે દર પચાસ ડ્યુકની કીંમતે છ નાટકો લખી આપવાનો કબાલો કર્યો પણ એવી શરતે કે એ નાટકો સ્પેનમાં સર્વોત્તમ હોવાં જોઇએ. એ કબાલો તો ઊંચો જ રહ્યો ને વચ્ચે એક નવી જ ભાંડગીલી ઊભી થઇ. એણે માદ્રિદ મોકલવા અમુક સરકારી રકમ એક આડતિયાને સોંપેલી તે રકમ લઇને એ નાસી ગયો ને બધું ભરણું ભરવાનું સર્વાન્ટિસને જ માથે આવ્યું.

સર્વાન્ટિસે એ કબૂલ રાખ્યું ને પેટપૂરતી મજૂરીમાંથી પણ અમુક બચત રાખી તે સરકારમાં ભરવા લાગ્યો, પણ પછી એ પણ કમી થતી ગઇ. આથી ભરણું થઇ ન શક્યું ને તેનું પરિણામ તો એ જ આવ્યું કે જે રાજા ખાતર તેણે જિજીવિષા જતી કરેલી એ જ રાજાએ તેને સેવાઇલીની જેલમાં પુરાવ્યો. વર્ષ આખરે તે તેમાંથી છૂટ્યો. આ બધા યે વખત દરમિયાન માનવતાના તેને થએલા અનુભવોની તેના ચુંદેચુંદમાં એવી જલતી ફિલસૂફી રચાતી જતી હતી કે જે બધી યે 'ડૉન ક્વિક્ઝૉટ' રૂપે મૂર્તિમંત નજરે પડે છે.

શિકારીને શિકાર જેમ વધુ તરફડે તેમ ઓર લિજ્જત આવે છે, તેવી જ મઝા પોતાને મળેલા શિકાર સર્વાન્ટિસને તરફડાવવામાં કિસ્મતને આવતી હતી. પ્રથમ જેલમાંથી બહાર નીકળી તે કર ઉઘરાવનાર બન્યો. પણ નાના નાનાં પ્રદેશોમાં વહેંચાઇ ગએલા ત્યારના સ્પેનના એક ગામડામાં તેના પર હલ્લો કરવામાં આવ્યો ને તે ફરી જેલમાં ઠોકાયો,



લડાઇનાં ઘેરાં ધૂવાંભર્યાં વાદળોની ખુશબો લેતો તે ઊભો ત્યાં તો દુશ્મન વહાણ સામે આવી લાગતું જણાયું. (એફ. મટાનિયા)

કારણુ એક ગુલામના માલિક સાથે તેને તકરાર થએલી!

અને ત્યાર બાદ પણુ કમનસીબીએ કંઇ કેડો છોડયો ન હતો. જેલમાંથી છૂટી ઘેર આવતાં એક ખૂબ ઘવાએલો સૈનિક તેણે જોયો ને સારવાર માટે લાવતો હતો ત્યાં હાથમાં જ તેનું મૃત્યુ થયું. ગુનેગાર ગણી આ વખતે તો એકલા સર્વાન્ટિસને જ નહિ પણુ તેના આખા કુટુંબને જેલમાં ઠોકી દેવામાં આવ્યું!


હીણાએલા અને નાસીપાસ થએલા સર્વાન્ટિસને તો આ છેલ્લી જેલ કીર્તિદા બની. આ જેલમા જ જગતભરમાં તેની પ્રતિભાની પિછાન કરાવનારા કાર્યનું મંગળાચરણુ થયું. એમાંથી મુક્ત થતી વખતે હવે પહેલાં જેવો વિષાદ તેને ચહેરે ન હતો. આછું સ્મિત હતું ને બગલમાં કાગળિયાંનો એક થોકડો હતો. 'ડોન કિવકઝોટ'નો તેણે લખેલો એ પહેલો ભાગ હતો. એનો બીજો ભાગ ત્યાર બાદ ઠેઠ ચોવીસ વર્ષે છપાયો!

ને છેલ્લે, જીવનના સંધ્યાકાળે વિદાયગ્રંથ 'પર્સાઇલ્ઝ ઇ સિજિસ્મુન્ડા' બહાર પાડ્યો જે આજ સુધી પણુ જગતસાહિત્યનાં વિદાયકાવ્યોમાં અજોડ ગણાય છે.

અને એ લખ્યા બાદ ત્રણુ જ મહિને ૧૬૧૬ના એપ્રિલની ૧૩મીએ કૅલી દ લીઓં મુકામે તેણે આખરી વિદાય લઇ લીધી. જેની કબ્રનું સ્થાન પણુ આજ દિવસ સુધી અનિશ્ચિત રહ્યું છે એવા એ દુર્ભાગી લેખકનાં ગ્રંથો વાંચવા આજ સવા ત્રણસો વર્ષ થયાં જનતા ઉલટતી રહેલી છે. જેવા ને તેવા રસથી ફરી ને ફરીવાર તે એ વાંચે છે, તેની પ્રશંસા કરે છે, ને રડે પણુ છે. વિલિયમ કલન બ્રાઉન એ મહાનુભાવને યોગ્ય જ અંજલિ આપે છે, કે

To thy renown the centuries bring
No shadow of a coming night.
The keen bright shafts which thou
didst fling
At folly still are keen and bright.

અશોક હર્ષ



અલ્જીરિયાના તુર્ક સુબા હસન પાશાને ત્યાં ગુલામ તરીકે વેચાતો દુર્ભાગી સાહિત્યકાર સર્વાન્ટિસ
(ચિત્રકાર: એફ મટાનિયા · વિગત માટે જુઓ આ અંકમાંનું સર્વાન્ટિસનુ ચરિત્ર)
Courtesy : F. Matania and 'Britania and Eve'

એમ. એફ. મટાનિયા

આજના બ્રિટિશ કલાકારોનાં અગ્રગણ્ય નામોમાં મિ. મટાનિયાએ બે દશકાથી પોતાની પ્રતિભા વડે પ્રથમ પંક્તિ ટકાવી રાખી છે. ચિત્રોની સંપૂર્ણ વિગતો અને તવારીખ સાચવી, કળાની સર્વતઃ ભાવના સાચવતાં ક્રિયાશુદ્ધિપૂર્ણ ચિત્રો રચવામાં તે ફ્રાન્સના ગસ્તવ દોરેનું સ્મરણ આપે છે. જગતના આદિ કાળથી માંડી છેલ્લામાં છેલ્લા રાજદ્વારી કે સાંસારિક પ્રસંગો ચીતરવામાં તે અજોડ નીવડ્યા છે. પ્રિન્સ ઑવ વેલ્સ ૧૯૧૨માં હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે તેમની સવારીમાં મિ. મટાનિયા હતા. ધાંધલ અને ઝડપી કામકાજના એ દિવસોમાં તેમણે પહેલા જ અઠવાડિયામાં 'સ્ફીઅર' નામક સચિત્ર પત્રનાં છ એવડાં પાનાં ભરી હિંદનાં જે ચિત્ર રજૂ કર્યાં હતાં તેનાં ચોટ, સ્મૃતિ અને આલેખને તેમને આજ સુધી બીનહરીફ રાખ્યા છે.'લંડન ન્યૂસ' 'બ્રિટાનિયા અન્ડ ઈવ' અને બીજાં ઘણાં બ્રિટિશ પત્રોના તે સિન્ડીકેટેડ આર્ટિસ્ટ છે. મહાયુદ્ધ વખતે ઇસ્પીતાલમાં એક સૈનિક પાસે બેઠાંબેઠાં વર્ણન સાંભળી તેમણે જે ચિત્ર ચીતરેલું તે જોઈ એક સૈનિક બોલી ઊઠેલો, 'યા ખુદા, તમે પણ સાથે જ હતા કે શું?' આવી આર્ષદૃષ્ટિ સાથે ઇતિહાસકની અભ્યાસદૃષ્ટિ સંયોજી એમણે 'Old Tales Retold નામની એક કથામાળા જાતે જ લખી, જાતે જ ચીતરીને પ્રસિદ્ધ કરવા માડી છે, જે તેમની પ્રતિભામાં કલાકાર ને સાહિત્યકારનો કેવો સમન્વય યોજાયો છે તેનું સચોટ ઉદાહરણ પૂરૂં પાડે છે. આ અંકમાં આપેલાં સર્વાન્ટિસનાં ચરિત્રાત્મક ચિત્રો એમની પીછીની વાનગી છે; તથા ચરિત્રની કથાવસ્તુનો મોટો ભાગ, એની પાછળ જે ઐતિહાસિક અન્વેષણ અને વિવિધ યુગોનાં પાત્ર, દૃશ્યો, પદાર્થો, રાહરસમો તથા ભાવનાવિધાન એમણે ઉતાર્યાં છે તે વિષયની એમની શક્તિનો સારો પરચો આપે છે.

મને તો માનવ આત્માઓની સુગંધ આવતી લાગે છે.

એક પડઘો

● આવું મને જ લાગે છે કે એમાં કંઇ સત્ય છે તેનો નિર્ણય આપતો એક પત્ર મને પૃથ્વીના ત્રીજા જ ખૂણેથી મળ્યો છે. એ લખનાર આ અક્ષરમૈત્રિની ભાવના વિકસાવવા શું કરી રહેલ છે તેનો ખ્યાલ તેના પત્રથી જ મળશે. ગયા પાનાને છેડે રજૂ કરેલા એ પત્રમાંના તેના હસ્તાક્ષરો પણ અક્ષર-લેખનની કળાનો એક અતિ સુંદર નમૂનો છે. એ લખે છે કે:

"તમે મારા પત્રના મથાળા પરથી જોઇ શક્યા હશો કે હું 'My Friend Abroad' (અનુસંધાન પૃ. ૫૩૨ મે)

OUR FRIENDS ABROAD

અક્ષરમૈત્રિના અભિલાષીઓ

Dear Correspondent Friends,

I shall thank you all and the editor of 'The Open Road for Boys' for the kind feelings you have shown to me by an overwhelming flow of letters. I, being unable to reply each of them separately, am putting your addresses before the readers of 'Kumar' in the list below and I am sure you will find response from a good number of Indian readers who will not fail to write to you interesting things about themselves and their land of ancient culture and outstanding modern events.

With best wishes and
New Year's Greetings,

(December 1938) Ravishanker Raval

● આ નીચે જણાવેલાં અમેરિકન કુમારો અને કુમારિકાઓને પત્ર લખનારા મિત્રો જોઇએ છે. એક જણે તો એક જ શાળામાંથી એક સાથે એક જ પત્રમાં વીસ નામો ઉમર સાથે મોકલી આપ્યાં છે. બધાનું સરનામું એક જ છે: Ithaca (Michigan) U. S. A.

કુમારિકાઓ

Beverley Dunn
Wanda Margolt
Lois Sanders
Jean Stone (age 16)
Betty McClellard(17)
Erma Naffzizer (17)
Noren Peters (16)
Grace Vedder (16)
Mary Knowlton (16)
Virginia Cowdry(17)
Virginia Wilson (15)
June Will (16)
Arlene Kannett (14)
Audrey Conblin (14)
Jean Simmit
Betty Parling
Dorothy Dionise
Phyllis McAdam

કુમારો

Thomas Bartshe (18)
Carl Hegle (16)
Ted McAdam (16)

Robert Witt,409West 3rd st. Hays, Kansas (U. S. A.) ઉમર વર્ષ ૧૬. ઉંચાઇ ૫ ફૂ. ૧૧ ઇંચ. વજન ૧૪૦ રતલ. પિતા બાંધકામ મિસ્ત્રી છે. તેનું ગામ ૫૦ વર્ષનું જૂનું, ૬૦૦૦ની વસતિવાળું ને કિલ્લેબંદીવાળું છે. ગામનો મુખ્ય ધંધો ઘઉંની ખેતી, ઢોરઉછેર ને તેલનો વેપાર છે. લોકોમાં અંગ્રેજી જેટલી જ જર્મન ને રશિયન બોલનારા છે. પોતાને ટિકીટો સંઘરવાનો શોખ છે, અને હિંદમાંથી કોઇ પત્રમિત્રની રાહ જુએ છે. ભાષાની ભૂલ તરફ નહિ જુએ.

Ray Daniel, 3609 Narrison St. Amasillo, Texas (U. S. A.). બે જોડીઆ ભાઇઓ, એક જ સ્વરૂપના, ૧૩ વર્ષના એક ભાઇ ૩૧મી ડીસેમ્બરે જન્મ્યો ને બીજો પાંચ કલાક રહીને જાન્યુઆરીની ૧લીએ જન્મ્યો, એટલે બંનેની સાલમાં વર્ષનો તફાવત લેખાય! લખવે રમૂજી જણાય છે.

Bill Ellis, Hunnewell, Kansas(U.S.A.). વર્ષ ૧૫. છબી અને બે સિક્કા મોકલ્યા છે. પોતાના ગામમાં હાઇસ્કૂલ નહિ હોવાથી બસ મારફત બાજુના ગામમાં ત્રણ માઈલ દૂર જાય છે. મલાયા અને હવાઇ ટાપુના મિત્રો જોડે પત્રવ્યવહાર બાંધ્યો છે. ઘરની નાની હોડીમાં બાજુની ખાડીઓ અને નદીના વહેનમાં ફિશિંગ કરવાનો શોખ છે. હિંદમાં કેવી મોટરો ફરે છે તે જાણવા માગે છે. પોતાને ઘેર ૧૯૩૫ની ફૉર્ડ V. 8 ગાડી છે.

Miss Janet Marie Haskell તેનો નાનો ભાઇ Stanley W. Haskel 4 Exter Park No Combridge, Mass. (U.S.A.) બેને કાગળ લખ્યો છે. ૧૫ વર્ષની, એ બ્લ્યુ આંખોવાળી. હાઇસ્કૂલમાં ભણે છે. કૉલેજમાં જઈ ચાર વર્ષમાં કળા અને લેખનના વિષયો લેવા ધારે છે. હિંદના પત્રો માટે ઇંતેજાર છે. ભાઇ–બેન મોજથી લખે એવાં છે.

Jeanne Fuller,387 Glenn circle Deatur,Georgia (U. S. A.). કૉલેજમાં છે. ૨૨ વર્ષના મિત્ર જોડે પત્રવ્યવહાર માગે છે. ફોટોગ્રાફી જાણે છે. સીધા સ્વભાવનો તરુણ છે.

Ted Rich, 1004 Frankland Street Walla Walla, Washington (U.S.A.).

Henry, Owain, Wright, Wain St. Elleridge, Maryland (U.S.A.) ઉમર વર્ષ ૧૮

Stanley Thomas, R. R. 1 Canton, Kansas (U. S. A.)

Howard Jones,1229 Maniton St. Muskogee, Okle (U. S. A.) ઉમર વર્ષ ૧૪ (to be continued)

પચાસ વરસ પહેલાં

સરજાએલા યુરેપથી યે મહાન એવા એક સામ્રાજ્યની કથા,–જેણે બ્રિટનના મોંઘા મહારથી ગૉર્ડનનો જીવ લીધો



થોડાઘણા ભાલા કે બરછીથી અને બાકીના લાઠીઓથી સજ્જ માહદીના અનુયાયીઓ બહાર નીકળી પડ્યા.

'આપણી સંસ્કૃતિનો ધરમૂળથી નાશ થવા બેઠો છે.'

'એક અઠવાડિયું રહીને યે શું બનશે તે કોઇ કળી શકતું નથી.'

કર્નલ વિલ્સનની શિકારટોળી સરમુખત્યારોની ઉદ્દંડતા ને નાગરિક સ્વાતંત્ર્યના થએલા હ્રાસ પર વાર્તાલાપ ચલાવી રહી હતી ત્યાં છેલ્લું વાક્ય સાંભળી કર્નલ પોતે બોલી ઊઠ્યો: 'એડવર્ડ, આવો બળાપો કરનાર તું એકલો નથી. ને એમાં અમુક હદે કંઇ તથ્ય પણ હશે, કારણ સંસ્કૃતિ હમેશાં અસ્થિર છે.'

સિત્તેર વર્ષની નિશાનીઓ આંકેલા ભારે ચહેરાની ભરાવદાર મૂછો નીચે મલકતા એ પુરાણા પઠ્ઠા ખેલાડીને સૌ એકચિત્ત સાંભળી રહ્યા. તાપણું સંકોરતાં વળી એણે આગળ ચલાવ્યું:

'પચાસ વરસ પહેલાં—હા, બરાબર પચાસ વરસ પહેલાં મેં યુરોપથી યે મહાન એવા એક સામ્રાજ્યનો ઝડપી અને ઓચિંતો ઉગમ જોએલો. મહારાણી વિક્ટોરિયા, ગ્લૅડસ્ટન, ગૉર્ડન, ક્રોમર, વુલ્સ્લી, કિચ્નર, ચાર્લી બીરેસ્ફર્ડ જેવા સત્યનિષ્ઠ ને નિર્ભીક નરપુંગવોના કાળના એ દિવસો આજે સંભારતાં પણ મને અસીમ ગૌરવ ઊપજે છે, કારણ એમાં મારો—અલબત્ત નજીવો, છતાં મારો—ભાગ પણ હતો.'

એટલું કહી તે ઊઠ્યો ને ત્રાપાના હલેસા જેવો વિચિત્ર ને પહોળી ફણાનો લાકડાનો એક ભાલો ઉપાડી લાવ્યો. એના પરના એક ડાઘ તરફ આંગળી ચીંધતાં એણે પૂછ્યું, 'જાણો છો આ શું છે?'

'રંગ?' એડવર્ડ માર્શાટરે પ્રશ્ન કર્યો.

'ગૉર્ડનનું લોહી!'

કર્નલના આ સાદા સીધા ઉત્તરે બધાને મૂક બનાવી દીધા. થોડી વારની નિઃસ્તબ્ધતા પછી એ આખી વાત એણે અમને સંભળાવી.

મિસરની સરકાર સામે ઊઠેલા બળવાખોરોને કસાસિન નજીક લૉર્ડ વુલ્સ્લીએ હરાવ્યા ને ત્યાર બાદ મિસરી લશ્કરને કેળવવા માટે ખેદીવની સરકારના મંત્રી તરીકે સર એવેલીન બેરિંગ—પાછળથી પ્રખ્યાત લૉર્ડ ક્રોમર—ની નિમણુક થઇ ત્યારે હું યે બીજા કેટલાક અમલદારો સાથે પહેલવહેલો મિસરમાં ઊતરલો. મિસર ને સુદાનની સદા યુદ્ધપ્રિય સરહદ પરની એ નોકરી ખૂબ સાહસિક ને કુશળમાં કુશળ કામગીરી માગી લે એવી હોઇ, એ માટેના તરુણોની ચૂંટણીમાં મારા યે થએલા સમાવેશથી હું ખૂબ ખુશ થએલો.

મને ખાસ રસ તો ત્યાંની ભાષાઓમાં હતો. એકલી અરબી જ નહિ, સુદાનીઓની પણ કેટલી યે ભાષાઓ હું પ્રમુક્ત બોલી શકતો. એ દક્ષતાથી મારી કારકિર્દી યે વેગવતી બની ને થોડા વખતમાં મને છાવણીના જીવનમાંથી ફારેગ કરી, મેજર હર્બર્ટ કિચનરના હાથ નીચે જાસૂસીખાતામાં લઇ લેવામાં આવ્યો.

અને કિચનર ત્યારે કેવો હતો? તમે તો એને

એક શોષિત પ્રજાની આઝાદી સામે



એક ગધેડા પર જ જેની બધી અસ્કયામત સમાઇ જતી હતી તે ચીંથરેહાલ પરંતુ શેરદિલ આરબ અબ્દુલહુઇ સાથે હું ચાલી નીકળ્યો.

જેનામાં પોતાનો બધો ઇતબાર મૂકી આપણે દેશ ૧૯૧૪માં પોતાનું સ્વાતંત્ર્ય રક્ષવા ઊભો થએલો એ બ્રિટનના ભૂતકાળના ગ્રેટ હાઇ કૉન્સ્ટેબલ તરીકે ઓળખતા હશો, પણ એ મિસરી દિવસોમાં એણે હજુ પચીસી જ વટાવી હતી. ત્યારે એની પાછળ એવી કોઇ સિદ્ધિ નહોતી કે એ પોતાનો માર્ગ કરી શકે. પણ તે છતાં, ત્યારે યે તેની છાપ સાધારણ માણસથી અધિક હતી. એનું ફરમાનદાર વ્યક્તિત્વ એની કાતિલ ભૂરી આંખો વડે જાણે માણસના મગજને તળિયે પડેલા વિચારો ફંફોળવા મથતું. એ લોખંડી પુરુષ હતો—જેવી શરીરયષ્ટિ લોખંડી, એવી જ લોખંડી સંકલ્પશક્તિ. ફરજ, એ જ માત્ર એ અથાક કાર્યશીલ પુરુષનું ધ્યેય હતું, ને એની ખરદારીમાં એ કોઇને બાકી નહોતો રાખતો—પોતાને યે નહિ. પણ એના હાથ નીચે દિલથી કામ કરનારાઓનો તો તે પ્રેરણાપૂર્ણ અધિનાયક હતો ને તેના વિશ્વાસપાત્રોનો આજીવન મિત્ર.

અલબત્ત, એ અસીમ કાર્યવાહી—ચિંતા ભરી છતાં પ્રોત્સાહપૂર્ણ કાર્યવાહીના દિવસો હતા. મિસરનો મામલો થાળે પડ્યો ન પડ્યો ત્યાં તો સુદાનમાં એક નવો ખોફ ઊભો થયો. ઊંટની પીઠ પર હજારો માઇલ રખડતો ને એક સામટું દસ માણસોનું કામ કરતો કુશળ સેનાધ્યક્ષ ચાર્લ્સ ગૉર્ડન—ચાઇનીઝ ગૉર્ડન—સુદાન છોડી ગયો હતો ને તેની જગ્યા ખાર્ટૂમમાં મિસરી ગવર્નર જનરલે લીધી હતી.

આફ્રિકાની સુદાનની એ પહોળી ચીરાટ આરબો, હબશીઓ ને મિશ્રિતોના અસંતોષથી ખદબદતી હતી. બંને બહાદુર પ્રજા હતી. જાતીય ઝગડા અને અદેખાઇમાંથી એ ઊંચી નહોતી આવતી, પણ પોતાના શાસકોને તો એ સંપૂર્ણ ધિક્કારતી રહેતી ને બધાને દહેશત રહેતી કે એમનું ઐકય યોજનારૂં કોઇ નવું પરિબળ પેદા થયું તો તુર્ક આધિપત્યના દિવસો પૂરા થયા વિના નહિ રહે.

એવા એ શંકિત કાળે એક દિવસે કિચનરે મને તેની ઑફિસમાં બોલાવ્યો. ‘જો, વિલ્સન,’ એણે પોતાની લાક્ષણિક ખરબચડી ભાષામાં જ કહ્યું, ‘ખાર્ટૂમની દક્ષિણે આખા ટાપુ પર એક નવો ફકીર જાગ્યો છે. ખાર્ટૂમના વડા ધર્માધિકારી સાથે ઝગડો જામતાં એણે પોતાનો નવો જ ફિરકો જમાવવા માંડ્યો છે ને તેની આસપાસ લોકો એકઠા થતા જ

બ્રિટનના નિર્ભીક નરપુંગવો કિચનર ને ગૉર્ડનના ફરમાનદાર વ્યક્તિત્વે બજાવેલી કામગીરીની અને એને અંતે એકનો ઉદય અને બીજાનો વિલય આલેખતી કથા

જાય છે, એટલે તેના પર નજર રાખવી જરૂરી છે. મને મળેલી બાતમી અપૂર્ણ છે, પણ એ માણસ મહત્ત્વનો લાગે છે. મારે તને ત્યાં ખાસ મોકલવો છે. તેં દેશીઓના નકાબમાં અવારનવાર સારી કામગીરી બતાવેલી છે એ મને માલૂમ છે. આ તો કંઈ એવી અઘરી યે નથી. આજે રાતે જ ચાહે તે રસ્તે તેની પાસે પહોંચી જા ને બને તેટલો એના અનુયાયીઓમાં ભળતો રહે.'

એ લોખંડી સેનાપતિના અભિનંદને પ્રોત્સાહિત થતો હું નીકળ્યો ને મારી તૈયારીઓની પેરવીમાં પડ્યો.

તમે જાણો છો તેમ પૂર્વમાં ધર્મગુરુઓ તરફ લોકોની ખૂબ સંમાનની લાગણી હોય છે, એટલે મેં યે એક હલકા દરજ્જાના દરવેશનો વેશ લીધો. સાથે આ લાકડાનો ભાલો લીધો. એક ફાટેલો ઝભ્ભો પહેર્યો ને દાઢીમૂછ અનિયંત્રિત ઉગાડ્યાં.

અબ્બા ટાપુ પર હું પહોંચ્યો ત્યારે મહમ્મદ અહમદ તો ત્યાં ન દેખાયો, પણ તેના અનુયાયીઓ થોકબંધ જણાયા. કશું અણધાર્યું બનવાની ચોક્કસ આગાહી થઈ રહી હતી. મેં એ નવા ઝાહીદની ત્યાં અવનવી વાતો સાંભળી. અમારા જાસુસ એક ગ્રીક દુકાનદાર પાસેથી ખબર મળ્યા કે અત્યારે તે કુર્દુફાન મુકામે એક શેખની કબર પર રોજો ચણાવી રહ્યો હતો ને ત્યાં જ તેના અનુયાયીઓને ખુત્બો આપતો. આ જાસુસનો પાછળથી કરુણ અંત આવેલો.

એક રાત એક ગામડામાં પસાર કરી, સવારે હું ભીખ માગતો નીકળ્યો, ત્યારે ચૌટામાં દર્ફુર ભાષા બોલતા તાશી જાતના એક ગરીબ અરબની લોકોને મશ્કરી કરતા સાંભળ્યા. સાથે એક ગધેડા પર મશક ને ધાનના બોરામાં જ એ અરબની અસ્કયામત સમાઈ જતી. તેણે મહમ્મદ અહમદને મળવાની ઇચ્છા બતાવી એટલે એક આગેવાન ગામડિયો બધા મશ્કરી કરનારાને બંધ પાડી તેને મહમ્મદ અહમદ પાસે દોરી જવા લાગ્યો. મોકો વિચારી, મેં યે બૂમ પાડી, 'મહમ્મદ અહમદ!' ને પેલા ગામડિયાએ મને યે સાથે લીધો.

હું એ ચીંથરેહાલ પરંતુ શેરદિલ અરબ અબ્દુલહુઈ અલ તાશી સાથે ચાલી નીકળ્યો ત્યારે કલ્પના યે ન હતી કે માત્ર એક ગધેડાનો મિલકતદાર એ ભિખારી એક દિવસે એક મહાન સામ્રાજ્યનો ખલીફા બનશે. અને એથી યે ઓછો એ દિવસનો ખ્યાલ હતો કે ચૌદ વરસની એ આપખુદ સત્તા પછી ઓમદરમાનના મેદાનમાં પાછો એક ગધેડાની જ મિલકત સાથે તે ચાલી નીકળશે. છતાં મારે કહેવું જોઈએ કે મને તેના તરફ માનની લાગણી હતી. પૈસા સિવાય એની પાસે બધું હતું—કદાચ વધુ. એની જાતિનું ગૌરવ, એની મર્દાનગી ને એનું ખડતલપણું એના પૌરુષને ઝેબ અપાવતાં હતાં.

આખરે અમે મસલ્લામિયા પહોંચ્યા, જ્યાં મહમ્મદ અહમદ રોજો ચણી રહ્યો હતો. રણની આખી કંધાર પરથી ઘોડા, ઊંટ ને ગધેડા પર કે પગપાળા તેના અનુયાયીઓના કાફલા આવ્યે જ રહ્યા હતા. એ મામૂલી હોડીવાળાએ કઈ તરકીબથી એ અભણ અજ્ઞાન પ્રજામાં આઝાદીનો આવો આવેશ પેદા કર્યો હશે એ એક રહસ્ય છે.

તમને કદાચ નવાઈ લાગશે કે એક અંગ્રેજ થઈને એક દેશી પ્રત્યે મને કેમ આટલી બધી લાગણી ઉભરાઈ આવી, પણ હું કસમ ખાઈને કહું છું કે મહમ્મદ અહમદને જોયા પહેલાં કે પછી બીજા કોઈ માણસથી હું આટલો અંજાયો નથી. એ સોહામણા અરબની કાળી આંખો માયાળુતાથી મરકતી રહેતી, છતાં એની સત્તાવાહકતા પણ એટલી જ હતી. તેની હાજરીમાં જ એટલી તાકાત હતી કે વર્ણવી ન શકાય. ને તેનો અવાજ તો જાણે હૃદયના ગૂઢતમ તારોને યે ઝણઝણાવી દે એવો હતો. વર્ષો પછી અબ્દુલહુઈએ તેના કેદી રૂડોલ્ફ સ્લેટિનને કહેલું તેમ ઈસ્લામી જગતનો એ માહદી અલ મુન્તઝર હતો.

અમે એ રણમાં તાકુલમાં જ સૂઈ રહેતા. અબ્દુલહુઈનું તાકુલ મહમ્મદની નજીક જ હતું. ઘણીવાર તે રોજા પર જતો. ને એ રોજિંદી ગુફતેગોથી જ દુનિયાને ખળભળાવી દેનારો તેમનો સંબંધ બંધાયો.

ઉત્થાનની ખબર તો ખાર્ટૂમ પહોંચી જ ગએલી. થોડા દિવસ થયા ત્યાં તો એક સરકારી ખેપિયો

આવ્યો ને મહમ્મદ અહમદને તેની બધી કાર્યવાહી ત્યાંના દરબારમાં પેશ કરવાનો સંદેશો આપ્યો. મહમ્મદે સંદેશો ફેંકી દીધો ને છાતી ઠોકી બોલ્યો, 'ખુદા ને ખુદાના રસુલે મને આ મુલકનો ખેરખ્વાહ નીમ્યો છે. એમાં દસ્તનદાજી કરવાનો કોઇને અધિકાર નથી.'

ખેપિયો પાછો વળ્યો. માહદી બળવાની શરૂઆત થઇ ચૂકી. અમને ખાતરી જ હતી કે એ દબાવી દેવા લશ્કર આવી જ પહોંચવાનું. જો કે મારી ફરજ અને શાણપણ એજ હતું કે ખાર્ટૂમ જઇ બધા સમાચારો પહોંચાડવા, પણ હું એ ચીંથરેહાલ જમાત પર એટલો મુગ્ધ હતો કે તેને છોડવાનું મને મન જ ન થતું.

અમને ખબર મળ્યા કે ગવર્નર જનરલે નદીરસ્તે બે કંપનીઓને એક તોપ સાથે રવાના કરેલી. પણ તેણે એ બેમાંથી જે માહદીને જીવતો કે મૂઓ પકડી લાવે તેને પ્રોમોશન આપવાનું કહેલું. પરિણામે બંનેમાં ઝગડો જામ્યો ને અરધે રસ્તે નોખી પડી, બંનેએ જુદે જુદે રસ્તે આગળ વધવા માંડ્યું. અંધારામાં સામસામા આવી લાગતાં પોતામાં જ બંનેએ ગોળીબાર શરૂ કર્યો, ત્યાં તો થોડા ઘણા ભાલા ને બરછી ને બાકીના લાઠીઓથી સજ થએલા માહદીના સંતાએલા અનુયાયીઓ બહાર નીકળી પડ્યા ને એવો તો ધસારો કર્યો કે થોડા ઘણા જે સ્ટીમરમાં પાછા નાસી છૂટ્યા તે સિવાયના બધાનો ઘાણ વળી ગયો.

આના જવાબરૂપે આનાથી યે જબરાં લશ્કરો આવી પહોંચવાની માહદીને ખાતરી હતી, એટલે એણે પેગંબર જેમ હિજરત કરવાનો વિચાર કર્યો. એ હિજરતે ઉપડતાં પહેલાં એણે ચાર ખલીફા નીમ્યા, જેમાં પહેલે નંબરે અબ્દુલહુઇ હતો. ઇતિહાસમાં પણ એ 'ખલીફા' નામે જ ઓળખાયો છે.

હું પ્રારંભમાં જ ખાર્ટૂમ સરી ગયો, એટલે જબિલ માસા સુધીની એ હિજરતનું દશ્ય હું ન દેખી શક્યો. પણ ખલીફાના કેદી રૂડોલ્ફ સ્લેટિને તેના જ વર્ણન પરથી પોતાના પુસ્તકમાં એ બયાન આબેહૂબ ઉતાર્યું છે. ગરીબમાં ગરીબ લોકો તેમાં શામિલ હતા, જ્યારે મધ્યમ ને ઉપલો વર્ગ તો તે કેટલે અંશે સફળ થાય છે એની રાહ જોતા રહ્યા હતા. અર્ધો ભૂખે મરતો, થાકયો પાકયો ને પગે છાલા પડેલો એ આખો મિસ્કીન કાફલો રણ વીંધી આગળ ને આગળ વધી રહ્યો હતો. ધાવણાં બાળકો સાથે ખલીફાનું યે આખું કુટુંબ સાથે હતું. બાળકોનું ભૂખથી રડવું સાંભળી ખલીફાનું દિલ દ્રવી ઊઠતું, પણ માહદીના પાવિત્ર્ય, ઓજસ્ ને એતબારથી ઝળહળતા ચહેરા સામું જોઇ એ બધું વીસરી જતો.

હું કાઇરો પહોંચ્યો ત્યાં એક ચોંકાવનારા સમાચાર મળ્યા. ખૂબ ઉત્સાહી છતાં કાબેલિયત વિનાનો કાશોદાનો ગવર્નર માહદીને જડમૂળથી ઉખેડવાનો નિર્ણય કરી નીકળેલો, પણ માહદી સામે એના ૧૫૦૦ના લશ્કરમાંથી જણબચ્ચો બચવા નહોતો પામ્યો. આ છેલ્લા આક્રમણથી માહદીને હથિયારો, દારૂગોળો, તોપો વગેરે સરંજામ પણ હાથ લાગી ગએલો. ને એની જેહાદના વાવંટોળમાં નાની નાની ચોકીઓનો તો વહેલો જ નાશ થઇ ગએલો. માત્ર મોટી મોટી કિલ્લેબંદીઓ ટકેલી. આખો દેશ સળગી ઊઠ્યો હતો. સુદાનભરમાં સર્વત્ર માહદીની જ આણ વર્તી રહી હતી.

'મિસરના સુલતાનને કોઇ પણ ઉપાયે સુદાન કબજે રાખવું છે,' કિચનર બોલ્યો, 'ને તે રિટાયર્ડ હિંદી અફસર હિકસને ખાર્ટૂમ મોકલવાની પેરવીમાં છે. બ્રિટિશ સરકારે આમ ન કરવા દેવું જોઇએ, પણ ગ્લૅડસ્ટન આવી ગૃહબાબતોમાં માથું મારવા ના પાડે છે.'

હિકસ પોતાના લશ્કરની ખાર્ટૂમમાં પુનઃરચના કરી રહ્યો હતો. રૂડોલ્ફ સ્લેટિન ઑસ્ટ્રિયન અફસર હતો ને ગૉર્ડનના વખતમાં તેનો ઍસિસ્ટંટ હતો. અત્યારે દર્ફુરમાં માહદીના લશ્કરથી તે ઘેરાઇ ગયો હતો ને હિકસ તેને છોડાવવા ઉપડતો હતો, એટલે કિચનરે મને પાછો ત્યાં મોકલ્યો.

રસ્તામાં જ મેં કુર્દુફાનના મુખ્ય શહેર અલઉબૈદનું પતન સાંભળ્યું. માહદીનું શરણું ન સ્વીકારનારાનો થએલો ઘાત પણ સાંભળ્યો. હિકસની વાત તો પ્રખ્યાત છે, એટલે એની પુનરુક્તિ કરવી જરૂરની નથી. એનું લશ્કર, યુદ્ધ માટે ઉપડેલાં લશ્કરોમાં કંગાલમાં કંગાલ હતું—તાલીમ, શિસ્ત, કે સાહસ વિનાનું.

મેં એ લશ્કરના સર્વનાશની વાત સાંભળી ને પાછો કાઇરો પહોંચ્યો. સુદાનીઓએ આખરે પોતાની આઝાદી હાંસલ કરી હતી. પણ એક જબરો કોયડો ઊભો થયો હતો. ખાર્ટૂમ સિવાયનાં સઘળાં થાણાં ઘેરાઇ ગયાં હતાં ને માહદી ખાર્ટૂમ માટે નીકળી ચૂક્યો હતો.

બ્રિટિશ ગૅરિસન્સને બચાવવા બ્રિટનનો લોકઅવાજ એકીમતે ગૅાર્ડનની હિમાયત કરવા લાગ્યો. ગ્લૅડસ્ટને પહેલે તો દાદ ન આપી, પણ લોકઅવાજનું પ્રાબલ્ય વધતું જ ગયું ને આખરે ગૅાર્ડન સુદાનના પરિત્રાણ અર્થે ઊતર્યો. માહદીને પણ એ સમાચારો મળ્યા, પણ એણે તો લાપરવાહીથી આગળ વધ્યે જ રાખ્યું.

ગૅાર્ડન માનવોત્તર કામગીરી બજાવ્યે જતો, પણ માહદીના અનુયાયીઓ તીડોનાં ટોળાં જેમ ધાડાં ને ધાડાં લેખે ઊતરતાં જતાં હતાં. કાઇરો સાથેનો સંબંધ પણ એમણે કાપી નાખેલો. મોટા સૈન્ય વગર ગૅાર્ડનને ઊગરવાની હવે વક્કી ન હતી.

આખી બ્રિટિશ પ્રજાને ને મહારાણી વિક્ટોરિયાને યે હવે ચિંતા પેઠી કે ગૅાર્ડનને પાછો કેમ આણવો. માત્ર ગ્લૅડસ્ટન ઠંડે કલેજે હતો. ગૅાર્ડને પણ પાછા ફરવાની ના પાડી દીધેલી. નાઇલની નાની નાની સ્ટીમરોને એણે ગનબોટોમાં ફેરવી નાખેલી. ખોરાકી ખૂટતાં રોજની બે પેશી ખજૂર પર એણે સૈન્ય ટકાવી રાખેલું. એ ચિંતાભર્યા વાતાવરણમાં ગ્લૅડસ્ટને લોકમતને નમતું આપ્યાના નવા સમાચાર આવ્યા કે વુલ્સ્લીની સરદારી નીચે 'ધી ગૅાર્ડન રીલીફ એક્સ્પીડીશન' શરૂ થઇ ગઇ છે.

હિકસના લશ્કરના નાશ પછી દર્ફુરના ગવર્નર રૂડોલ્ફ સ્લૅટિનને માહદીને તાબે થવા ફરજ પડી હતી. પણ એથી વિચિત્ર વાત અમારે કાને એ આવી હતી કે તેણે મુસલમાન ધર્મ સ્વીકાર્યો હતો ને માહદીએ તેને પોતાની ઘોડેસવાર ટુકડીનો કમાન્ડર નીમ્યો હતો.

'હું સ્લૅટિનને બરાબર પિછાનું છું એટલે આ અફવા નથી માનતો,' કિચનરે કહ્યું, 'પરંતુ કોઇ પણ ઉપાયે માહદી સંબંધે આપણને સંપૂર્ણ હકીકત મળવી જોઇએ. વિલ્સન, તારાથી એ બનશે?'

'કોશિષ કરૂં, સાહેબ.' મેં જવાબ આપ્યો.

'તો તો સારૂં. અત્યારે જ ઉપડી જા.'

હું ઉપડ્યો ને કશા અંતરાય વગર સફેદ નાઇલને પશ્ચિમ કિનારે માહદીના મથક પર પહોંચી ગયો—જૂના દરવેશી ઝભ્ભામાં જ. મારા જૂના સાથી અબ્દુલહુઇને મળ્યો. હવે તો તે માહદીનો કમાન્ડર ઇન ચીફ ને તેના સામ્રાજ્યનો મુખ્ય ખલીફા હતો. મારા અને મારા લાકડાના ભાલા પર નજર પડતાં જ તેના કડક હોઠ પર સ્મિત આવ્યું ને માણસોને મારા ખાણાનો બંદોબસ્ત કરવા આજ્ઞા કરી.


થોડી વાર રહી એ માહદીની મુલાકાતે ઉપડ્યો એટલે મેં છાની રીતે સ્લૅટિનની તપાસ કરવા માંડી. માહદીના તંબૂની નજીકના જ એક તંબૂમાં તે મળી ગયો. તડકાથી એ કાળો ભઠ પડી ગયો હતો. તેની કોઇ દરકાર પણ કરતું નહોતું. નવાઇની વાત તો એ હતી કે બધા, ખલીફા સુદ્ધાં, તેને ગૅાર્ડનનો ભત્રીજો અને ગૅાર્ડનને મહારાણી વિક્ટોરિયાનો ધણી ધારતા. મેં એને ખાર્તૂમ આવતા લશ્કરની વાત કરી. એ લશ્કર પર કિચનરની, ગૅાર્ડનની કે અમારી જ નહિ પણ સમસ્ત બ્રિટિશ સામ્રાજ્યની નજર હતી.

માહદી ને તેના માણસોએ પણ બાયુદાના રણમાંથી ધસી આવતા એ ૨૦૦૦ના દળની વાત સાંભળી. હિકસના લશ્કર જેમ તેને યે કચડી નાખવા માટે માહદીની દુવા લઈ એ 'ડેઝર્ટ કૉલમ'ને ઝબે કરવા ૧૦,૦૦૦ના લશ્કરને કૂચ કરતું અમે જોયું. હું ને સ્લૅટિન કેટલી દર્દનાક આતુરતાથી તેનું પરિણામ જોવા ઇંતેજાર રહ્યા હશું તે તમે કલ્પી શકશો. ભૂંજાએલી રેતી પર આગળ વધતું બ્રિટિશ લશ્કર અમારી નજરમાં જ રમી રહ્યું હતું.

ત્યાં એક દિવસ ઓચિંતો ઓરતોના રૂદનનો અવાજ અમારે કાને આવ્યો. તપાસ કરતાં માલૂમ પડ્યું કે બ્રિટિશ સૈન્યે અસાધારણ શૌર્ય બતાવી માહદીના લશ્કરને હરાવ્યું હતું. આ સમાચારે અમારામાં અવર્ણ્ય ઉત્સાહ પ્રગટાવ્યો.

માહદી ને તેના કપ્તાનો હવે મૂંઝાયા. અંગ્રેજો માત્ર ૧૨૦ માઇલ દૂર હતા, ને થોડા દિવસોમાં—નહિ, થોડા જ કલાકોમાં આવી પહોંચે એમ હતું. ભય ને નિઃસ્તબ્ધતાનું વાતાવરણ વરતી રહ્યું. ઘણાખરા અમીરોએ તો અલઉબૈદ પીછેહઠ કરવાની પણ સલાહ આપી, પણ માહદી કે ખલીફા કોઇએ એ કાયર પગલું લેવું મુનાસિબ ન ધાર્યું. તાબડતોબ ખાર્તૂમ શહેર પર ધસી જવાનો જ એમણે ઇલાજ યોજ્યો.

જાન્યુઆરીની પચીસમી તારીખની સાંજે માહદીએ પોતાનું સૈન્ય સામે કિનારે ગોઠવ્યું ને રાત પડતાં ચોરી છુપીથી આગળ વધવા માંડ્યું. સામે ગૅાર્ડને પોતાના થાકેલા (અનુસંધાન આગળ પૃ. ૫૪૪મે)



ઉત્તર તથા દક્ષિણ ગોળાર્ધમાંથી આકાશગંગા કેવી દેખાય છે તે દર્શાવતાં બે ચિત્રો. ત્રીજું, દૂરબીન વડે દેખાતા તેના એક ભાગનુ છે.

દુનિયાના હરેક આદમીને ફાળે વીસ વીસ તારા આવે એટલા નિરવધિ તારાઓથી ખીચોખીચ ભરેલી અને પ્રકાશની ઝડપે પણ જેને પહોંચતાં બે લાખ ને વીસ હજાર વર્ષ લાગે એટલે દૂર આવેલી

અનંતના બુરખા જેવી આકાશપટે પથરાએલી


આકાશગંગા

નિરભ્ર રાતોએ આકાશમાં એક નજર નાખતાં અનંતના બુરખા જેવો એક ધોળો પટો આરપાર ચાલ્યો જતો જણાશે. પૃથ્વીને કોઇ પણ ખૂણેથી, ઉત્તર ધ્રુવ કે દખ્ખણ ધ્રુવ, મહાસાગર કે પર્વતો કે ઠેઠ ચન્દ્ર પર જઇને તમે જુઓ તો યે એ પટો જેવો ને તેવો દેખાવાનો. ખાલ્ડીઆના લોકોએ તો તેને પ્રભુને પ્રચ્છન્ન રાખતો પરદો માની લીધેલો, અને કુરાન તથા બાઇબલમાં હજુ એ માન્યતા મળી આવે છે. આપણા આર્યોએ તેને આકાશમાં વહેતી ગંગા માની તેને સ્વર્મંદાકિનીનું નામ આપ્યું, જેને પ્રાકૃતજનો 'આકાશગંગા'ના નામે ઓળખીએ છીએ.

આખી પૃથ્વી પરથી આમ આકાશગંગા દેખાયા કરે છે તેનું કારણ, આપણી પૃથ્વી—અરે, સમગ્ર સૂર્યમાળા એનો એક ભાગ જ છે. અને છતાં પૃથ્વીથી એટલી અલગ દેખાવાનું કારણ તેનું ગજબનાક છેટું છે. આપણું તો એ જ વિશ્વ છે. મધદરિયે હંકારતું વહાણ જેમ પૃથ્વીની વસતિથી અલિપ્ત નથી તેમ આપણું સૌરજગત પણ આકાશગંગાથી અલિપ્ત નથી.

ત્યારે આ આકાશગંગા છે શું ? દૂરબીનોની શોધ થઇ તે પહેલાં તો તેને પ્રકાશિત વાદળું જ કલ્પી લેવામાં આવેલું. પછી ગેલિલીઓના નાનકડા દૂરબીને ખાતરી કરાવી કે એ તો આખો પટો નાના-મોટા તારાઓનો બનેલો છે. તે એટલા બધા નજીકનજીક છે, ને તેમાંનો મોટો ભાગ એટલો બધો ઝાંખો છે કે આપણને તે પ્રકાશિત ધુમ્મસ જેવું જણાય છે. એ આખા પટાનું સામે પાને આપેલું ચિત્ર જુઓ. બહિર્ગોળ આકારના એ પટાની મધ્યમાં જે ગીચોગીચ ભાગ આવેલો છે તે તારાઓનો બનેલો છે. એ ગીચોગીચ ભાગમાં જ કોઇ ખૂણે આપણો સૂર્ય ને તેનો પરિવાર આવેલો છે. તમને જાણીને અચંબો થશે કે એ તારાઓમાંનો નજીકમાં નજીકનો તારો પણ આપણાથી ૨૫૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલ દૂર છે!

હવે આપણે એ તારાઓના પ્રમાણ અને કદ પર આવીએ. અલબત્ત, ચોકસ આંકડો ન આપી શકાય, પણ દુનિયાના જબરામાં જબરા દૂરબીને આકાશગંગાના દોઢ અબજ તારાઓના ફોટોગ્રાફ લીધેલા છે! એ સિવાય કેટલા યે અદૃશ્ય રહેલા છે. કેટલાક તેનો કુલ આંક ત્રીસ અબજનો મૂકે છે તો કેટલાક સો અબજનો. પણ એવા આંકડા મગજમાં ભરવા કરતાં સર જેમ્સ જીન્સની આ તરકીબ સરળ-



આકાશગંગાનો વાસ્તવિક ખ્યાલ આપવાનો પ્રયાસ કરતું આ આલેખન છે એમાંના ટપકાં તારાઓ સૂચવે છે, જે તેના મધ્યભાગે ખૂબ ખચિત જણાય છે. એ ખચિત ભાગને જ કોઈ ખૂણે એના ગ્રહમંડળના સમસ્ત પરિવાર સહિત આપણો સૂર્ય આવેલો છે.

તાથી યાદ રહી જાય એવી છે કે આકાશગંગાના તારાની વહેંચણી કરીએ તો દુનિયાના સ્ત્રી પુરુષ કે બાળક દરેક જણને ભાગે વીસ તારા આવે!

અને આકાશગંગાના કદનો ખ્યાલ આવવો એ તો એથી યે દુર્ગમ છે. ધારો કે તેની બહારની કોરાણ પરથી તમે પ્રકાશની ઝડપે (એક સેકંડે એક લાખ ને છયાશી હજાર માઇલની ઝડપે) એને પાર કરવા ઊડો છો તો તમને કેટલો વખત લાગે? કલ્પો છો? બે લાખ ને વીસ હજાર પ્રકાશ વરસ!!

ખગોળશાસ્ત્રીઓ આકાશગંગાના આ વર્તુલને 'Galactic system' નામે ઓળખે છે. તેમણે એનાં કદ ને માપ જ નહિ, વજન સુદ્ધાં કાઢ્યું છે. જોકે એ 'અંદાજ' જ કહી શકાય. પ્રોફેસર ઍડિંગ્ટનનો આ અંદાજ આજે સર્વમાન્ય છે કે આપણા સૂર્ય કરતાં તેનું વજન ૨૭૦ અબજ ગણું છે. આપણા સૂર્યનું ૯,૩૦,૦૦,૦૦૦ માઇલનું છેટું આપણને હેબકાવી નાખે છે, પણ આકાશગંગામાં આખું સૌર જગત એક તરતા બિંદુ જેવું જ છે, ને ૨,૨૦,૦૦૦ પ્રકાશ વર્ષના માપના એક વર્તુલમાં તે તર્યા કરે છે.

પણ આટલા બધા તારાઓનું પ્રમાણ ધરાવવા છતાં, આટલી બધી વિપુલ અને ભારે છતાં આકાશગંગા આખી એક સમૂહ રૂપે છે. આ સમૂહ કેમ એકત્ર રહે છે? એમાંના અસંખ્ય તારા શા માટે અવકાશમાં ધસી જતા નથી? આનો જવાબ સામા પ્રશ્નથી જ આપી શકાય કે અણુના પરમાણુઓ એકત્ર કેમ રહે છે? ઝાડ પરથી ફળ નીચે કેમ પડે છે? હવે તમે સમજી ગયા હશો કે એના પાછળ ગુરુત્વાકર્ષણનું જ કારણ રહેલું છે.

તો પછી સવાલ એ ઊપજે છે કે ગુરુત્વાકર્ષણનું પરિબળ તેના પર કામ કરવા છતાં તે પૃથ્વી કે સૂર્ય જેમ ગોળાકાર ન પકડતાં આવા સ્વરૂપે કેમ રહી છે? આપણી પૃથ્વી ગોળ બની છે તેનું કારણ એ ફૂદડી ફરતી રહેતી હોવાથી કેન્દ્રાર્તી પ્રક્રિયા (centrifugal action)ને આધારે તેનું પેટાળ ફૂલી ગયું ને તે ગોળ બની, પણ બિલકુલ ગોળ નહિ, કારણ ધ્રુવપ્રદેશો આગળ તે ચપટી છે. આકાશગંગા યે એમ ફૂદડી તો ફરે છે, પણ પૃથ્વી જેમ રોજ નહિ; ૩૦ કરોડ વરસે એક!

આ આકાશગંગામાં તારાઓ ખૂબ ગીચોગીચ આવેલા છે એમ ઉપર જણાવી ગયા. પણ એ ગીચોગીચતા એટલે આપણા મેળાઓમાં જામતી ઠઠ જેવી ગીચોગીચતા નહિ. જો કે આપણને તો દૂરબીનથી જોતાં યે તેમાંના તારાઓ ખૂબ ગીચ લાગે. એ બધા તારાઓ ચલાયમાન છે ને એક્સપ્રેસ ટ્રેનથી યે હજારગણી ઝડપે તેઓ મુસાફરી કરી રહ્યા હોય છે. જો આપણી કલ્પના મુજબ એ ગીચોગીચ હોય તો એક બીજામાં અથડાઇ તેમના ફુરચા ઊડી જાય અને ખરતા તારાઓને યે ભૂલાવે એવી તારકવર્ષા પૃથ્વી પર અહર્નિશ પડયા કરે. પણ એમાંના બે તારાઓનું છેટું યે આપણે કલ્પી શકીએ એથી યે કરોડો માઇલનું છે. એમાંનો એકેક તારો એવો એકાકી મુસાફર છે, જેની આસપાસનો કરોડોનો કરોડ માઇલ પટ બિલકુલ વેરાન છે. બે તારાઓને અથડાવાનો પ્રસંગ તો, સર જેમ્સ જીન્સના કહેવા મુજબ, દસ લાખ વડે દસ લાખના ગુણાકારને પાછા દસ લાખે ગુણીએ એટલા વરસમાં એક જ વખત આવે છે!

અને એ તારાઓની વ્યક્તિગત ખાસીઅત પણ અજબ વૈવિધ્ય ધરાવે છે. પ્રકાશના બધા જ ક્રમાંતરો એ ધરાવે છે; અલબત્ત, એનું મુખ્ય કારણ તો એમની જુદી જુદી છેટાઇમા રહેલું છે, પણ એમનું આભ્યંતર તેજ (intrinsic brilliance) પણ એમાં ભાગ ભજવે છે. આપણી પૃથ્વી પરની એકાદ તેજોજ્જ્વલ દીવાદાંડી ને આગિયાના પ્રકાશમાં જેટલું અંતર રહે એટલું અંતર તેમાંના પ્રકાશિતમાં પ્રકાશિતથી ઝાંખામાં ઝાંખા તારા વચ્ચે રહેલું હોય છે. કેટલાકના પૃષ્ઠનું ઉષ્ણુતામાન (surface tempera-

ture) ૨૦૦૦૦° c જેટલું હોય છે તો કેટલાકનું ૩૦૦૦° c થી યે ઓછું હોય છે. આકોચવિકાસ પ્રમાણે તેમના તેજમાં ફેર પડતો જાય છે. એમાંના કેટલાક તો દંપતી જેમ એક બીજાની આસપાસ ફુદડી ફર્યાં કરે છે, પણ એવા બહુ થોડા. મોટો ભાગ તો આપણા સૂર્ય જેવા અનૂઢ તારકો (bachelor stars) નો જ રહ્યો છે.

આકાશગંગા તેના માર્ગના બે તૃતીયાંશ સુધી તો સપાટ વહી જતી હોય એમ લાગે છે, પણ પછી સૂર્યથી બીજા નંબરનો આપણો પડોશી તારો 'આલ્ફા સેન્ટૉરી' જ્યાં આવેલો છે ત્યાં પ્રવાહમાં જાણે કંઇ અંતરાય નડ્યો હોય એમ બે ભાગમાં ફંટાઇ જાય છે ને એ ખાંચ (great cleft) વટાવી પાછી મળી જાય છે. એ ખાંચ પણ ખાલી તો નથી જ. તારક પ્રકાશોની રંગલીલા તેમાં નિત્ય જામતી રહે છે, એટલે એને એ બુરખાનું થીગડું કહી શકાય, કાણું નહિ. એ થીગડું હજારો પ્રકાશવર્ષોનું બનેલું છે. તેનો સમૂહ અણુઓ કરતાં મોટાં કણોનો બનેલો હોવો જોઇએ, કારણ પ્રકાશના વેવ-લેન્ગ્થ જેવડા પદાર્થકણોની પારદર્શકતા વિશેષ હોય છે.

વળી આ આકાશગંગામાં કેટલીક કાળી ફાટો (fissures) જણાય છે. એમના બંધારણને પણ ઉપલો જ નિયમ લાગુ પડે. ખગોળવેત્તાઓ એમને અંધારી નિહારિકાઓ કહે છે. એ અંધારી નિહારિકા એટલે એવો વિશાળ નિરાકાર સમૂહ કે જેમાં લાખો સૂર્યો હાલવી દેવાય તો યે પ્રકાશનું એકે કિરણ બહાર નીકળવા ન પામે!

આકાશગંગાનો સામાન્ય ખ્યાલ આટલા પરથી આવી જશે. અત્યાર સુધી તો આકાશમાં આવી એક જ આકાશગંગા માનવામાં આવતી પણ છેલ્લે છેલ્લે ખગોળશાસ્ત્રીઓએ શોધી કાઢ્યું છે કે અમુક પ્રકાશબિન્દુઓને પહેલાં જે તારાઓ માની લેવામાં આવેલા એ ખરી રીતે તો આપણી આકાશગંગાની અકલ્પ્ય છેટાઇએ આવેલાં એના જેવાં જ વિશ્વો છે!

પ્રોફેસર શૅપ્લેએ આપણી આકાશગંગાનું માપ પણ કાઢ્યું છે. તેના જણાવવા મુજબ તેની લંબાઇ બે લાખ પ્રકાશવર્ષ ને પહોળાઇ દસ હજાર પ્રકાશવર્ષ છે. આપણે કલ્પી શકીએ એટલા વધુમાં વધુ ઝડપવાળા સાધને પણ આખી માનવજાતનો નાશ થઇ જાય એટલા કાળમાં યે આપણે એને પાર ન કરી શકીએ. આ ઓછું કુતૂહલ છે? અને આપણામાં આકાશમાં નજર માંડતા રહેવાનો ઉત્સાહ ને ઊઠતી જિજ્ઞાસાનું સાંત્વન કરવાની ખંત હોય તો અનંત અવકાશમાં એવાં તો અનેક કુતૂહલો ભર્યાં પડ્યાં છે.

'અનિકેત'

પચાસ વરસ પહેલાં. . . . . (અનુસંધાન પૃ. ૫૪૧થી)

ને હતાશ થએલા સૈનિકોમાં હોશદિલી આણવા બૅંડ વગાડવાનું શરૂ કર્યું. એની આંખો દર્દભર્યે દિલે ખાર્ટૂમનું પરિત્રાણ કરવા આવતા સૈન્યની નિશાની શોધતી ક્ષિતિજ પર મંડાઇ રહી હતી. ફક્ત આ છેલ્લો હલ્લો ગૉર્ડન ખાળી રાખે તો? હું ને સ્લેટિન મટકું યે માર્યા વગર આખી રાત જાગતા રહ્યા.

સવાર પડ્યું ત્યાં તો ત્રણ દેશીઓ અમારા તરફ ધસ્યા આવતા દેખાયા. તેમાંના એકના હાથમાં લોહી નીંગળતા કપડામાં કંઇક વીંટાળેલું હતું. અમારી નજીક આવતાં જ એ કપડું એણે ખોલ્યું. એ હતું ગૉર્ડનનું વધેરાએલું મસ્તક!! એની ભુરી આંખો ખુલ્લી જ રહેલી ને ચહેરા પર આછો મુસ્કેરાટ તરવરતો.

'જો, જો, આ તારા કાફર કાકાનું સર!' દિઙ્મૂઢ બની ગએલા સ્લેટિનને પેલા દેશીએ સંભળાવ્યું. હું યે સ્તબ્ધ બની ગએલો, પણ મારા દરવેશના દરજ્જા પ્રમાણે યાંત્રિક રીતે તેના લોહીમાં મારે આ ભાલો બોળવો પડ્યો.

સર લઇને દેશીઓ માહદીના તંબૂએ પહોંચ્યા. આખી છાવણી ખાલી થઇ ગઇ ને આફ્રિકાની જંગાલિયત છૂટીદોર થઇ શહેર લૂંટવા ધસી ગઇ. માહદી પગ પર પગ ચડાવી તેના તાકુલને દરવાજે ભાલામાં પરોવાએલા ગૉર્ડનના મસ્તકને ઊંડા ચિંતનથી નજરાવી રહ્યો હતો. અફસોસ, કે અનેક બાબતોમાં એકબીજાની સમાન એ નરવીરો સુખી કાળમાં એકબીજાના અતલગના દોસ્ત બનત તે ત્યારે દુશ્મન બની ચૂકેલા.

(અંગ્રેજી પરથી) **અશોક હર્ષ**



જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ પંદરમું · મારું ભણતર

જરા યે નોંધપાત્ર વિદ્યાર્થી હું હતો એવું ભણતી વેળાએ કે આજે યે મેં માન્યું નથી. પ્રતિભાશાળી ને આદરપાત્ર વિદ્યાર્થીઓની શ્રેણીથી ઘણે છેવાડે પડેલો મેં પોતાને સદા ભાળ્યો છે. સૌ પહેલાં જ્યારે મેં ભવભૂતિની રત્નમણિ સાથે દીકરીની ઉપમા સાંભળી ત્યારે અપૂર્વ આનંદ અનુભવ્યો. મનમાં કઠતું ઠોઠપણાનું દુઃખ આટલી સમવેદનાપૂર્ણ રીતે અને મધુરતાથી કોઇએ પ્રગટ કર્યું જાણ્યું નથી. છતાં પોતાના ભણતર વિષે પાનાં ચીતરવા બેઠો છું તે એ આશાએ કે શીખનાર અને શીખવનાર વચ્ચે કેટકેટલા અખાતો અને આંતરા પડેલા હોય છે, કોરા ભેજામાં ઘુસેલી સમજ કેવી સચોટ હોય છે અને કલ્પનાઓના દરોડા મનને કેવું ભમાવી મૂકે છે એનો કંઈક ખ્યાલ એ પરથી મળે.

અમારી શાળાનો દેખાવ સોહામણો ન હતો. ભૂખ જેવાં પતરાંનું અળખામણું એ મકાન હતું. બાજુમાં જ ખરતા માટીના પોપડાનું અને ઘાસના ગળતા છાપરાનું એક ઝૂંપડું હતું. વચ્ચેનું આંગણું એટલું સાંકડું હતું કે એમાં મર્દાની રમતો અમે ન રમી શકતા. ઓસરી પણ માંડ બે ખાટલા સમાય એવી હતી અને ફૂલવાડી જેવું કંઇ ન હતું. દરવાજા સામે જ ઊંચો ટીંબો હોવાથી ક્ષિતિજ રૂંધાઇ જતી હતી. પાછલા ભાગમાં તરછોડાએલા બેચાર ફળઝાડનો વેરાન બગીચો હતો. અને આમ છતાં નિશાળના એ સ્થળની ચોમેર મારી આખી મનઃસૃષ્ટિ રચાએલી છે. નિશાળના એ ઓરડામાં બેસીને તેમજ નિશાળની બહાર બીજે ક્યાં યે બેસીને મેં જે કંઇ કવિતાઓ અને આખ્યાનો સાંભળ્યાં તે બધાની કલ્પનાસૃષ્ટિ એ ભૂખ જેવા ઘરની જ આસપાસ ગુંથાઇ છે; એટલું જ નહિ પણ આજે હિંદુસ્તાનમાં આવ્યે પચ્ચીસ વરસ વીત્યા પછી પણ દસ વરસની એ નાની ઉમરે નજર સામે જે કલ્પનાચિત્રો ખડાં થતાં તે જ અત્યારે પણ થાય છે. કૃષ્ણ–સુદામાની ગોઠડી હજી પણ જ્યારે સાંભળું કે વાંચું છું ત્યારે પેલો ઘાસનો સાથરો અમારી શાળાના સાંકડા ઓરડામાં પથરાએલો નજરે તરે છે. તથા તેના પર બેઠેલા સુદામા ને કૃષ્ણ ધક્કામુક્કી કરતા કલ્પાય છે. ઋષિપત્નીએ દોણી માગી અને કૃષ્ણે લાંબો હાથ કરીને તે આપી તે વાંચતાની સાથે પેલા ઘાસના ઝૂંપડાની ગોખ જેવી બારીમાંથી લંબાઇ શાળાની વચ્ચોવચ ચૂલા પાસે પહોંચતા લાંબા હાથનું દૃશ્ય ખડું થઇ જાય છે. સુદામાની સ્ત્રી સુદામાને કહે છે 'બાળકો રાખમાં સૂઈ રહે છે,' એ જાણે એ જ ઝૂંપડાની પશ્ચિમે ગળાડૂબ રાખમાં આળોટતાં જોઉં છું. અને મૂશળધાર વરસાદથી ઘેરાએલા તથા માથે લાકડાનો ભારો બાંધેલા ત્રણે વિદ્યાર્થીને સાંદીપની ઋષિ એ શાળાની સીધાણે આવેલા નાળાને પેલે પાર શોધી કાઢતા નજરે ચડે છે. ભણતા કૌરવોને ઝોલા ખાતાં અને બહાર રહી બધી વિદ્યા હજમ કરી જતા અર્જુનને એ જ માટીના ઝૂંપડાના બારસાખમાં ઊભેલો જોઉં છું. ધ્રુવજી તપશ્ચર્યા માટે નીકળે છે અને નારદમુનિ એમને રોકે છે એ સ્થાન અમારી એ શાળાના ખેતરની વાડેવાડે જતા રસ્તા પર પેલા ઊંચા ટીંબા પર સ્પષ્ટ ભાળું છું. વળી ઋતુપર્ણને લઇને બાહુક આવે છે ને પછી વિના અગ્નિએ ને વિના કડછીએ રસોઇ કરે છે એ જગ્યા એ શાળા પાસે ન હોતાં. ત્યાંથી સારી પેઠે દૂર નવી લાયબ્રેરી અને પુરુષોત્તમદાસભાઇના ઘર વચ્ચે આવેલી નજરે ચડે છે; પણ દમયંતી બાળકોને મોસાળ વળાવે છે એ જગ્યા તો અમે જ્યાં બેસી સાપ્તાહિક પરીક્ષાઓ આપતા એ ઓસરી જ હોવાનું જણાય છે.

ત્યાં વાંચેલી વાતોનાં જ દૃશ્યો મારા મનમાં આમ ગોઠવાઇ ગયાં છે એમ નથી. અહીં હિંદુસ્તાનમાં આવી વીસ વર્ષની ઉમરે ઉપનિષદની કે રામાયણ ભાગવતની પહેલાં ન સાંભળી હોય એવી નવી કથા પણ જ્યારે મેં વાંચી કે સાંભળી છે ત્યારે પણ મારી સમક્ષ ફીનિક્સની એ શાળાનાં જ દૃશ્યો તરી આવ્યાં છે. એવી નકામી છાપ મગજમાં ન પડવા દેવા માટે બુદ્ધિને

હજી યે ફરીફરી સાવધાન કરું છું, પણ કલ્પનાના જોર પાસે વિવેકશક્તિનું કંઇ ચાલતું નથી. સાબરમતીને તીરે વિનોબાની પ્રાસાદિક વાણીમાં ઉપનિષદની ઉપકોસલની કથા હું સંસ્કૃતમાં ભણ્યો. પરંતુ એ વેળાએ પણ મારાં કલ્પનાચક્ષુ સામે તો ફીનિક્સના એ ભુખાળવા મકાનની દક્ષિણે આવેલું ઊંચું પાનળું બકાનનું ઝાડ જ ખડું થયું; અને એની નીચે તાપણી કરી બેઠેલો ઉપકોસલ અને પલકારામાં અંતરધાન થવા ઇચ્છતા અગ્નિદેવ નજરે પડ્યા. રોજ પ્રમાણે પેલાં શ્વેત પંખી જે બ્રહ્મચારીને જ્ઞાન કરે છે તે પણ એ જ બકાન ઉપરથી નીચે જમીન પર ઊતરી આવતાં દેખા દે છે. અને દોરાથી વીંટળાએલો આશ્ચર્યમુગ્ધ બ્રહ્મચારી ત્યાં ઊભેલો દેખાય છે.

આ તો થોડાં ઉદાહરણ થયાં. બધાં પુરાણો, આખ્યાનો, ઇતિહાસ અને વાર્તાઓનું ક્ષેત્ર મારે મન લગભગ એટલામાં ને એટલામાં જ સાબિત થઇ ગયું છે.

ફીનિક્સથી આવ્યા પછી મેં એકએકથી ચડીઆતાં સૃષ્ટિસૌંદર્ય નિહાળ્યાં છે. સહ્યાદ્રિની ખીણોમાં ને આબુનાં જંગલોમાં ભટક્યો છું. હિમાલયની સમૃદ્ધિમાં વરસો સુધી વસ્યો છું. છતાં હજી યે નવાં આખ્યાનો કે કથાઓ વાંચતાં-સાંભળતાંની સાથે જ મન ફીનિક્સ જ દોડી જાય છે અને એ સ્થળની ચોપાસ કલ્પનાને ફાવરી લે છે, વૃત્તિને પવિત્ર અને મુગ્ધ બનાવી મૂકે છે અને જેમ સીનેમામાં એક પછી એક દૃશ્ય આવતાં જ જાય છે તેમ કથાનાં બધાં દૃશ્યો ફીનિક્સ શાળાની રંગભૂમિ પર આબેહૂબ ગોઠવાઇ જાય છે.

વાર્તા એ તો કલ્પનાની પવન-પાવડી, એટલે એની સંગાથે કલ્પના ઊડે એમાં નવાઇ નહિ. પણ ગીતાના વર્ગમાં યે બાપુજી ગંભીરતાથી સમજાવતા ત્યારે પણ મારી કલ્પનાના ઘોડા છૂટે દોર દોડ્યે જતા.

શ્રી ગટુલાલજીની સમશ્લોકી ગીતા રોજ ગુજરાતીમાં અમને બાપુજી ભણાવતા. ગીતાનો અર્થ શરૂ કરતાં પહેલાં પાંચ દસ મિનીટ અક્ષરો તપાસવામાં ગાળતા અને અમારી દરેકની વહીની સફાઇ તથા અક્ષરની સજાવટ તપાસતા. જે દિવસે બાપુજી અમારા અક્ષર પસંદ કરતા તે દિવસે રાજી થવાને બદલે અમે ચિંતામાં પડી જતા કે 'આવા ને આવા સુંદર અક્ષર રોજ રોજ કેવી રીતે નભાવવા; અને નહિ નભાવાય, અક્ષર બગડશે, તો તેઓ નારાજ થશે. અક્ષર તપાસી લીધા પછી ભણવામાં પૂરું ધ્યાન દેવા સંબંધી તેઓ ઉપદેશ આપતા:'ગટુલાલજી મોટા ભકત હતા. એમનું ચિત્ત ખૂબ એકાગ્ર રહેતું. દરેક વિદ્યાર્થીએ એવા જ એકાગ્ર થવું જોઇએ. ઓછામાં ઓછું, ભણતી વખતે તો જે વાંચતા હોઇએ એમાં ચિત્ત એવું પરોવી દેવું જોઇએ કે આ રસ્તા પર ઢોલનગારાં વાગતાં હોય તો પણ ખબર ન પડે. તેમાં યે ગીતાજી જો આપણે સમજવી હોય તો તો એવા એકચિત્ત ન થઇએ ત્યાં સુધી સમજાય જ નહિ. શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને ગીતાજી કહી તે અર્જુન એકધ્યાન થઇને સાંભળતો હતો ત્યારે જ કહી.' વગેરે વાતો રોજરોજ કહીને અમારા મનમાં બાપુજીએ એવી ઠાંસી દીધી હતી કે તેઓ ગીતાજી ભણાવતા હોય ત્યારે બારીની બહાર નજર કરવાની યે અમારી હિંમત ન ચાલતી. મન બીજી જગ્યાએ દોડી જાય તો યે આંખ તો અમે બાપુજીની સામે જ ઠેરવી રાખતા.

ગીતાજીનો અર્થ ચાલતો ત્યારે અમે બાંકડા પર બેસતા અને બાપુજી સામે આંટા મારતા જતા. અને હાથમાં ગટુલાલજીની ગીતાજી રાખી અર્થ કહેતા જતા. લખવાનું તપાસી લીધા પછી મોઢે કરવા આપી હોય તે કડીઓ અમારી પાસે વારાફરતી બોલાવી જતા. ત્યાર પછી પહેલાં થઇ ગયા હોય તે ભાગમાંથી અઘરા અઘરા શબ્દોનો અર્થ પૂછતા. આ અર્થો કહેવામાં દેવદાસકાકા ને હું બે જણા વધુ ફાવતા. એકવાર સાંભળેલો અર્થ દેવદાસકાકા કદી ભૂલતા નહિ. અને મેં પણ કાવ્યદોહન વગેરેમાંથી એ બધું પહેલાં વાંચેલું હોવાથી ઘણાખરા શબ્દોના અર્થ મને આવડતા. પણ જ્યારે નવાનવા શબ્દો બહુ જ આવવા લાગ્યા અને હું તે યાદ રાખવામાં બરાબર પહોંચી શક્યો નહિ ત્યારે બાપુજીએ મને એક દિવસ ચેતવ્યો. 'આપણે વાણીઆ છીએ. વાણીઓ મૂડીમાં વધારો ન કર્યા કરે તો તેને દેવાળું કાઢવું પડે. તું તને આવડે છે એટલા શબ્દો પર બધું હાંક્યે રાખે છે, પણ નવા વધારતો નથી. હવે જો તું તારો ભંડોળ નહિ વધારે તો આજ સુધીની તારી આવડત નકામી થઇ પડવાની.'

આ બધું ચાલતું ત્યાં સુધી તો વર્ગમાં હસાહસ, ગમ્મત બધું ચાલતું પણ જ્યારે બાપુજી વિવેચન શરૂ કરતા ત્યારે અમે સ્તબ્ધ થઇ જતા. એ વખતે બા-

પુજીનું શું વિવેચન ચાલી રહ્યું છે એ તરફ મારું ધ્યાન રહેતું તે કરતાં બાપુજીના હાથ કેમ ઊંચાનીચા થાય છે, એમના ચહેરામાં કેવીકેવી કરચલીઓ પડે છે એ ધારીધારીને જોવાનું કામ મારી આંખ કરતી અને મનમાં ગડમથલ કર્યા કરતો કે એ કૃષ્ણ અને અર્જુન તે વળી કેવા હશે? 'આ બાપુજી એ જ કૃષ્ણ હોવા જોઈએ. એમનો ચહેરો પણ શ્યામ વર્ણનો છે. બાપુજીનું નાક છે એવું જ કૃષ્ણ ભગવાનનું હોવું જોઈએ. કૃષ્ણ ભગવાન પણ અર્જુનને આમ જ હાથ હલાવી હલાવીને વાત કરતા હશે. બાપુજીનો અવાજ જેવો ઘેરો છે એવો જ ઘેરો અવાજ કૃષ્ણ ભગવાનનો હશે.

પણ ફરી થતું, 'બાપુજી કરતાં કૃષ્ણ ભગવાન તો મોટા. કૃષ્ણ ભગવાન પાસેથી શીખેલી વાતો બાપુજી આપણને કહે છે. ખરે જ, આ બાપુજી એ જ કુંતીપુત્ર અર્જુન તો નહિ હોય ને? જરૂર એ જ અર્જુન છે. અર્જુનનો અવતાર એમણે લીધો હશે. કૃષ્ણ ભગવાને જાતે અર્જુનને ગીતાજી કહી ત્યારે મારો જન્મ થયો હોત કેવું સારું? એક ખૂણામાં બેસીને ગીતાજી સાંભળી શકાત અને ત્યારે તો બધે જ સંસ્કૃત બોલાતું એટલે હું પણ સંસ્કૃત સમજી શકત.' આવી અનેક કલ્પનાઓ મનમાં ઘડતો જાઉં ને ભાંગતો જાઉં. પ્રવચન કરતાં કરતાં બાપુજી એકાદ શબ્દનો અર્થ પૂછે કે જાગતા સ્વપ્નમાંથી ચમકી ઊઠું અને સાવચેત થઈ જાઉં.

બાપુજીએ એ વખતે એટલાં લાંબાં પ્રવચનો કરેલાં પણ એમાંથી અત્યારે એક વાક્ય સિવાય કશું મને યાદ નથી. જે વાક્ય યાદ છે તે એ કે 'આ કંઈ ખરું યુદ્ધ નથી પણ આપણા હૃદયમાં—મનમાં ચાલતું યુદ્ધ છે.' આ સિવાયનાં બધાં પ્રવચન ભૂલી ગયો છું, એટલું જ નહિ, પણ ગીતાજીની જે એટલી બધી કડીઓ ગોખી હતી તેમાંનું પણ એકે ચરણ આજ યાદ નથી આવતું. છતાં જે સાંભળ્યું હતું તેની એક આછી છાપ મનમાં ઘર ઘાલીને રહી છે ખરી. બાપુજીએ ગીતાજી વિષે કંઈક આવુંઆવું કહેલું છે એમ સાંભરે છે ખરું:

'આસુરી સંપત્તિ અને દૈવી સંપત્તિ—આપણી પાપી વૃત્તિ અને પુણ્ય કરવાની વૃત્તિ એ બે વચ્ચે આપણા દિલમાં રોજ ઝગડો ચાલી રહ્યો છે. એ ઝગડામાં જીવ એ કૃષ્ણ થઈને બધું જોયા કરે છે અને શું કરવું ને શું ન કરવું, એ મનરૂપી અર્જુનને સમજાવે છે. જીવ એ જ કૃષ્ણ છે એમ આપણે માની લેવું. પાપ કરવાની ઇચ્છાઓ એક જાતની નથી, પણ અનેક જાતની છે; એટલે એને સો ભાઈ કહ્યા. એ જ કૌરવ. સારું કામ કરવાની ઇચ્છા થોડી જાતની હોય છે, એટલે તે પાંચ પાંડવ. ખરાબ ઇચ્છા મોહમાંથી પેદા થાય છે અને મોહ આંધળો હોય છે માટે કૌરવનો બાપ તે અંધ ધૃતરાષ્ટ્ર. મોહ બહુ જોરાવર હોય છે માટે ધૃતરાષ્ટ્ર તે જોરાવર. આવા રૂપકમાં ગીતાજી લખેલી છે. બાકી ગીતાજી ખરી બની જ નથી. એ વાંચી જતાં પણ ત્રણ કલાક લાગે તો એ બધી ચર્ચા થતાં કેટલી બધી વાર લાગે? અને કંઈ લડાઈમાં એમ કોઈ કૃષ્ણ ને અર્જુનને વાત કરવા દે ખરા? ભગવાન તે કંઈ કોઈને મારવાનું કહેતા હશે? અને તે વળી પોતાના ભાઈઓને જ મારવાનું કહે? પણ મનમાંથી જન્મેલી સારી ઇચ્છાઓ અને ખરાબ ઇચ્છાઓના ઝગડામાં ખરાબ ઇચ્છાઓને મારી નાખવી એમ ભગવાન જરૂર કહે.'

જેવા શબ્દોમાં એ સાર યાદ છે એવા જ શબ્દોમાં મેં ઉપર નોંધ્યો છે. મૂળ વાતની સંકલના તૂટી હોવાનો યે સંભવ છે. પણ એટલા ઉપરથી કલ્પી તો શકાશે જ કે અમને નાના નાના ટીનકાઓને બાપુજી ગીતાજી કેવી રીતે શીખવતા હશે.*

ગીતાના વર્ગ ઉપરાંત ગુજરાતી વાંચનમાળાને આધારે તેઓ અમને વાચન ને લેખન શીખવતા. 'આજ આજ માઈ અત્યારે', 'भली भारत भूमि' વગેરે કવિતાઓ તથા પાંચ પાંડવો, વસિષ્ઠ ને વિશ્વામિત્ર, દેશાટન, સમયસૂચકતા વગેરે પાઠો તેઓ સમજાવતા ત્યારે અમને એટલી મજા આવતી કે સમય પૂરો થતાં બાપુજી ચોપડી બંધ કરી દે એ અમને બહુ કડવું લાગતું. અને અમે કહેતા પણ ખરા કે 'હજુ અર્ધો કલાક વાંચો; અમે સાંજે અર્ધો કલાક વધારે ખેતી કરીશું.' પણ બાપુજી કહે, 'એમ કંઈ ફાવે ત્યારે નિયમ ફેરવાતા હશે કે?'

---

* લેખકે આ લખાણ ઈ.સ. ૧૯૨૨માં જેવું લખ્યું છે તેવું જ અહીં છે. આમાં સુધારો કરવા જતાં મૂળ છાપ બગડવાનો સંભવ હોવાથી નથી કર્યો. વળી દાંડીયાત્રા અને 'અનાસક્તિયોગ' અને 'ગીતાબોધ' પ્રકટ થતાં બાપુજીનું ગીતાભાષ્ય એમના શબ્દોમાં વધુ ગંભીર મનન સાથે આપણને લાધ્યું છે.

એમ કહી ઝટ પાવડાકોદાળી લઇ ખેતરે પહોંચવાની ચોંપ કરતા.

બાપુજી પછીના અમારા શિક્ષક તે મગનભાઇ માસ્તર. તેઓ સંસ્કૃત ગીતાના ઉચ્ચારો શીખવતા અને શ્લોકો યાદ કરાવતા. બચતા વખતમાં પ્રાર્થનામાં ગવાતાં ભજનોના અર્થ શીખવતા. 'સમરને શ્રી હરી', 'ઘટઘટ વિષે વ્યાપી રહ્યા' ઇત્યાદિ કવિતાઓ તો કંઇક મગજમાં ઊતરતી યે ખરી. પણ જ્યારે એમણે 'સુંદર શિવ મંગળ ગુણ ગાઉં ઇશ્વરા' એ નરસિંહરાવના ભજનનો અર્થ કરાવવો શરૂ કર્યો ત્યારે તો અમે તોબા તોબા થઇ ગયા.

મને યાદ છે તે પ્રમાણે કહું તો તેનો અર્થ કરતાં અમને એક મહિનો લાગેલો; છતાં એ ભજનમાં શું કહ્યું છે એનું ભાન મને છેક હમણાં સુધી ન હતું. 'પ્રતિફલિતા—શી લલિતા—સુંદરતા તુજ જગદ્ધરા' વગેરે લીટીઓ નાચતાં નાચતાં ગાવામાં ખૂબ આનંદ આવતો. એનો અર્થ પણ કંઇક એવો જ મનોરંજક હશે એમ મને થતું, એટલે મગનભાઇ સમજાવતા એ પૂરા ધ્યાનથી અને પૂરી ઉત્સુકતાથી હું સાંભળતો. ન સમજાય એ ફરી સમજાવવા કહેતો. પણ એવો દિવસ આવ્યો જ નહિ કે હું એનો અર્થ સમજી શકું. જ્યારે ઘણુંઘણું વિવેચન કરીને તથા એ કવિતા કેમ ઉદ્દભવી એનો ઇતિહાસ પણ સાથે કહીને તેઓ એ સમજાવવા લાગ્યા ત્યારે વર્ગમાં બેઠો હોઉં એટલી ઘડી એમ ભાસતું કે મને એ કડીઓ સમજાઈ છે, પણ જ્યારે

'વિપ્રલંભી વિષયમોહિની મધુસ્વરા
વિપથ દોરવા મથે અહો દયાકરા!
વ્યાપી દમે સત્યદૃષ્ટિ ઘન તિમિરકરા
તે સમે વિશુદ્ધ પ્રેરી જ્ઞાન રવિકરા!
ક્ષણ તે હૃદયે બળદે
કરધરી આ, પરિહરવા, મધુરરવા
મોહિનીસુરા—સુંદર શિવ૦'

એ કડીનો અર્થ સમજવાનો વારો આવે ત્યારે મારૂં કોકડું સાવ ગુંચવાઇ જતું. મને થતું કે 'આમાં 'બળદે' 'હૃદયે' અને 'ક્ષણ તે એ' બધાએ શું કર્યું છે? 'બળદ' જેવું તે આ 'ક્ષણ તે' વળી શું હશે? વળી એ પહેલાં 'વિપથ દો' અને 'વ્યાપી દમે' એટલા બધા કોઇ દિવસ ન સાંભળેલા શબ્દો તે નરસિંહરાવને ક્યાંથી સૂઝ્યા છે? વગેરે પાર વગરની ગૂંચવણો મનમાં ઊભી થતી. તેમાં યે વળી જ્યારે મગનભાઇ કહેતા કે 'આ કડી આખા ભજનમાં સારામાં સારી છે ને એ આખી જિંદગી ભર કામ આવે એવી છે' ત્યારે તો એ ગૂંચવણ કેટલા ગણી થઇ પડતી હશે એ તો કલ્પી લેવાનું જ રહ્યું.

જ્યારે એ ભજનની બાબતમાં મારા મગજે કંઇ જ કામ ન કર્યું ત્યારે 'તે એક ઉત્તમ ઇશ્વરસ્તુતિ છે અને તેનો રાગ ગાવામાં બહુ મજા આવે છે' એટલી જ વાત એને વિષે મગજમાં ભરી બાકી બધી વાતને મેં ખંખેરી નાખી. એ ગૂંચ ઉકેલવાનો પ્રયત્ન જ ન કર્યો ત્યારે મને ચેન પડ્યું. હવે જ્યારે મેં કેટલાં યે ગુંચવાએલા સુતરનાં ખરાં કોકડાં ઉકેલી નાખ્યાં ત્યારે અનાયાસે એ ભજન મારા હાથમાં આવ્યું. મેં એ કડી વાંચી ને વાંચતાની સાથે મને એ સમજાઇ ગઇ. ગુંચવાએલું કોકડું પહેલવેલું ઉકેલ્યું ત્યારે જે આનંદ નહિ થયો હોય એવો આનદ એ કડીનો અર્થ સમજતાં મને થયો. મને થયું કે 'એમાં તે શું એટલું બધું અઘરૂં હતું કે મને એ પહેલાં સમજાતી જ નહોતી?' મગનભાઈ સમજાવતી વખતે મારા પર જેટલા ચીડાતા તેટલો જ હું તે દિવસે મારા પર ચીડાયો.

હવે મારૂં અંગ્રેજી કેમ ચાલતું એ કહું. ગુજરાતીની જોડણીમાં પાર વગરની ભૂલો કરનારો હું અંગ્રેજીના સ્પેલિંગની ભૂલવણીમાં કેટલાં ગોથાં ખાતો હોઇશ એ તો વગર કહ્યે સૌ સમજી લે એમ છે. જો અંગ્રેજીના કિલ્લાને ફરતી ચોતરફ સ્પેલિંગની ઊંડી પહોળી અને ઘુનાઓથી ભરેલી ખાઇ ન હોત તો એ કિલ્લો તો હું જોતજોતાંમાં સર કરી બેઠો હોત. પણ એ ખાઇમાં મારૂં કંઇ ફાવ્યું નહિ. બાપુજી ફાર્મથી આવ્યા તે પહેલાં જ હું અંગ્રેજીમાં જુદાજુદા વિષયો પર નાના નિબંધો લખતો થયો હતો. નિબંધની ગૂંથણીમાં બીજા છોકરાઓની જેમ હું ગોથાં નહોતો ખાતો. મને તેઓના કરતાં એ વધારે સહજ હતી. વાક્યો પણ મોટે ભાગે વ્યાકરણશુદ્ધ બનતાં; પણ સ્પેલિંગમાં મારા ફુરચા ઊડી જતા. આથી ઝટઝટ એક પછી એક રીડર પૂરી કરીને હું આગળ વધી નહોતો શકતો. પ્રાઇમર અને પહેલી ચોપડીના સ્પેલિંગોને વટાવતાં જ મને ત્રણેક વર્ષ લાગ્યાં! બાપુજી આવ્યા ત્યારે

માંડ પહેલીમાંથી હું બીજી રીડરમાં આવ્યો હતો. મગનકાકા, મારા પિતાશ્રી વગેરે તો મને સ્પેલિંગ શીખવવાની માથાકૂટ કરતા કરતા થાકી ગયા હતા, એટલે પછી બાપુજીએ એ કામ હાથમાં લીધું. બીજા બધા વિષયોમાં હું દેવદાસકાકાની સાથે એટલે ઊંચામાં ઊંચા વર્ગમાં હતો, પણ અંગ્રેજીમાં એમનાથી ખૂબ પાછળ હતો. એમને છઠ્ઠી રીડર ચાલતી ત્યારે મને બીજી ચાલતી. છતાં એક આગલા પ્રકરણમાં હું કહી ગયો છું તેમ બાપુજી મને મોટા વર્ગમાં બેસાડતા. અને અંગ્રેજી ભાષણ કરતાં ચાલતા વિષયોમાં મારી બુદ્ધિને પ્રવેશ કરાવતા. આથી સ્પેલિંગ ગોખવા એ મને સાવ લૂખું લાગતું મટ્યું. છતાં સ્પેલિંગની મારી કચાશ મટી નહિ ત્યારે પરોઢિયે બેનર પર જવા પહેલાંનો પોતાનો અમૂલ્ય સમય બાપુજીએ મને આપવા માંડ્યો. પરંતુ મારે કમનસીબે એ ભણતર મહિનોએક ચાલ્યું હશે ત્યાં સત્યાગ્રહની લડાઇ શરૂ થઇ, એટલે મારું અંગ્રેજી બગડ્યું અને તે સદાને માટે બગડ્યું.

એક દિવસ બાપુજીએ અમને ગુજરાતીની પરીક્ષામાં દેશાટન ઉપર નિબંધ લખવા કહ્યું, ને હિંદી ભણનારાઓને 'પહેલો સત્યાગ્રહી કોણ' એ વિષે હિંદીમાં લખવાનું કહ્યું. અમે ધાર્યું કે અમારો વિષય સાવ સહેલો છે અને શિવપૂજનનો બહુ અઘરો છે. એટલે, અમારા વિષયની વાત ભૂલી જઇ સહેજ વાર ચર્ચા કરી કે 'પહેલો સત્યાગ્રહી કોણ?' કોઇ કહે કે 'થંબી નાયડુ', કોઇ કહે; 'ના બાપુજી પોતે' તો વળી ત્રીજાના મનમાં પેલા ભાઇ જે દેશવટામાં મરી ગયા હતા તે નારણસ્વામી પહેલા સત્યાગ્રહી ઠર્યા. પણ પછી ઝાઝો વખત નહોતો, એટલે અમે શિવપૂજનનો વિષય એને માટે રહેવા દઇ અમારો નિબંધ લખી નાખ્યો. અમારા ચોથી ચોપડીના પાઠમાં દેશાટનના ફાયદાની લાંબી યાદી અમે વાંચી જ હતી, એટલે તેમાંના જ બેચાર મુદ્દા પકડી લઇ અમારી માન્યતા પ્રમાણે એક સુંદર નિબંધ લખી કાઢ્યો. સાંજે પરીક્ષા થઈ. નિબંધોના માર્ક અપાયા. 'ઠીક છે' એવું પ્રમાણપત્ર પણ મળ્યું પણ થોડી વાર પછી બાપુજીએ અમને બધાને નાપાસ ઠરાવ્યા. કહે કે 'પહેલો સત્યાગ્રહી તે થંબી નાયડુ નહિ પણ ભક્ત પ્રહ્લાદ, અને દેશાટનના તમે લોકોએ ચોપડીમાં બતાવેલા ફાયદા લખી કાઢ્યા છે, પણ સ્વતંત્ર વિચાર નથી કર્યો. તમે જે ફાયદા કહ્યા છે તે બધા ઘેર બેઠાં પણ મેળવી શકાય અને દેશાટનની રખડપટ્ટીમાંથી ઉગરી જવાય. પણ વધારે તો હું તમને સોમવારે વર્ગમાં જ કહીશ.'

અમે તો સાવ ભોંઠા પડી ગયા. જે અઘરો વિષય માન્યો હતો તે તો સાવ સહેલો હતો. પ્રહ્લાદની વાત લખવી તો સહેલામાં સહેલી હતી. અને દેશાટન વિષે બાપુજીએ કહ્યું એ કંઇ સમજાયું જ નહિ. ઉલટો એ જ અઘરો વિષય નીકળ્યો!

સોમવારે સવારે વર્ગમાં બાપુજીએ કહ્યું, 'માણસ આગગાડી ને આગબોટમાં દોડાદોડ કરી મૂકે તેના કરતાં એક ખેડુ પોતાના ખેતરમાં વધારે અનુભવ મેળવી શકે છે. કયો છોડ કેમ ઊગે છે અને કેવી રીતે પાંદડા ફૂટે છે, વરસાદ ક્યારે પડશે, જમીનમાં પાણી ક્યાં હશે એ બધું ખેડુત જેટલું કોઇ પણ આગગાડી-આગબોટનો પ્રવાસી નથી કહી શકતો. તેમજ એક જ ગુરુ પાસે બેસી વરસોનાં વરસ સુધી અભ્યાસ કરનાર વિદ્યાર્થીમાં જે બુદ્ધિ અને ચતુરાઇ આવે છે એ રખડુ છોકરાને નથી આવતી.' આવાં વાક્યોથી અમારા બધા મુદ્દાને છિન્નભિન્ન કરી નાખ્યા અને અમારાં ભેજાંમાં પ્રકાશ પાડ્યો કે ચોપડીમાં છાપેલો હોય એ વિચાર જ સાચો હોય એવું કંઇ નથી. આપણે પણ એથી સારો વિચાર કરી શકીએ છીએ એ વાત અમારાં ભેજાંમાં ઊતરી, અને વાચનમાળાની બહાર પણ જ્ઞાન શોધતાં અમે શીખ્યા.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

રસાયન

•પૃથ્વી•

ક્ષયે પીડિત તોય નિત્ય હસતો રહે ચંદ્રમા,
ઘડીકની છતાં ઉષા નવીન નૃત્ય આભે કરે;
અમે મનુજ બાલકો તજી વિષાદનાં વાદળાં
રસાયન બનાવી દુઃખ તણું દુઃખહર્તા ખરે
અખૂટ સુખશાંતિના નવ શું ઓઘ રેલાવીએ?

—'અજ્ઞાત'

સિંહની શોધમાં

ભડકે બળતી આગનો તાપ કેટલો જલદ હશે તે દૂર રહી ટાઢે ઠરતા માણસને સમજાતું નથી; તે જ રીતે બોડ પાસે જઈને સિંહ જોવાનો પ્રયત્ન, એ મુંબાઈના રાણીબાગમાં વાઘને પાંજરામાં પૂરાએલો જોવા જેટલો આનંદજનક નથી એની અમને ખાતરી થાય છે.

[મારી સફર · ૧૭]

'કંઇક' કરવાનું મેં અળસાવ્યું તેથી સાથીમિત્રોએ ઊંઘ કાઢ્યા પછી સ્વસ્થ થવા છતાં મેં વધારે અસ્વસ્થ બનાવ્યાં. મેં જણાવ્યું કે હવે આપણે ગામમાં જઈએ અને ખાવાપીવાનું કરીએ. આપણે હવે તો ફરવા ને મોજ કરવા જ આવ્યા છીએ એમ સમજવાનું. ગામમાં ગયા. ગામના બે જણ રાતે આવ્યા હતા તેમને જ ઘેર ગયા. બંને ભાઇ હતા. જાતના રાજપૂત. કંઇ ભણેલાગણેલા લાગ્યા નહિ, પણ દેશ માટે લૂંટફાટ કરીને બહારવટે નીકળનારા યુવાનોની વાતો સાંભળેલી તેથી તેમને ય એવો શોખ લાગેલો. ડાલ્ટનગંજના ભાઇએ તેમને શોધી કાઢેલા.

ગામમાં ફરવા નીકળ્યા. ધોતિયું પહેરણ અને માથે કાંઇક બાંધ્યું ઓઢ્યું હોય એવા ફાટેલતુટેલ પૂરા પોશાકમાંયે અમે ત્યાં કોઇને ન જોયો. લંગોટી જ સર્વસામાન્ય જોઇ. શરીર તો લગભગ ઉઘાડાં જ. માત્ર અમારા શિકાર પેલા ગૃહસ્થ વાણિયા ભાઇએ જ ટૂંકુ મેલું ધોતિયું અને પહેરણ પેર્યાં હતાં. અહીં શ્રીમંતનો જ આ પોશાક છે. બાકી આ વનમાં ભીલોની ખાસ વસતી છે. શરીરે બધા કાળા, શાહી જેવા. દાંત અને આંખો જ સફેદ ચળકે. ગરીબી તો જાણે તેમના પર ફિદા થઇ ગઇ હોય તેમ લાગ્યું. બિચારાં અજ્ઞાન પણ પૂરા. કાળી મજૂરી કરીને જીવન વીતાવે છે.

ગામ બહાર ઝાડી અને જંગલ. કોઇકોઇ સ્થળે સારી જગ્યા સાફ કરીને ખેતીના ઉપયોગમાં લીધી હતી. આ જંગલ સરગુજા સુધી જાય છે. ગીરના વનની પેઠે અહીં પણ સિંહ વસે છે. ગીરનો સિંહ વધારે રૂપાળો હોય છે. આ સિંહ સાફ ડોકનો અને મટોડિયા રંગનો હોય છે. અહીં જો એ જોવા મળે તો દૂરથી પણ જોવો, એવી મારી ઇચ્છા બધાને ગમી. રાજપૂત ભાઇએ જણાવ્યું કે અહીંથી પાંચેક ગાઉ દૂર તેમના એક સંબંધીનું ગામ છે, તેની આસપાસ સિંહ હોવાનો સંભવ છે.

જંગલ એવું તો ગાઢું હતું કે ઘણી વખત તેમાં અટવાયા પછી નીકળવું મુશ્કેલ પડે. ગાડું કે ગાડી ચાલે એવો રસ્તો નથી. ચોમાસામાં તો ચાર મહિના નીકળાય જ નહિ. ગવર્નર દર વરસે મોટી મંડળી લઇને આ જંગલમાં શિકારે આવે છે. હાથીની અંબાડી વિના સિંહનો શિકાર શોભે? ઘોડા ઉપર બેસે એ તો નકામું. એટલે આ બધા લોકો હાથી વિના શિકાર જ નથી ખેલતા. ઘણી જગ્યાએ હાથી પણ નથી જઇ શકતો.

અમે ચાલ્યા. શું મઝાનું જંગલ! લીલું ઘાસ તો જાણે ઊગવાની જગ્યા વિના એકમાં બે થઇને ઊગ્યું હતું. સો સો ભેંશનાં ટોળાં એ ઘાસમાં ચરતાં દેખાતાં હતાં. આ તરફના લોકો ટોળાબંધ ભેંશો રાખે છે. ગીરનું જંગલ અને ભેંશોનાં ખાડાં યાદ આવે! અહીં સિંહના ભયથી ભેંશોને ગળે ટોકરા બાંધે છે. દૂરથી તેનો રણકાર ખૂબ મીઠો લાગતો હતો. મને એક વિચાર આવ્યો કે આ જંગલમાં ભેંશો પાળી હોય અને મોટા પાયા ઉપર ઘી–માખણ બનાવીને મોટાં શહેરોમાં આપીએ તો સારો વ્યાપાર ઊભો કરી શકાય. આ પ્રદેશના લોકોને તેમાં જોડી શકાય અને શહેરના લોકોને શુદ્ધ ઘી–માખણ ખવડાવી શકાય.

ગામે પહોંચતાં પાંચના દસ ગાઉ જણાયા. રાજપૂત ભાઇએ બેચાર જણને એકઠા કર્યા. તેમાં એક ડોસો પણ હતો. તેણે કહ્યું કે દૂર એક ટેકરીમાં સિંહની બખોલ તો છે. કેટલીક વખત તેણે સિંહને ત્યાં જોએલો. તેનો જુવાન છોકરો બોલી ઊઠયો કે તેના ખેતર પાસે નાનું તળાવડું છે ત્યાં ઘણી વખત એક જનાવર પાણી પીવા આવે છે. તે દહાડે તો સાંજ થઇ જવા આવી હતી. આરામ કરીને બીજે દહાડે સિંહ જોવા જવાનું રાખ્યું.

રાત્રે ભીલોનો નાચ જોયો. સ્ત્રી અને પુરુષો એક સાથે, કાઠિયાવાડમાં ગરબી ગાય છે તે રીતે પણ જુદી પદ્ધતિથી, નાચીને ગાતાં હતાં. આ જ રીતે પંચમહાલના ભીલો પણ નાચે છે. થાળી સાથે ઢોલક અને પીપુડાં વાગતાં હતાં. ધમાચકડી મચી જતી. લગભગ બધાં જ દારૂના નશામાં હતાં. દારૂની બદબો ચારે તરફ ફેલાઇ ગઈ હતી. વચ્ચે એક જણ તાલમાં દોડ્યો અને એક સ્ત્રીને પકડીને ખભે બેસાડી દીધી. તે એવી તો ભયંકર રીતે બરાડી ઊઠ્યો કે અમને એમ જ લાગ્યું કે દારૂના નશામાં શુધબુધ ઊડી ગઈ હોવાથી આ મહાત્મા સ્ત્રીનું અપમાન કરશે. પણ તેમ ન હતું. એ પણ નાચનો એક પ્રકાર હતો.

બીજે દિવસે બે ભીલને સાથે લઇને સિંહ જોવા ગયા. અમારી પાસે હથિયાર તો હતાં, છતાં ભીલોને ના કહી હતી. તેમણે તીરકામઠાં સાથે લીધાં હતાં.

રસ્તામાં ભીલના તીરની પરીક્ષા કરી. નોંધપોથીનું પાનું ફાડીને ઝાડની ડાળીએ બાંધ્યું. વચ્ચે કાળો ડાઘ કર્યો અચૂક નિશાને તેણે ડાઘના બિંદુ પર જ તીર ચોંટાડી દીધું. ગોળીનું નિશાન ભાગ્યે જ આવું સચોટ વાગી શકે.

ભીલનું ખેતર આવ્યું. ત્રણેક વીઘાં જેટલી જમીન જંગલ વચ્ચે સાફ કરીને ખેતીના કામમાં લીધી હતી. પાસે જ ઊંચાણવાળો ભાગ હતો. તેની એક બાજુએ નાનું તળાવડું હતું. ઊંચાણની પેલી બાજુ સિંહની બખોલ હોવાનું ભીલનું અનુમાન હતું. એ રસ્તે તેઓ કદી ગયા નહોતા. મને નવાઇ લાગી. સિંહ જેવું પ્રાણી પાસે જ રહેતું હોય અને આ ભીલો આવેજાય એ અજબ! પણ આવા દાખલાઓ ત્યાર પછી ઘણા જોએલા. વાઘ કે સિંહ જેવાં હિંસક પ્રાણીઓનો સ્વભાવ પહેલેથી જ ખૂની નથી હોતો. ભૂખ ખાતર તે જનાવરને મારે છે. માણસ ઉપર તો એ જ વાઘ કે સિંહ હૂમલો કરી બેસે છે જે પહેલાં માણસથી ડરી ગયો હોય કે એવો પ્રસંગ બની ગયો હોય. નહિ તો સામાન્યરીતે જંગલમાં વાઘસિંહના રહેઠાણ પાસે કામકાજ કરનારા મજૂરો કે ખેડૂતોને તેઓ હેરાન કરતા નથી. ઓળખી જ જાય છે કે આ રોજના કામ કરનારા છે. શરત એટલી જ રહે છે કે તેમને હેરાન કરવા ન જોઇએ.

અમે સિંહની બોડ તરફ ચાલ્યા. રસ્તામાં ઝાડઝાંખરાં અને ઘાસ એટલા પ્રમાણમાં હતાં કે પગ ઉપાડીને ચાલવું અઘરૂં હતું. છેવટે તો મેં પાયજામો કાઢીને લંગોટ ભર જ ચાલવાનું પસંદ કર્યું. આ ભીલ લોકો લંગોટી પહેરે છે, તેનો અર્થ પણ હવે સમજાયો. આવા ગાઢ જંગલમાં ચાલનારાને ધોતિયું તો દુશ્મન રૂપ બની જાય.

ઘણું રખડ્યા. અરધો'ક માઇલ બીજી એક ટેકરી હતી. તેની પાસે જતાં કંઇક દુર્ગંધ આવી. ટેકરી મઝાની હતી. ઉપર ચડીને બેસવાનો વિચાર હતો. ભીલોને દુર્ગંધનું કારણ શોધવા કહ્યું. તેમણે તપાસ કરી અને કહ્યું કે સિંહની બોડ અહીં જ છે ભડકે બળતી આગનો તાપ કેટલો જલદ હશે એ દૂર રહી ટાઢે દરતા માણસને સમજાતું નથી. જ્યારે નજીક આવે અને દાઝે ત્યારે જ સમજે. સિંહનો ભય હવે આવ્યો. બોડ પાસે જઇને સિંહ જોવાનો પ્રયત્ન, મુંબાઈના રાણીબાગના વાઘને પાંજરામાં પૂરાએલો જોવા જેટલો આનંદજનક અને સહેલો નથી તે કંઇક સમજાયું ખરૂં. જવું કે નહિ તેની ચર્ચા થઇ. મેં તો ચોકખી ના જ કહી. અરે ડરવું શું? આવ્યા તો જોઇને જ જઇએ! આપણે તે કાયર છીએ ? આવાં હિમ્મતનાં અને મેણાંનાં વાક્યો મિત્રોએ ઉચ્ચાર્યાં એટલે 'ચાલો ત્યારે' કહીને હું ચાલવા તૈયાર થયો. હૃદય તો બધાનાં થડકતાં હતાં એમાં કંઇ શંકા નહોતી.

દૂરથી બોડ જેવું કંઇક દેખાયું ખરૂં. બેચાર પત્થરો વચ્ચે ઊંચી જગ્યા હતી. ઊભા રહ્યા. સિંહ હોય એવું લાગ્યું નહિ. હિંમત કરીને બે ચાર પથરા પણ ફેંક્યા. સિંહ નહિ હોય એ વિશ્વાસથી હિંમત આવી. ભીલને કહ્યું કે માર બોડમાં તીર. જોયું જશે. ભીલે તીર માર્યું અને 'ચીંચી, ચીંચી' કરતું એક ભૂરિયું બચ્ચું બહાર નીકળી આવ્યું.

અમારી હિંમત ખસી ગઇ. બચ્ચાં મૂકીને સિંહણ ક્યાંક ગઇ હશે. સહીસલામત પાછા જ ફરો. અમારી પાસે સિંહણનો સામનો કરવાની તૈયારી નહોતી. સાજાતાજા પાછા ફરીએ છીએ એ ભાનથી આનંદ પામતા અમે ખરેખર પાછા ફર્યા.

(ચાલુ) **જીવરામ જોષી**



શ્રાન્ત પથિકને

• ઉપજાતિ •

દુર્દાન્ત શા પુંગવ વીર્યશાળી
નરો લલાટે દઇ હસ્ત બેઠા;
પળો કંઇ પ્રાકૃત જિન્દગીની
જીવી ગયા—–ના ઇતિહાસ ભાખતો?

નાચીઝ શા કૈં નર સર્વ દેશે
ડંકો વગાડી નિજ કર્મનો ગયા;
ક્ષણો ઘણી ઉન્નત જિન્દગીની
માણી, શું ના થૈ કૃતકૃત્ય જીવિયા?

ઉચ્ચોચ્ચ ગૌરીશિવ–શૃંગ જાતાં
કરાડ કો ઊતરવી ક્વચિત્ પડે;
પતંગને કો ઉડતાં પહેલાં
ગુલાંટથી ભોં ક્ષણ સ્પર્શવી પડે.

ના વીજસંભૂતિ થતાં સુસૂક્ષ્મ શા
વાયુકણો ભૈરવ કાટકા કરે?

તનસુખ ભટ્ટ

બુદ્ધનું ચિત્ર દોરતો અજંટાનો ચિત્રકાર

• શિખરિણી-મિશ્ર •

પ્રભો જે આંખોએ સલિલ નિતર્યાં'તાં દુઃખ દીઠે,
અને જે હોઠેથી જન–ઉર–વ્યથાઓ શમવતા
સર્યાં શબ્દો. આંધી, દરશન થતાં જે, ઉપશમે.
ઉતારૂં રેખામાં સુરત કયમ આંહી ભીંત પરે?
ધ્રુજે હાથો, ધ્રૂજે કર મહીં પીંછી, અંતર દુભે.

સુજાતા કો આવી તવ ચરણ અર્પે કમળ તે
ગ્રહીને જૂએ છે કમળ ભણી જોવા ઉમળકે;
મને યે તું લેજે તુજ નયનના એ પ્રણવથી.

અનુકંપામૂર્તિ! અભય તુજ મુદ્રા કર તણી
મને શ્રદ્ધા અર્પે. દગ મહીં ભરીને મુખરતી
ઉતારૂં હું એને, જગતજન હૈયે પ્રકટીને

નવાંકુરો જેમ ધરિત્રીને કરે
પ્રફુલ્લ પ્રાણાન્વિત વિશ્વને કરો-
ને એક માગું વરદાન હાવાં:
भूतदयां विस्तारय तारय संसार सागरात्।

હરિશ્ચંદ્ર ભટ્ટ

છરા વેચનાર છારી

• અનુષ્ટુપ •

ડોળેલાં પાણીની વચ્ચે તેલબિંદુ પડે અને
મેઘના ચાપના રંગો કેરી કાન્તિ ઝગે, ત્યમ
છરાને વેચનારી કો છારી સોહે બજારમાં.

વાર્તામાં સાંભળેલી મેં કથાઓ–ઇસ્પહાનની,
હુસ્નની, ચશ્મની, વેણી, ગાલ કેરાં ગુલાબની,
મઢેલી મોજડીની ને હવઇ જામા કટારની,
બધી યે પરીવાતો શી પાંખધારી ઊડી હતી.

પાંખને ક્યાંય મૂકી એ કથાઓ રંગરાગની
ઊંટ કે ખરની કાંધે સ્વાર થૈ કંદહારની
કંદરા ગિરિહારોને વીંધીને આંહી આવતી
હવામાં હૂબહૂ રેખા ભરી આછી લસી જતી,

ત્યાં આછા રંગમાંહી એ ફૂટે તીણી ચમક્ ભમક્
પ્હાડો વીંધી અને ઝીણી ઝંઝવા આવનાર એ
છારીનાં ચશ્મમાંના બે નિરભેના છરા તણી.

રાજેન્દ્ર શાહ

ભિક્ષુક

• પૃથ્વી •

મહાજન અરે સુણો! ગરીબ દીન ભિક્ષુક હું;
દયાળુ! કંઇ દાન દો, અરર, કોઈ દો રોટલો;
અને કંઇ નવું જુનું કૃષિત કાય આ ઢાંકવા
હૃદે વસત જો દયા પ્રભુજનો! કંઇ વસ્ત્ર દો.'

વદી દીનમુખે બધાં જનતણી કૃપા યાચતો
ઉભો, અરધ નગ્ન, અશ્રુવહને થયાં જેહનાં
ઉંડાં નયન રક્ત, જે નિત પ્રતીક્ષતો મૃત્યુને
છતાં દૂર વહી રહ્યું અદય મૃત્યુ જેના થકી;
બહુ કરગર્યો, રડ્યો,
મળ્યો ન કંઇ રોટલો,
અને ઉલટ ભીખમાં અસહ માનહાની રળ્યો.

'ભલે અવગણો તમે ય અપમાનશબ્દો કહો,
હરામી, ખલ, આળસુ, અગર નીચ, નિર્લજ્જ કો',
ન લેશ પરવા કરૂં, પણ પૂછું ભલા કે તમે
જીવંત જનદેહ શી મનુજદેવ સેવા ત્યજી,
પૂજી પરમ પ્રેમથી સજીવ મૂર્તિ પાષાણની
અપ્રાપ્ય વર વાંછતા, નથી શું રે ભિખારી તમે?'

સુરેન્દ્રપ્રસાદ ત્રિપાઠી

આવતી કાલની એકભાષા

બેઝિક ઈંગ્લિશ

અંગ્રેજી ન જાણનારાઓને આશીર્વાદ રૂપ

વિસ્તૃત અંગ્રેજી ભાષાની એ સહેલી પ્રતિકૃતિનો સરલ તદબીરે આપી પરિચય કરાવતી લેખમાળા

લેખક • શ્રી હરિકૃષ્ણ વ્યાસ

હપતો પાંચમો • જ્ઞાનવિસ્તાર

આપણે અગાઉ પહેલા પ્રકરણમાં બેઝિકના ૮૫૦ શબ્દો જોઇ ગયા. એ શબ્દકોષ જીવનના સામાન્ય વ્યવહાર માટે પૂરતો થઇ પડે છે. પણ શીખનારે આ પહેલાં જ જોયું હશે કે એ શબ્દોમાં સંખ્યાઓ માટેના શબ્દો આવ્યા જ નથી. આનું કારણ એ કે સંખ્યાઓ, મહિના, વાર, શાસ્ત્રો વગેરે માટેના અંગ્રેજી શબ્દો અત્યારે આંતરરાષ્ટ્રીય બની ગયા છે. એટલે જેમ 'જાન્યુઆરી' શબ્દ ગુજરાતી ભાષાનો ન હોવા છતાં ગુજરાતી ભાષાને એના વગર ચાલી શકે નહિ, તેમ જ આવા આંતરરાષ્ટ્રીય બની ગએલા શબ્દો બેઝિકની બહાર હોવા છતાં બેઝિકને એના વિના ચાલી ન શકે. આવા લગભગ પોણા બસો શબ્દો આ સાથેના પરિશિષ્ટ (૨)માં આ ક્રમમાં આપ્યા છેઃ (૪૦) મહિના અને વાર, (૪૧) શાસ્ત્રો, (૪૨) સંખ્યાઓ, (૪૩) રાજકારણ, ઇ. (૪૪) આંતરરાષ્ટ્રીય બનતા જતા ૫૦ શબ્દો. આ બધા શબ્દોને પણ અગાઉના પરિશિષ્ટની માફક 'પરિચિત' અને 'નવા શીખવાના' એમ જુદા પાડી આપ્યા છે. જોકે આમા પ્રત્યયો લેનારા શબ્દો બહુ ઓછા હોવાથી . . . આ જાતની લીટીવાળી પરિશિષ્ટ (૧)માં હતી તેવી યોજના ઉપયોગમાં નથી લીધી.

પારિભાષિક ૨૦૦ શબ્દો

ઉપર આંતરરાષ્ટ્રીય શબ્દો બેઝિક લિસ્ટમાં ભળવાથી તેનું ક્ષેત્ર કેટલું વિકાસ પામ્યું તે આપણે જોયું. એ બધાં પછી પણ બેઝિક એ સામુદાયિક હિતની ભાષા રહે છે. એટલે કે ભાષણો, સીનેમા, રેડીઓ, નોવેલો એવાં સાર્વજનિક સર્જનો માટે એ ભાષા જોઇએ એટલી અસરકારક રહે છે. પણ જેઓ કોઇ એકાદ વિષયની ઊંડી શાસ્ત્રીય ચર્ચા કરવા માગતા હોય તેઓને પોતાના વિષય સાથે નજીકનો સંબંધ ધરાવતા મૂલગત ભાવો માટેના શબ્દોની ખોટ બેઝિકમાં સ્વભાવિક રીતે જ સાલે. એ મુશ્કેલીને પહોંચી વળવા જુદાં જુદાં કાર્યક્ષેત્રો માટે પચાસ પચાસ શબ્દોનાં ખાસ અલાયદાં લિસ્ટ તૈયાર કરાયાં છે. એટલે જે વિષયમાં ખાસ રસ લેવાનો હોય તેને માટેનું લિસ્ટ કોઇ શીખી લે એટલે તે વિષયની પરિભાષામાં તે પૂરેપૂરો નિષ્ણાત થઇ જાય.

આવું વેપાર રોજગારની પરિભાષાનું ૫૦ શબ્દોનું લિસ્ટ પરિશિષ્ટ (૩)માં અને નાણાંસંબંધી શબ્દોનું લિસ્ટ પરિશિષ્ટ (૪)માં આપેલ છે. પરિશિષ્ટ (૫)માં સામાન્ય વિજ્ઞાનનું પારિભાષિક લિસ્ટ આપેલું છે. એ લિસ્ટ વિજ્ઞાનની કોઈ એકાદ શાખા, જેવી કે રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર વગેરેના અઠંગ અભ્યાસી માટે નહિ પણ લોકોપભોગ્ય વિજ્ઞાનની જરૂરિયાત પૂરતું છે. એની મદદથી વૈજ્ઞાનિક જગતના બધા જનસમૂહગત ખ્યાલો ચર્ચી શકાય છે. એ પછી કોઇ એકાદ શાખાનો વધુ ઊંડો અભ્યાસ કરવાનો કોઇને રસ જાગે તો એવી શાખાઓ માટેનાં પણ પચાસ પચાસ શબ્દોનાં લિસ્ટ તૈયાર થયાં છે. પણ એ બધાં આ લેખમાળાની મર્યાદા બહાર જાય છે. આપણા સામાન્ય વાચકગણને આટલાં પરિશિષ્ટો કાફી થઇ પડશે.

પરિશિષ્ટ

(૨) આંતરરાષ્ટ્રીય શબ્દો

પરિચિત શબ્દો | **નવા શીખવાના શબ્દો**

40 January, February, March, April, May, June, July, August, September, October, November, December; Sunday, Monday, Tuesday,

Wednesday, Thursday, Friday, Saturday.

41 Algebra, Arithmetic, Chemistry, Geography, Geometry, Mathematics, Psychology.

Biology, Geology, Physics, Physiology, Zoology.

42 One, two, three, four, five, six, seven, eight, nine, ten, half, third.

Eleven, twelve, thirteen, fourteen, fifteen sixteen, twenty, twenty-one, thirty, forty, fifty, hundred, thousand, million, once, twice, quarter, fourth, fifth.

43 College, dominion, empire, king, museum, president, prince, queen,

Embassy, imperial, princess, royal.

44 Alcohol, aluminium, automobile, bank, calendar, chemist, cheque, chocolate, chorus, cigarette, club, coffee, dance, engineer, gas, hotel, influenza, madam, nickel, opera, orchestra, park, passport, patent, phonograph, piano, police, post, programme, radio, restaurant, Sir, sport, taxi, tea, telegram, telephone, theatre, tobacco, university, whiskey.

Bar, beef, beer, colony, lava, paraffin, propaganda, terrace, zinc.

45 Autobus, chauffeur, circus, dynamite, encyclopaedia, glycerine, hysteria, liqueur, malaria, mania, nicotine, olive, opium, platinum, potash, pyjamas, pyramid, quinine, radium, rheumatism, toast, torpedo, violin, volt.

Ammonia, asbestos, ballet, cafe, catarrh, champagne, cirton, cocktail, cognac, hyena, hygiene, inferno, jazz, macaroni, omelette, paradise, penguin, referendum, rum, salad, sardine, tapioca, vanilla, visa, vodka, zebra.

(૩) વેપાર વાણિજ્યની પરિભાષા

46 Address, agency, assistant, average, bill, broker, certificate, charge, claim, code, complaint, consignment, court, customs, debit, deck, delivery, export, guarantee, gross, import, license, load, loan, packing, partner, retail, sale, sample, show, strike, supply, whole- sale.

Acceptance, allowance, assets, bale, bankrupt, barrel, client, cost, defect, hire, hold, investment, liability, pair, purchase, reference, sight.

(૪) નાણાંવ્યવહારની પરિભાષા

47 Accident, average, bill, broker, budget, combine, demand, deposit, discount, experiment, margin, monopoly, pension, plan, rent, saving, security, service, share.

Arbitration, asset, circulation, consumer, conversion, correlation, cost, deflation, efficiency, effort, employer, factor, fatigue, habit, index, inflation, investment, liability, population, purchase, speculation, statistics, stimulus.

(૫) સર્વસામાન્ય વૈજ્ઞાનિક પરિભાષા

48 Carbon, cell, centre, circuit, coil, diameter, difficulty disturbance, fever, guard, lever, lime, liver, lubrication, oxygen, petrol, plug, practice, pressure, receiver, result, sample, screen, seal, series, soda, solution, spark, tone, trace, tune, valve.

Alternation, arc, area, arrangement, axis, break, bubble, case, charge, clay, column, consonant, contractoin, cross, decimal, demonstration, deposit, dimension, drum, efficiency, equation, evolution, explanation, fossil, fraction, genus, generation, grinding, groove, gum, impurity,

instinct, investigation, irritation, kidney, layer, length, mean, multiplication, nucleus, origin, path, proof, projection, radius, ratio, reference, reproduction, resistance, scratch, sensitivity, sight, spark, species, sphere, starch, strength, sulphur, supply, tar, tide, tissue, volume, vowel, wear, wedge, yeast, zero.

બેઝિક શીખ્યા પછી

બેઝિકની સંપૂર્ણ ચર્ચા આપણે આ અગાઉ કરી ગયા. એ દરમ્યાન બેઝિકની સ્વતંત્ર સૃષ્ટિ હોય એ દૃષ્ટિએ જ આપણે તેનું અવલોકન કર્યું છે. ઘણા વાંચનારાઓને એમ પણ લાગ્યું હશે કે જેમ આંધળાની ભાષા આંધળા વાંચે, એમ બેઝિક પણ અમુક જ વર્તુળમાં કાર્યસાધક નીવડી શકે. એવા ઘણા વાચકોની આ દલીલ હોય છે કે બેઝિક શીખેલા માત્ર બેઝિક જ વાંચી શકતા હોવાથી તેઓને વાંચવા માટેનું સાહિત્ય તેમને માટે ખાસ તૈયાર કરી રાખવું પડે, અને એ દૃષ્ટિએ બેઝિકથી કાંઇ વિશેષ અર્થ સરતો નથી. પણ આ દલીલ વાસ્તવિક નથી. બેઝિક એ મર્યાદિત ભાષા છે ખરી, પણ તે સંપૂર્ણ ભાષા છે. અને આમ હોવાથી કોઇ પણ નવા શબ્દની ઓળખાણ બેઝિક મારફત જ આપી શકાય છે. આથી ફાયદો એ થાય છે કે બેઝિક શીખી લીધા પછી અભ્યાસી સામાન્ય અંગ્રેજીમાં લખેલું લખાણ વાંચવા માંડે અને તેમાં કોઈ શબ્દ ન સમજાય ત્યાં બેઝિકનો શબ્દકોશ જુએ, એટલે તે શબ્દને બેઝિક મારફત સમજાવેલો હોય. અને તેને માત્ર એ નવા શબ્દના અર્થ પૂરતી જ હવે જરૂર હોય છે. ભાષાશૈલી પર તો તેને સંપૂર્ણ કાબૂ બેઝિકે આપ્યો હોય છે. એટલે એ રીતે તે બેઝિક મારફત વિસ્તૃત અંગ્રેજીનો પરિચય ઘણા થોડા સમયમાં પામી શકે છે.

આમ બેઝિકમાંથી અંગ્રેજી સાહિત્યની વિશાળ સૃષ્ટિમાં પ્રવેશ કરતી વખતે સ્વાભાવિક જ વાચક વાર્તા સાહિત્ય તરફ વળે છે. અને એવા નવા આગંતુકની જિજ્ઞાસા પોષે એવાં પુસ્તકો અંગ્રેજીમાં હજારોની સંખ્યામાં છે. હવે આ બધાં પુસ્તકો વાંચતી વખતે અગાઉ જેને વિષે ઉલ્લેખ થએલો છે તે થૉર્નડાઇક નામના અમેરિકન વિદ્વાને તૈયાર કરેલા શબ્દોનાં લિસ્ટ આપણને બહુ ઉપયોગી થઇ પડે છે. એણે ચાલુ વપરાશમાં આવતા દસ હજાર શબ્દો જુદા તારવી બતાવ્યા છે. પણ એમાંથી પણ બહુ જ અગત્યના પંદરસોને એણે આવા નવા આગંતુકની જરૂરિયાતના માન્યા છે. આ પંદરસો શબ્દની અંદર અત્યારે ચાલતાં પાઠ્યપુસ્તકોમાં પાંચમા ધોરણમાં શીખવવામાં આવતાં અંગ્રેજી પુસ્તકો પોતાની રમત રમતાં હોય છે. અને સામાન્ય મૅટ્રિકનો વિદ્યાર્થી પોતાના લેખનમાં એ શબ્દોની પેલી પાર કૂદવાની શક્તિ ભાગ્યે જ ધરાવતો હોય છે. એટલે બેઝિક શીખનારની મહત્ત્વાકાંક્ષા જ્યારે પણ તેને આગળ વધવા પ્રેરે ત્યારે તેણે એ પંદરસો શબ્દો પહેલા શીખી લેવા ઇષ્ટ છે. મૂળ લેખકે એ પંદરસોને જરૂરિયાતના ક્રમમાં પાંચસો પાંચસોનાં ત્રણ ગ્રુપમાં વહેંચેલા છે, એટલે આપણે આપણા અભ્યાસમાં પણ એ યોજના કાયમ રાખીશું. પણ એ ત્રણે ગ્રુપના જે અર્ધા ઉપરાંતના શબ્દો આ અગાઉ બેઝિકમાં આવી ગયા છે તેને બાતલ રાખીશું. જોઇ શકાશે કે પહેલા ગ્રુપમાંથી ઘણા શબ્દો બેઝિકમાં છે, અને પછી આગળ જતાં ઓછા ઓછા થતા જાય છે. અને તેથી શીખવાના શબ્દોનું પ્રમાણ ગ્રુપ આગળ વધતાં વધતું જાય છે. આનું કારણ કે બેઝિકના શબ્દોની ચૂંટણી આખી ભાષામાંથી થએલી છે, ભાષાની કોઇ મર્યાદિત આવૃત્તિમાથી નહિ. આવા બધા શબ્દોને એકાદ વિસ્તૃત યોજનામાં સમાવી બેઝિક ઇંગ્લિશ અને સામાન્ય અંગ્રેજીને જોડનારી કડીની રચના કરવાનું કામ આ પહેલાં જ બેઝિકના ઉત્પાદકોએ હાથ ધરી લીધું છે. પણ એ બધું સાહિત્ય ગુજરાતની જનતા આગળ રજૂ થતાં ખૂબ સમય લાગી જશે. તે દરમ્યાન એ દિશામાં એક નમ્ર સૂચન રૂપે ઘણા વાચકોને આ શબ્દોનું લિસ્ટ ઉપયોગી થઇ શકશેઃ

પહેલા પાંચસો શબ્દોમાંથી

Above, add, alone, also, around, ask, bear, begin, behind, believe, both, bring, brought, build, buy, call, can, carry, case, child, children, city, close, corn, could, course, cross, die, draw, drive, during, each, eat, fair, feel, few, fill, find, fine, fly, follow, found, fresh. glad, God, ground, grow, hear, heavy, hill, hold, home, kill, kind, know, known, lay, learn, leave, live, lost, matter, mean, meet, miss, must, next, often, own, pass, pay, people, piece, plain, pretty, raise, reach, read, receive, remain, remember, rich, ride, rock, save, serve, set, several, shall, should, show, since, sing, sit, soldier, speak, stand, state, stay, sure, tell, thank, think, too, top, try, until, visit, wait, want, whole, wish, world, write, yet.

બીજા પાંચસો શબ્દમાંથી

Afraid, afternoon, age, ago, allow, already, amount, appear, arrive, article, attend, battle, bay, beast, beat, beauty, began, belong, beside, bless, blind, bottom, bow, brave, breakfast, broad, brook, built, busy, cannot, captain, car, careful, catch, cent, centre, chair, choose, Christmas, class, clothe(ing), clothes, coast, command, contain, continue, cool, corner, count, cried, crowd, crown, cry, dare, date, deal, decide, delight, destroy, difference, dinner, direct, discover, divide, doctor, dream, duty, easy, either, else, enemy, enjoy, enter, entire, escape, except, expect, express, extend, famous, fancy, favour, feed, feel, fellow, felt, fence, figure. finish, firm, fit, fix, flow, following, forest, forget, former, forth, France, French, gain, game, gate, gather, gentle, gentleman, gift, golden, grace (G), grant, grave, gray, grew, guard, guess, hall, hang, happen, health, heard, heaven, height, held, hide, honour, hunt, hurt, husband, indeed, instead, joy, kept, knew, labour, lady, laid, lake, led, lesson, lie, lion, listen, load, lord, lose, lot, mail, manner, march, master, member, met, mill, moment, mount, nature, neighbour, neither, nest, New York, nice, noon, nor, notice, oak, object, ocean, party, perfect, perhaps, pick, pleasant, prepare, press, promise, proud, prove, pure, race, ran, rapid, rather, real, reply, report, require, rise, rose, row, rush, sat, seek, seize, sell, settle, shape, shine, shop, shore, shoulder, shout, sick, soil, soul, spend, spirit, spoke, spot, spread, stock, stood, storm, stream, strength, study, subject, suffer, suit, suppose, teach, teacher, tear, thee, thou, throw, thus, tie, tire, travel, trip, trust, truth, uncle, understand, unite, usual, valley, village, weak, wear, wheat, whether, wife, wild, win, wonder, wonderful, worth.

ત્રીજા પાંચસો શબ્દમાંથી

Accept, according, action, admire, advance, advantage, agree, aid, alive, ancient, angel, anger, apart, appoint, approach, asleep, aunt, bake, bare, bark, barn, beam, beg, behold, below, bend, beneath, bid, bind, blame, block, blossom, boil, bold, bought, bound, bowl, breast, breathe, bury, bush, camp, cost, castle, cattle, caught, chamber, charter, Charles, charm, chase, check, cheek, cheer, chicken, choice. chose (n), climb, cock, companion, compare, connect, consent, consider, constant, content, correct, cousin, cream, creature, creep, crop, custom, darkness, dash, dawn, declare, deed, delay, deliver, depart, describe, desert, desk, diamond, difficult, dish, distant, drew, drown, earn, elect, employ, ere, especial, establish, Europe, evil, exact, excellent, explain, fail, faint, faith, faithful, fare, fashion, fault, feast, fierce, final, finally, flash, flesh, flour, folk, fond, foreign, fortune, fought, fox, freedom, friendly, frost, fun, fur, furnish, further, gay, George, German, giant, glory, goose, governor, grand, grape, greet, guest, handle, hardly, harm, harry (H), harvest, haste, hay, heel, hen, hence, Henry, honest, honey, huge, human, hung, imagine, immediate, include, intend, invite, issue, jack (J), James, justice, kindly, kingdom. kitchen, knight, knock, lack, lad, lamb, leader, lean, leap, liberty, lodge, London, lovely, lying, maid, main, marry, Mary, match, meadow, meant, melt, mention, merchant, mere, mighty, mistake, mix, mouse, murmur, native, noble (ly), nurse,

obey, observe, obtain, occasion, occupy, o'clock, ought, owe, pack, paid, palace, parent, particular, peep, permit, pie, pig, pile, pity, plenty, poet, pole, process, pour, praise, pray, prayer, prefer, presence, preserve, prevent, pride, proceed, protect, provide, pupil, rank, refuse, regard, region, rejoice, remove, repair, repeat, represent, result, roar, Roman, ruin, satisfy, scarce, scatter, search, secure, sew, shadow, shed, sheet, shell, shelter, shoot, shot, sigh, silence, silent, slave, slight, sorrow, sorry, Spanish, spare, speech, speed, spent, spite, splendid, spoil, stair, steal, stir, straw, strip, struggle, style, succeed, success, sum, supper, swallow, swift, sword, tale, taught, tender, tent, term, terrible, thy, tip, total, told, tower, toy, track, traveller, treasure, treat, tribe, tried, trim, trunk, union, unless, useful, vain, various, wagon, wake, wander, Washington, wealth, weep, welcome, western, whisper, William, wisdom, wit, wolf, won, worthy, written, yield, youth.

સામાન્ય અંગ્રેજીના નમૂના

ઉપર આપેલા શબ્દોની કાર્યશક્તિનું માપ કાઢવા આપણે હવે પ્રયાસ કરીએ. આ નીચે બેઝિક ઇંગ્લિશ વિષે જુદાજુદા લોકોએ ચાલુ વપરાશની અંગ્રેજી શૈલીમાં અભિપ્રાયો આપ્યા છે એમાંના જે શબ્દો બેઝિક કે થૉર્નડાઇકના લિસ્ટમાં આવી નથી ગયા તે શબ્દો વાક્યમાં પહેલી વાર વપરાય છે ત્યાં ત્રાંસા ટાઇપમાં છાપેલા છે. એકંદર હિસાબ ગણતાં લગભગ દસ ટકા શબ્દો નવા આવે છે, જ્યારે નેવું ટકા સમજાય એવા છે. તેથી થોડી મહેનત અને શબ્દકોશની મદદ-થી એ લખાણ સમજી શકાય તેમ છે. અને પછી તો વાચન વધતાં શબ્દકોશની ઓછી અને ઓછી જરૂર પડતી જવાની. ખ્યાલમાં રહે કે આ તો બધા પત્રકારત્વના અંગ્રેજીના નમૂના છે. વાર્તાઓમાં ઘણી વખત આથી સહેલી અને ઘણી વખત આથી અઘરી ભાષા આવે છે. પણ શીખાઉ માટે ખાસ તૈયાર થએલાં પુસ્તકોમાં આવા શબ્દોનું સરાસરી પ્રમાણ સેંકડે ૫ ટકા જેટલું જ આવતું હોય છે. આ ટૂંકી મર્યાદામાં એવા સાહિત્યના નમૂના રજુ કરી શકાતા નથી એ એક અફસોસની વાત છે.

'A number of *scholars*, after many years' labour, have *evolved* a simpli*fi*ed form of English which is *essential*ly English and in*distinguish*able from it and yet which is *astonish*ingly easy to learn. . . This whole *vocabulary* and *grammar* can be put down on one sheet of paper and an *intelligent* person can learn it in two or three weeks. He will require practise of course in the use of the new language. Those who learn Basic English not only have a simple and *efficient* means of *communication* with others, but they are already on the *threshold* of *standard* English and can *proceed* further if they so wish. I think that where we teach English as a foreign tongue, and we shall have to do this on an exten*sive* scale, Basic English should be taught.'

Pandit Jawaharlal Nehru

'Basic English is here to stay, both as an *auxiliary* world-language and as an instrument for the *progress* of foreign language teaching and even of *instruct*ion in the mother tongue'.

(The late professor S. A. Leonard: Wisconsin University).

'I have never belie*ved* in the practi*ca*bility of a *universal* language, but the discovery of Basic has *shattered* my disbelief . . .'

(R. H. Bruce Lockhart in 'The Evening Standard'.)

'Here is a book (Twentieth-Century Houses) which, if *virtue* were not its own reward, should most certainly be given two *re*views—in parallel columns. For it is not only the best book on its subject but it is written in Basic English and written beautifully.'

'The Spectator'

'A vocabulary of a few hundred words, and a grammar with all *anomalies* removed are not difficult to *acquire*, and there is no reason why Basic English should not *reverse* the *verdict* of Babel, and become a universal means of communication.'

(The Very Rev. W. R. Matthews, Dean of St. Paul's, in 'The Star.')

સંપૂર્ણ

કોષ


(ગયા અંકના પૃ. ૫૦૦ને અનુસંધાને ચાલુ)

ચેતનદ્રવ્યના ગુણધર્મ

કોઇ પણ જડ (non-living) પદાર્થથી ચેતનદ્રવ્યની પાર્થક્યતા સિદ્ધ કરવા માટે નીચેના ગુણો પર ભાર દેવામાં આવે છે:

૧ શોષણ અને બહિર્નિરસન (Absorption and Excretion):શોષણ એટલે ચેતનદ્રવ્ય જે દ્રવ્યો આવશ્યક હોય તેને પોતે લઇ શકે તે, અને બહિર્નિરસન એટલે જે પદાર્થોની તેને જરૂર ન હોય તેને બહાર કાઢી નાખે તે. લીલા છોડવાઓનું ચેતનદ્રવ્ય જમીનમાંથી પાણી અને ખનીજ પદાર્થો લઇ શકે છે અને હવામાંથી કાર્બન ડાયૉક્સાઇડ લઇ શકે છે. કાર્બન ડાયૉક્સાઇડ અને જલમાંથી ખાંડ બનાવવાનું અદ્ભુત કાર્ય (જેને અંગ્રેજીમાં photosynthesis કહે છે તે) કોષો સાધી શકે છે. આ ખાંડને કોષોમાં સંઘરી રાખવાનું કે જરૂર પડચે બીજા ભાગોમાં નવીન રૂપમાં તે પહોંચાડવાનું કે ચેતનદ્રવ્યમાં સમાવેશ કરી લેવાનું–આ બધાં કાર્યો ચેતનદ્રવ્ય સાધી શકે છે. અને ચેતનદ્રવ્યથી તદ્દન ભિન્ન એવાં દ્રવ્યો આવી રીતે મિલાવી લેવાનું ચેતનદ્રવ્ય સાધી શકે છે.


૨ ધાતુસમતા (Metabolism): જીવનતત્ત્વમાં સતત ચાલી રહેલ રાસાયણિક પરિવર્તન, જીવનતત્ત્વમાં રહેલ દ્રવ્યોનું ગઠન અને ભસ્મીકરણ (building up & oxidation) આ ક્રિયાઓના સમૂહને ધાતુસમતા કહેવામાં આવે છે. જીવનતત્ત્વ કે ચેતનદ્રવ્યનાં અનેક કાર્યોમાંનું એક કાર્ય ખાંડ સાથે જમીનમાંથી ચૂસેલાં તત્ત્વોના મિલનથી નત્રિલનો પ્રાદુર્ભાવ અને એ નત્રિલનું જીવનતત્ત્વ સાથે તાદાત્મ્ય સાધવું–એક રૂપ થઇ જવું તે છે. આ રચનાત્મક કાર્ય છે. ખંડનાત્મક કાર્ય પણ કોષોમાં ચાલી રહ્યું હોય છે જ. કારણ કે શક્તિના સર્જન સાથે વિચિત્ર યૌગિકોની ભાંગતોડ ચાલુ જ થાય છે. ચેતનદ્રવ્ય આ શક્તિનો અનેક રૂપે ઉપયોગ કરી લે છે.



રબરના ઝાડના પાનમાં-ના દ્રાક્ષસમૂહ સ્ફટિકકણ (cystolith)

૩ વૃદ્ધિ અને પુનરુત્પાદન (Growth & Reproduction):ચેતનદ્રવ્યની વૃદ્ધિ ચેતનદ્રવ્યમાં થતા ફેરફારો ઉપર જ નિર્ભર છે. નિર્જીવ વસ્તુઓમાં આવા ફેરફારો થતા નથી પરંતુ એક પર બીજું પડ એમ ઉપરા ઉપર જામ્યા કરે છે એટલું જ. પુનરુત્પાદન પણ વૃદ્ધિનો જ પ્રકાર છે.

૪ હલનચલન (Movements): ચેતનદ્રવ્યમાં હલનચલન કરવાની શક્તિ છે અને ઘણી વખત તે ગતિમાન બને છે. કોષમાં રહેલ ચેતનદ્રવ્યની ગતિ તો સૂક્ષ્મદર્શક યંત્રથી સ્પષ્ટ જોઇ પણ શકાય છે. કેટલાક કોષોમાં સતત પ્રવાહ (active streaming) જણાય છે જ્યારે બીજા કેટલાકમાં ચેતનદ્રવ્ય–સમૂહો (protoplasmic masses)ની સ્થિતિ અને રૂપમાં પરિવર્તનો દ્વારા તે વ્યક્ત થાય છે. રીસામણી જેવા છોડવાઓની ગતિ જોવા લાયક હોય છે. પાણીમાં થનાર ઘણા છોડવાઓ એક જગોથી બીજી જગોએ જઇ શકવાની શક્તિ ધરાવે છે. રાત્રી વખતે કેટલાંક પાનો બીડાઇ કે સંકોચાઇ જાય છે. નાના છોડવાઓના કુમળા ભાગો જે તરફ પ્રકાશ હોય છે તે તરફ નમી જાય છે. આ બધી ગતિ–હલનચલન વનસ્પતિને સજીવસૃષ્ટિમાં મૂકવા બસ છે.



રસસ્થાનો જેમજેમ કદમાં મોટાં થતાં જાય છે તેમતેમ તે બધાં એકત્ર થઇ મોટું રસસ્થાન બને છે. (એલોડીયા–Elodea નામના જળછોડનો કોષસમૂહ)

૫ ઉત્તેજકતા (Irritability): બાહ્ય ઉત્તેજનાને વશવર્તી થવું એનું નામ ઉત્તેજકતા. ચેતનદ્રવ્યના હલનચલન ઉપર ઉત્તાપ કે રસાયણ દ્વારા અપાતા વિવિધ જાતના ઉત્તેજકો (various stimuli) એ આ જાતનું સારું દૃષ્ટાંત છે. સાધારણ ઉત્તાપ ગતિને વધારે છે જ્યારે અલ્પ ગરમી ગતિને ઓછી કરે છે. કેટલાંક રસાયણો ગતિને વધારે છે. જ્યારે બીજાં કેટલાંક તેને ઘટાડે છે. ચેતનદ્રવ્ય ઉપર થતી ઉત્તેજનાની અસર તો આખા યે છોડ ઉપર થતી આપણે જોઇ શકીએ છીએ. જરા જેટલા સ્પર્શથી રીસામણીનો આખો યે છોડ કેટલો સંકોચ અનુભવે છે તે તથા કોઇ છોડ કે દાંડી પ્રકાશ તરફ વળે છે તે ઉપરથી બાહ્ય ઉત્તેજનાની અસર સ્પષ્ટ રીતે આપણે જોઇ શકીએ છીએ. સ્વ. જગદીશચન્દ્ર બોઝે આ દિશામાં ઘણું કાર્ય કર્યું છે અને આ માટે જ તે વધુ પ્રખ્યાતિ પામ્યા છે.

ચેતનદ્રવ્યાંતર ભાગોનું વર્ણન

રસસ્થાન (Vacuoles): પાકટ કોષમાં મોટા ભાગની જગો રસસ્થાનથી રોકાએલી હોય છે. આ જગોમાં કેવળ જલ જ રહે છે. અલબત્ત જૂજજાજ દ્રવ્યો તે જલની અંદર મળેલાં હોય છે. આવાં રસસ્થાનોથી કોષનુ કદ વધે છે અને શોષક શક્તિ પણ વધે છે. બહુ નાનાં કોષોમાં આવાં રસસ્થાનો હોતાં નથી. પુખ્ત કોષોમાં જ તે જણાય છે. જેમ જેમ કોષો મોટા થતા જાય છે તેમ તેમ રસસ્થાનો મોટાં જણાય છે. આ રસસ્થાનો જેમ જેમ કદમાં મોટાં થતાં જાય છે તેમ તેમ તે બધાં એકત્ર થઇ એક મોટું રસસ્થાન થાય છે, જેનું કદ (volume) મોટે ભાગે જીવનદ્રવ્ય કરતાં ઘણું મોટું હોય છે. મોટા કોષમાં જીવનદ્રવ્ય કોષ-દિવાલની નજીકમાં તેને અડીને રહેલું હોય છે, જ્યારે રસસ્થાનમાં કેટલાક આડાઅવળા જીવનદ્રવ્યના દોરા (strands) જણાય છે.

રંજક દ્રવ્યકણો (Plastids): આદિદ્રવ્ય (સાઇટોપ્લાઝમ)માં કેટલાક ચોક્કસ આકારના નત્રિલ અવયવો (protein bodies) આવેલા છે. રંજક દ્રવ્યકણો ઘણી જાતના છે અને તે બધાનાં ભિન્નભિન્ન કાર્યો છે. રંગહીન રંજક દ્રવ્યકણો leucoplasts (શુભ્ર રંજક કણો) તરીકે ઓળખાય છે. રંગીત રંજક દ્રવ્યકણો chromoplasts (રંગદ્રવ્ય) તરીકે ઓળખાય છે. રંગદ્રવ્યમાં અસંખ્ય અને એટલાં જ ઉપયોગી હરિદ્રંજક અણુઓ (ક્લૉરોપ્લાસ્ટ્સ) હોય છે, જે હરિદ્રંજક દ્રવ્ય (ક્લૉરોફિલ)ને લીધે લીલા રંગનાં હોય છે. આ હરિદ્રંજક દ્રવ્યોમાં કાર્બનડાયોક્સાઇડ અને પાણી સૂર્યપ્રકાશની મદદથી ખાંડમાં પરિણત થાય છે. રંજક દ્રવ્યોની બીજી ઘણી જાતો હોય છે. ટૉમેટાનો લાલ રંગ અને પીળી કરેણની પાંખડીઓનો પીળો રંગ એ આ રંજક દ્રવ્યોને આધીન છે. ફળ અને ફૂલના તમામ રંગો આ રંજકદ્રવ્યો પર હમેશાં નિર્ભર નથી. કારણ કે આ બધા રંગો તો રસસ્થાનોમાં જે વિવિધ રંગો મિશ્રિત થયા હોય છે તેને આધીન પણ હોય છે. વિવિધ જાતનાં રંજકદ્રવ્યોમાં કોઇ ખાસ

પાર્થક્યદર્શક સીમાચીહ્ન નથી: શુભ્રવર્ણાં દ્રવ્યને જો સૂર્યના પ્રકાશનો લાભ મળે તો તે હરિદ્રરંજકદ્રવ્યની સહાયથી હરિદ્રરંજકદ્રવ્યમાં પરિણમે છે જ્યારે ટૉમેટોમાં હરિદ્રરંજક અણુઓ (ક્લૉરોપ્લાસ્ટસ) ટૉમેટો પાકે છે ત્યારે રક્ત રંગ ધારણ કરે છે.

રંજક દ્રવ્યકણો વધે છે અને વિભાજિત પણ થાય છે. હરિદ્રરંજક અણુઓ (ક્લોરોપ્લાસ્ટ્સ) એ આદિદ્રવ્યનો જ ભાગ છે. અને તેનો આકાર બાઈ–કૉન્વેક્સ લેન્સ જેવો હોય છે. તેમાં ચાર જાતના રંગો હોય છે: બે લીલા રંગો (હરિદ્રરંજકદ્રવ્ય–અ, હરિદ્રરંજકદ્રવ્ય–બ chlorophyll alpha અને chlorophyll beta) અને બે પીળા રંગો (કૅરોટીન અને ઝેન્થોફીલ–નારંગી રંગ). આ ચારમાંથી એક પણ રંગ પાણીમાં દ્રાવ્ય નથી અને તેથી આદિદ્રવ્યમાં આ રંગો જણાતા નથી. આ રંગો સ્નેહો અથવા ચરબી અથવા ચરબીને ઓગાળનાર પદાર્થો (fat solvents), જેવા કે એસેટોન; આલ્કોહોલ અને પેટ્રોલિયમ ઇથરમાં જ દ્રાવ્ય છે. આપણે જો લીલાં પાંદડાંને આલ્કોહોલ નાખી ગરમ કરીશું તો લીલો રંગ જણાશે. આ લીલો રંગ તે કલૉરોફીલને લીધે છે, પરંતુ પાંદડાંમાં હોય છે તે જાતનું કલૉરોફીલ આ દ્રાવણમાં નથી હોતું; આમાં તો પીળા તેમ જ નારંગી રંગો પણ ભળેલા હોય છે. ઉપરના આલ્કોહોલવાળા કવાથમાં થોડુંક પેટ્રોલિયમ ઇથર નાખવાથી આ સ્પષ્ટ જોઈ શકાય. આ નાખવાથી ચોકખાં બે પડ આપણને જણાશે. એક લીલું અને બીજું પીળું. કૅરોટીન અને ઝેન્થોફીલ પેટ્રોલિયમ ઇથર કરતાં આલ્કોહોલમાં વધુ સુદ્રાવ્ય છે જ્યારે કલૉરોફીલ એથી ઊંધું છે.

આ બધી કોષલીલા આપણે જાણી શકયા તે સૂક્ષ્મદર્શક યંત્રની સહાયથી. જો આ ઉપયોગી યંત્રની શોધ ન થઇ હોત તો આંમાંનું કાંઇ પણ આપણા જાણવામાં આવ્યું હોત નહિ. આ એક યંત્રે વિજ્ઞાનના વિકાસમાં અજબ ફાળો આપ્યો છે: ૧૬૬૫ થી ૧૭૦૦ સુધીના શોધકો ઉપર તો આ યંત્રે જાદુ જેવી અસર કરી છે. એક ડચ તત્ત્વજ્ઞાની તો આ યંત્ર દ્વારા જે અદીઠ દર્શન લાધ્યું તેનાથી એટલો બધો ચકિત થઇ ગયો કે તેણે પોતાની બધી નોંધ બાળી મૂકી, કારણ કે કુદરતની આ દિવ્ય લીલાને પ્રગટ કરવી એ કુદરતનો મોટામાં મોટો અપરાધ છે એમ તેણે માન્યું. મનુષ્યદૃષ્ટિથી જે કળા ગુપ્ત રહેવા સરજાએલી છે તેને પ્રગટ કરવી એ દોઢડહાપણ છે એમ આ વિદ્વાનને લાગ્યું!

કોષની શોધનું માન રૉબર્ટ હૂક (૧૬૩૬–૧૭૦૩) નામના અંગ્રેજ વિદ્વાનને ભાગ જાય છે. પ્રથમ તેણે બાટલીનો બૂચ તપાસ્યો હતો. આ જ અરસામાં અંગ્રેજ ચિકિત્સક ગ્રુ, ઇટાલિયન પ્રોફેસર ઑફ મેડીસીન માલ્પીઘી અને હોલૅન્ડના લ્યુવેનહૉક (Leeuwenhock) વગેરેએ કોષોની રચના નિહાળી અને તેનો અભ્યાસ આદર્યો. પરંતુ આદિદ્રવ્ય (cytoplasm) સૌ પહેલાં ૧૭૭૨માં કૉર્ટી નામના ઇટાલીના વિદ્વાને જોયું. આ વિદ્વાને કોષરસને 'sap' તરીકે ઓળખાવેલો. ૧૮૩૧માં ઇંગ્લંડના રૉબર્ટ બ્રાઉને ચિદણુ અને આદિદ્રવ્ય ઉપર વેધક પ્રકાશ ફેંકયો. ૧૮૬૮માં હક્સલીએ ચેતનદ્રવ્યને Physical basis of life–જીવનાધાર કહ્યું. ટૂંકમાં, વિવિધ યુગોમાં વિવિધ વિદ્વાનોની સૈકાઓની મહેનતને પરિણામે હાલ આપણે એટલું જાણતા થયા છીએ. પરંતુ આ હજી અધુરૂં છે. આપણે બધા હજી પેલા હાથી અને સાત આંધળા જેવા છીએ. કુદરતની અનેક અગાધ લીલાઓ જાણવાનું જોવાનું હજી તો શરૂ જ થયું છે. અખૂટ જ્ઞાનરાશિનો આ એક કણ જ છે. ભવિષ્યનું વિજ્ઞાન હજી કુદરતની અસંખ્ય ગુપ્તતાઓને શોધી કાઢશે.

બાપાલાલ ગ. વૈદ્ય

બા ળ વિ ભા ગ

પંચતન્ત્રની વાર્તાઓ

'શ્રી રામકથા' નામથી રામાયણ, 'ભારતી' નામથી મહાભારત અને 'ઇશુચરિત' નામથી બાઈબલનો કથાસાર, લોકસમાજને રૂચે એવી સરળ અને પોતાની વિશિષ્ટ શૈલીમાં ટૂંકામાં ઉતાર્યા પછી શ્રી વાલજીભાઇએ જગત-સાહિત્યનો એટલો જ વિખ્યાત, અને કદાચ સૌથી વધારે પ્રચાર પામેલો ગ્રન્થ 'પંચતન્ત્ર' એવી જ શૈલીમાં ટૂંકામાં ઉતારવો શરૂ કર્યો છે; અને તે 'કુમાર'માં કટકે કટકે આપવાના છે. તેનો આ બીજો હપતો છે.

કથા ૧

કરટક બોલ્યો:

'મગધદેશમાં ધર્મારણ્યને પડખે કોઈ વણિકપુત્રે વિહાર ચણાવવા માંડ્યા. ત્યાં કામ કરનારા મધ્યાહ્ન વેળાએ જમવા સારૂ ભોજનમંડપમાં ગયા ત્યારે કોઇ શિલ્પીએ કરવતથી અર્ધા વહેરેલા અર્જુનઝાડના થંભ-માં ખેરનો ખીલો ભરાવ્યો. એવામાં વાંદરાંનું એક મોટું જૂથ ત્યાં આવી ચડ્યું. તે આમતેમ કૂદાકૂદ કરવા મંડ્યું. એમાંથી એક કાળનિમંત્રિત અટકચાળો વાંદરો સહેજ ચપળતાથી થંભના બે ભાગ વચ્ચે બેસીને પ્રયત્નપૂર્વક ખીલો ખેંચવા ડ્યો; અને ખીલો નીકળી ગયો એવો જ પીલાઇને મરી ગયો.

'એટલે હું કહું છું: પંચાતે પારકી ઇત્યાદિ.'

દમનક: 'તો પણ સ્વામીની ચેષ્ટા સેવકે અવશ્ય નિરખતાં રહેવું જોઇએ.

કરકટ: 'એ તો પ્રધાનમંત્રીનું કામ છે. સેવકે બીજાના અધિકારની ચર્ચા કદાપિ ન કરવી ઘટે. જો,

પરાધિકાર ચર્ચા જે કરે સ્વામીહિતેચ્છુ એ,
ભૂંકીને ગર્દભે માર ખાધો એમ દખી થતાં.

દમનકે પૂછ્યું, 'એ કેવી રીતે?' કરટક કહે,



વિષ્ણુશર્મા કુમારોને વાર્તાઓ કહે છે.



એક કાળનિમંત્રિત અટકચાળો વાંદરો સહેજ ચપળતાથી થંભના બે ભાગ વચ્ચે બેસીને પ્રયત્નપૂર્વક ખીલો ખેંચવા મંડયો.

કથા ૨*

'વારાણસીમાં કર્પૂરપટક નામે ધોબી હતો. થાકીપાકીને રાત્રિએ એ સૂતો હશે, ત્યાં ચોર આવ્યો. આંગણામાં ગધેડો બાંધેલો ઊભો હતો, ને કૂતરો બેઠો હતો. ગધેડાએ કૂતરાને કહ્યું, 'કુક્કુર રાણા. તારૂં તો આ કામ છે, તો પછી ઊંચે સાદે ભસીને તું સ્વામીને કેમ જગાડતો નથી?' કૂતરો કહે, 'રાસભરાજ, મારા કામની ચર્ચા તારે ન કરવી. તું જ ક્યાં નથી જાણતો, કે હું રાતદિવસ એના ઘરની રક્ષા કરૂં છું. પણ બહુ દિવસથી એને નિરાંત છે, એટલે એ મારો ઉપયોગ જાણતો નથી, અને મને ખાવાનું દેતાં યે વીસરી જાય છે. દુઃખ નથી પડતું તો શેઠ નોકરનો ભાવ પૂછતો નથી.' ગધેડો કહે, 'અરે ભૂંડા, વિપત્તિ વેળાએ તું સ્વામીનું કામ સંભાળતો નથી એવો પાપી છો. ઠીક છે. હું જ શેઠને જગાડું.' એમ કહીને એ તાણીને ભૂંક્યો. આથી ધોબી જાગી ગયો. નિદ્રામાં ભંગ પડ્યો, એટલે એણે કોપાયમાન થઇને ગધેડાને લાકડીએ લાકડીએ માર્યો; ને અધમુઓ કરી નાખ્યો.

'એટલે હું કહું છું, "પરાધિકાર ચર્ચા જે" ઇત્યાદિ. શા કાર સારૂ પશુ ગોતવાં એ આપણું કામ છે એની ચર્ચા કર ને. પણ આજ તો એ ચર્ચાનું પ્રયોજન નથી; કાલનો વધેલો આહાર પુષ્કળ પડ્યો છે.'

દમનકે કહ્યું: 'તમે તો રોટલા સારૂ જ રાજસેવા કરો છો કે? પણ પેટ તો પશુપંખી યે ક્યાં ભરતાં નથી?'

કરટક કહે, 'પણ આપણે પ્રધાન નથી તો પછી આપણે આ વિચાર શું કામ કરવો?'

દમનક કહે, 'કાળે કરીને અપ્રધાન પણ પ્રધાન બને છે બધો ય આધાર પોતાના પ્રયત્ન ઉપર છે.'

કરટક કહે, 'હવે તારો શું વિચાર છે?'

દમનક કહે, 'આ આપણા સ્વામી તથા તેનો પરિવાર ભયભીત છે, ને એની મતિ મૂંઝાઇ ગઇ છે. એટલે એની પાસે જઇને આજ જ બુદ્ધિપ્રભાવથી એને હું વશ કરીશ તથા પ્રધાનપદ મેળવીશ.'

કરટક કહે, 'સેવા કેમ કરાય એનું તને ભાન નથી. અવસર વિના તું ગયો તો તારૂં અપમાન થવું છે.'

* મૂળ પંચતત્રમાં નથી. નારાયણના હિતોપદેશમાંથી લીધી છે.

દમનકે કહ્યું, 'એમ તો એમ. પણ સેવકે સ્વામીને પડખે ચડવું જ જોઇએ.


દોષત્રાસે અનારંભ એ કાપુરુષ લક્ષણ।
કો અજીર્ણ ભયે ભાઇ ખાવાનું બંધ રાખતો॥

॥હિ.સુ.૫૭॥

રાજા, વેલાની ઘોડે જે પાસે વસે એને વીંટાય છે. વિરાટનગર જતાં પાંડવોને ધૌમ્યઋષિએ સેવાધર્મ શીખવ્યો હતો તે હું જાણું છું.

કરટક કહે, 'તો જા. તારૂં કલ્યાણ થાય.'

[ચાલુ] **દેસાઇ વાલજી ગોવિંદજી**



'ચીતરવાનું સહેલ' બનાવતી જાપાની ચિત્રપોથીઓનાં પાનાં . . . . [૪]
સામાન્ય લીટોડામાંથી ઝડપ ને સરળતાપૂર્વક ચિત્રાકૃતિઓ ઊપજાવવાનો મહાવરો પાડવા માટે જાપાનના ચિત્રશિક્ષકોએ યોજેલા કેટલાક ચિત્રપાઠોના ક્રમમાં અવારનવાર જે નમૂના અપાતા રહે છે તેનો એક આગળ હપતો.

ફોટોગ્રાફી

પૉઝિટિવ


આપણે નેગેટિવ ઉપજાવવાની બધી ક્રિયાઓ જાણી. હવે, નેગેટિવ સુકાઇ ગયા બાદ તેમાંથી કાગળ ઉપર ચિત્ર કેમ ઉતારાય તે હવે જોઇએ. જે કદની નેગેટિવ હોય તેટલા જ માપનું ચિત્ર કાગળ પર ઉતારીએ તેને 'પ્રિન્ટ' કહે છે. પણ નાની નેગેટિવમાંથી મોટા કાગળમાં જ્યારે છબી કાઢીએ ત્યારે તેવું મોટું ચિત્ર 'એન્લાર્જમેન્ટ' કહેવાય છે અને તે ઉતારવાની રીતને એન્લાર્જિંગ કહે છે.

નેગેટિવનો અને પૉઝિટિવનો તફાવત આપણે અગાઉ સમજ્યા છીએ. વિષયના મૂળ સ્વરૂપમાં કૅમેરાની મદદથી કાગળ કે ફિલ્મ અગર પ્લેટ ઉપર ચિત્ર ઉપજાવીએ ત્યારે તે ચિત્ર 'પૉઝિટિવ' કહેવાય છે. સીનેમાની બધી ફિલ્મ પૉઝિટિવ હોય છે, ને તેથી જ આપણે સીનેમાના રૂપેરી પડદા પર ચિત્રો તેના અસલ સ્વરૂપમાં જોઇ શકીએ છીએ.

કાચ કે ફિલ્મના ટુકડા પર પારદર્શક ચિત્ર હોય ત્યારે તે લૅન્ટર્ન સ્લાઇડને નામે પણ ઓળખાય છે અને તેનું કદ હમેશાં ૩¼"×૩¼" સમચોરસ હોય છે. એથી મોટા કદનાં એનાં પારદર્શક ચિત્રોને 'ટ્રાન્સલાઇટ' (Translite) કહે છે.

આમ, પૉઝિટિવના ત્રણ પ્રકાર થયા. પહેલો પ્રકાર તે લૅન્ટર્નસ્લાઇડ અને ટ્રાન્સલાઇટ ચિત્રો. નેગેટિવના કદના જ કાગળ પરના પ્રિન્ટ તે બીજો પ્રકાર; અને ગમે તે કદનું કાગળ પરનું ચિત્ર, એન્લાર્જમેન્ટ, તે પૉઝિટિવનો ત્રીજો પ્રકાર છે.

પ્રિન્ટિંગ અને એન્લાર્જિંગ



નેગેટિવમાં વિષયના વર્ણ અવળા હોય છે, ધોળો ભાગ કાળો અને કાળો ભાગ ધોળો દેખાય છે. બાકીના વચલા ટોન ઓછાવત્તા પ્રમાણમાં પારદર્શક હોય છે. જે પ્રકારનું ઇમલ્શન નેગેટિવ બનાવવા ફિલ્મ કે કાચ ઉપર લગાડાય છે લગભગ તેવું જ મિશ્રણ પૉઝિટિવ છાપ માટે કાગળ પર ચોપડીને તૈયાર કરવામાં આવે છે, જેને પરિણામે આપણને ચિત્ર તેના અસલ સ્વરૂપમાં મળે છે. આવા દવા લગાડેલા કાગળો સામાન્યતઃ 'બ્રોમાઇડ પેપર'ના નામથી ઓળખાય છે, કારણ કે તેની બનાવટમાં મુખ્યત્વે સિલ્વર બ્રોમાઇડ વપરાય છે.

નેગેટિવને દવાવાળા કાગળની સાથોસાથ મૂકીને જોઇતા પ્રમાણમાં જરૂરી પ્રકાશ તેના પર પાડીએ એટલે નેગેટિવની મારફત કાગળ પર ઓછાવત્તા અંશે પ્રકાશની અસર પહોંચે છે અને ત્યાર બાદ યોગ્ય મિશ્રણમાં ડેવેલપ કરીએ એટલે કાગળ ઉપર ચિત્ર ઉપડી આવે છે. નેગેટિવ જ્યાં જ્યાં વધુ પારદર્શક હોય છે ત્યાંત્યાંથી પ્રકાશ વધારે પ્રમાણમાં કાગળ ઉપર અસર ઉપજાવે છે. કાળા ભાગમાંથી પ્રકાશ ભાગ્યે અંદર જતો હોવાથી કાળાની જગ્યા કાગળ પર ધોળી રહે છે, અને બાકીનો ભાગ પ્રમાણસર કાળાશ પકડતો જાય છે, જેને પરિણામે કાગળ પર ચિત્ર ઉપજે છે.

ફિલ્મ કરતાં કાગળનું ઇમલ્શન પ્રમાણમાં ઓછું ઝડપી હોય છે અને તેના પર લાલ પ્રકાશની ખાસ અસર થતી નથી, એટલે પ્રિન્ટિંગ તથા એન્લાર્જિંગનું કામ કરવા માટે બિલકુલ અંધારાની જરૂર રહેતી નથી, અને ઝાંખા લાલ પ્રકાશમાં કામ થઇ શકે છે.

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામઃ 'સન્ધ્યાસૌંદર્ય'—ભાઈ હાસમ સુતાર (નડીઆદ); બીજું ઇનામઃ 'સર્જનહાર'—ભાઇ રસિક કમાણી (ધારી); ત્રીજું ઇનામઃ 'બાલ ભીખારણ'—ભાઇ ગિરિજાશંકર દવે (પાલીતાણા); ઉત્તેજનાઃ 'ઘર તરફ'—ભાઇ એસ. એન. છીપા (અમદાવાદ); નોંધપાત્ર, ગુણ પ્રમાણેઃ ૧ પૂનમચંદ કમાણી (ધારી), ૨ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર), ૩ મોહનલાલ આંબા (અરૂશા), ૪ એન. જી. શાહ (નડીઆદ), ૫ જસવંત ઠક્કર (ભાવનગર), ૬ જે. પી. વારા (જામનગર).

આથમતા આકાશનું સૌંદર્ય સૌકોઈ નિહાળે છે, પણ તેને ઝડપી, ફોટોચિત્રમાં રજૂ કરવું ભારે મુશ્કેલ છે. સન્ધ્યાના આછા તેજમાં આકૃતિ છાયાચિત્ર રૂપે આવે, તેથી ચિત્રસંયોજન ને આકર્ષણ વિષયમાંના ડીઝાઇનનાં તત્ત્વો પર અવલંબે છે. ચિત્રની રેખાઓથી જ ચિત્રનિર્માણ થાય છે. ભાઇ હાસમના ચિત્રમાં પશ્ચિમ-ક્ષિતિજમાં ડૂબતો સૂર્ય ચિત્રનું કેન્દ્ર છે. તેની આજુબાજુ રમતી વાદળીઓ ચિત્રનું મુખ્ય આકર્ષણ છે. ચિત્રમાં વર્ણભેદ ઠીક જળવાયા છે, પણ પ્રિન્ટને ડાબી તરફથી લગભગ દોઢ ઈંચ ને નીચેથી અરધો ઇંચ કાપવાથી ચિત્રના કાળા અને આછા ટોનનું સમતોલન થાય છે.

કુંભાર કલાકારોનો પ્રિય વિષય લાગે છે. સૌ કોઇ એકાદ વાર પોતાનો કૅમેરા તેના તરફ ધરે જ છે. નવા દૃષ્ટિકોણથી નવીન સંયોજન વગર એ ચિત્ર સામાન્ય સ્નૅપ બનવાનું. ભાઇ કમાણીનો દૃષ્ટિકોણ સારો છે. બૅકગ્રાઉન્ડનાં વાસણો ચિત્રવસ્તુને અનુમોદન આપે છે. ફરતા ચાકડાની ગતિ પ્રિન્ટમાં સ્પષ્ટ જણાય છે.

ભાઈ દવેનો સ્નૅપ સારો છે. બાળક ચીથરેહાલ કપડાંમાં છે તેથી જ તેનું નામ બાલભીખારણ આપ્યું જણાય છે. પણ હાથની બંગડીઓ અને કડલીઓનું શું? ખાવાનું આપનારને પ્રિન્ટમાંથી કાપી નાખવામાં ભાઇ દવેએ ડહાપણ વાપર્યું છે.

ભાઇ છીપાનું 'ઘર તરફ' સારૂં છાયાચિત્ર છે. પ્રિન્ટ સૉફ્ટ ગ્રેડના કાગળ પર કાઢવાની જરૂર છે. તેમ કરતાં આકાશમાંનાં વાદળાં ચિત્રમાં ઉતારી શકાશે. ભાઇ વારાનું ચિત્ર એ જ પ્રકારનું છે. 'વરસાદ પછી' નામ બિલકુલ વિષય સાથે અસંબદ્ધ છે. આગળના ઝાડનું કદ વધારેપડતું મોટું આવવાથી ચિત્રમાં સંકડામણ લાગે છે. પાછળનું ઝાડ ગાડાના આકારમાં ગુંચવાડો ઉપજાવે છે.

ભાઇ પૂનમચંદ કમાણીનું 'અવસ્થાને આરે' બુઝર્ગનું પોર્ટ્રૅટ છે. બૅકગ્રાઉન્ડ બરાબર નથી. પાત્રના ફક્ત ચહેરાને એન્લાર્જ કરવાની જરૂર છે. ભાઈ ચતુર્ભુજનું 'શ્રમજીવી' આઉટ ફોકસ છે. ભાઈ કમાણીના ચિત્રની ટીકા આને લાગુ પડે છે. ભાઇ મોહનલાલે પક્ષીનો સ્નૅપ લીધો છે. કહે છે કે સારસ છે. જરા ઊંચાઇથી લીધું હોત તો જમીન એની બૅકગ્રાઉન્ડ બનત. ભાઇ શાહે ઊતરતી ગ્રેડના કાગળ પર પ્રિન્ટ ઉતારવો. એથી ચિત્રની હાઇ લાઈટ્સની વિગત બરાબર આવશે. ભાઇ જસવંત ઠક્કરના ફોટોચિત્રમાં મુખ્ય લક્ષ્યનો અભાવ છે. ચિત્રનો હેતુ સમજાતો નથી.

બલવન્ત ભટ્ટ

વૈકુંઠે જવા

શહેરના કોઈ બગડેલા રસ્તા જેવા કાઠિયાવાડના એક ગામમાં પાંત્રીસ વરસની વિધવા અંબા પોતાની પંદર વરસની દીકરી હીરકી સાથે સ્મશાન તરફ જતા રસ્તા પર રહેતી હતી. હીરકીનું રોગિષ્ટ પાતળું નાનું શરીર, જમણો ઠુંઠો હાથ, સત્વહીન ન છૂટકે છાતીને ચોંટી રહેલાં સ્તનોનું ચોળામાંથી દેખાઇ આવતું કઢંગાપણું ને ગૂમડાં પરની મલમની ત્રણચાર પટ્ટીવાળા પગની અસ્થિરતા કોઇને પણ આમતેમ લથડિયાં ખાતી હડકાઈ કૂતરીની યાદ આપતી હતી. ઘસાઇ ઘસાઇ અરધા થઇ ગએલા સાવરણી જેવા તેના વાળ જ્યારે તે સાંજના ભાંગેલા કાચમાં જોઇ ઓળતી ત્યારે તેના શરીરની બેવકુફાઇ નરી તિરસ્કારને પાત્ર લાગતી. ફુલકુંવરનો ત્રીસ વરસનો છોકરો મધુ તેને ચાહતો હતો, પ્રેમ કરતો હતો, હીરકીની મા દેવદર્શને જાય કે પાડોશીને ત્યાં બેસવા જાય, પાણી ભરવા જાય કે સીમમાં છાણાં લેવા જાય, ત્યારે સમયનો લાભ લઇ હીરકી ને મધુ મિષ્ટ મિલનો કરતાં, સુખી સંસારની કલ્પનાભોમ રચતાં. અચાનક મધુ આવતો બંધ થઇ ગયો. 'આજ આવશે, કાલ આવશે'ની હીરકીની આશાઓ નષ્ટ પામી. દિવસે દિવસે તેના માનસિક ને શારીરિક રોગોની ભયંકરતા વધતી ગઇ.

એક નમતી સાંજે પથારીમાં પડે પડે તેણે પોતાની માનો અવાજ સાંભળ્યો, 'મનકી, કોનીજાન નીકળી?'

'પેલા ફુલકુંવરના છોકરા મધુની' એક બાઇએ જવાબ આપ્યો.

'સારૂં થયું બિચારી ફુલકુંવરને આટલે વરસે પરભુએ સામું જોયું'. કહી તે ઘરનું બારણું બંધ કરી હીરકીની પથારી આગળ બેઠી.

'મા, દાકતરને બોલાવને?' પીડાતી હીરકી બોલી.

મને ય થાય છે કે દાકતરને બોલાવું. પણ પૈસા ક્યાંથી લાવું, દીકરી?'

'તો મારી સ્મશાન તરફ જાન નીકળશે, મા!'

'શું કહ્યું?' માએ ન સાંભળતાં ફરી પૂછ્યું. જવાબમાં દૂર મધુના લગ્નની સરણાઇ વાગતી હતી.

ને ત્રીજા દિવસની નમતી સાંજે હીરકીનો દેહ અગ્નિમાં બળતો હતો.

અંબા હવે એકલી થઇ ગઇ. તેણે પોતાની જૂની પેટીમાંથી એક કોથળી કાઢી ત્રણ સો રૂપિયા રોકડા ગણી જોયા ને સંતોષથી પાછા મૂકી દીધા.

'હાશ! મારો દા'ડો ને હવેલીમાં પારણું થાશે, આટલે રૂપિયે' પોતાની દીકરીના મૃત્યુને વિસારવા તેને મન કરમની કઠણાઇ હતી.

હવેલીના સ્થાનભ્રષ્ટ ઓધવજી મુખ્યાજીની અંબા ઉપર સારી આંખ હતી. અંબાને તેણે 'વલ્લભાખ્યાન' ને 'ચંદ્રહાસ આખ્યાન' મોઢે કરાવ્યાં હતાં. 'રાધિકા વિરહના દ્વાદશ માસ'નું પુસ્તક તેને દરરોજ વંચાવતા ને સ્વરચિત 'કૃષ્ણગોપી લીલા' રસપૂર્વક સમજાવતા.

આમ અંબાની ઘટમાળ કેટલા ય વરસ ચાલુ રહી, ને એક દિવસ વસ્તુ માત્ર ક્ષણભંગુર છે તે સત્યને દૃઢ કરવા અંબા પોતાના ત્રણ સો રૂપિયામાંથી નાતને જમાડવાનું ને હવેલીમાં ઠાકોરજીને પારણું કરવાનું સગાંને કહી વૈકુંઠ જવા આ મનખા દેહને તજી ગઇ.

ગંગાદાસ પ્રાગજી મહેતા

આ મહિનો (ડીસેમ્બર) . . . અને એની પ્રતિભા

તા. ૧ હિંદના પહેલા ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સનો ચર્ચિલ મુકામે જન્મ—ઈ. ૧૭૩૨.

તા. ૨ સંત ફ્રાન્સિસ ઝેવીઅરનું ચીનમાં સાનશિયાન મુકામે અવસાન—ઇ. ૧૫૫૨ * * ઑસ્ટરલિટ્ઝનું યુદ્ધ—ઇ. ૧૮૦૫.

તા. ૪ ઈંગ્લંડના મહાન ચિંતક ટૉમસ કાર્લાઇલનો જન્મ—ઇ. ૧૭૯૫.

તા. ૫ રોમ સંયુક્ત ઈટલીની રાજધાની બન્યું—ઇ. ૧૮૭૦ * * ફ્રાન્સના મહાન નવલકથાકાર ઍલેકઝાંડર ડુમાનું પ્વી (Puy) મુકામે અવસાન—ઇ. ૧૮૭૦ * * ગુજરાતના મહાન પત્રકાર ઇચ્છારામ સૂર્યરામ દેસાઇનું અવસાન—ઇ. ૧૯૧૩.

તા. ૭ મેરી ક્વીન ઑફ સ્કૉટ્સનો જન્મ—ઇ. ૧૬૪૨ * * મહીસુરના સિંહ હૈદરઅલીનું અવસાન ને તેના પુત્ર ટીપુ સુલતાનનું રાજ્યારોહણ—ઇ. ૧૭૮૨.

તા. ૮ શહેનશાહ પાંચમા જ્યૉર્જે બંગભંગ રદ કર્યો—ઈ. ૧૯૧૧.

તા. ૧૦ લંડનની રૉયલ ઍકેડેમીની સ્થાપના—ઇ. ૧૭૬૮.

તા. ૧૨ દિલ્હી હિંદુસ્તાનનું પાટનગર બન્યું—ઈ. ૧૯૧૧

તા. ૧૩ ટાસ્માને ન્યૂઝીલૅન્ડ શોધ્યો—ઇ. ૧૬૪૨.

તા. ૧૪ હિંદના પહેલા વાઇસરૉય લૉર્ડ કૅનિંગનો જન્મ—ઇ. ૧૮૧૨

તા. ૧૬ ઇંગ્લંડ વિરુદ્ધ લડત ઉપાડી અમેરિકાની બૉસ્ટન ટી પાર્ટીએ ચાની પેટીઓ દરિયામાં ફેંકી—ઇ. ૧૭૭૩

તા. ૨૦ ગવર્નર જનરલની સત્તામાં ઘટાડો કરી સિવિલ, મિલિટરી ને રેવન્યુ બાબતોની બધી સત્તા તાજ તરફના ૬ કમિશનરોના હાથમાં મૂકતું પિટ્સ ઇન્ડીઆ બિલ—ઇ. ૧૭૮૪.

તા. ૨૮ હિંદમાં અંગ્રેજી કેળવણીનું માધ્યમ ઘુસાડનાર લૉર્ડ મૅકૉલેનું કેન્સિંગટન મુકામે અવસાન—ઇ. ૧૮૫૯.



આ માસની વિભૂતિ
રણછોડલાલ છોટાલાલ

ઈ. ૧૮૨૩ના એપ્રિલની ૨૯ મીએ અમદાવાદમાં જન્મ. મુનશી ફૈઝુદ્દીન પાસેથી ફારસી તથા થોડું અંગ્રેજી શીખી ૨૦ વર્ષની ઉંમરે કસ્ટમ ખાતામાં માસિક રૂ. ૧૫)ની નોકરી મેળવી. એમાં છેવટે રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટના દફતરદારની જગ્યા સુધી પહોંચ્યા, પણ એમાં કાંઇ બાબતસર એમના પર લાંચ લેવાનું આળ આવ્યું. દુશ્મનોના પ્રપંચથી આવેલા એ આળમાંથી એ નિર્દોષ છૂટયા, સરકારી નોકરીને સદાની તિલાંજલિ આપી.

હવે જ એમની નૈસર્ગિક બુદ્ધિ સ્વતંત્ર બની. ૧૮૪૪થી ૧૮૫૪ સુધી તેમનું મન યુરોપીય રીતોથી દેશી હુન્નરઉદ્યોગો વધારવામાં રોકાયું. મેજર ફૂલ જેમ્સ ને લૅન્ડન વગેરેની ભલામણ અને સહાય વડે ૧૮૫૯માં એમણે અમદાવાદ સ્પીનિંગ ઍન્ડ વીવિંગ કંપનીનું મુહૂર્ત કર્યું. તે માટે એમણે શી રીતે ભંડોળ જમાવ્યું, એક વખત બધા સંચા દરિયામાં ડૂબી ગયા ને મૅનેજર કૉલેરા થતાં મરણ પામ્યો છતાં શી રીતે એમણે ધીરજ રાખી ને શેરહોલ્ડરોને સમજાવ્યા એ બધું એમના પુરુષાર્થની પરાકાષ્ઠા સૂચવે છે.

રૂના કારખાનામાં કમાણી જોઇ ઇ. ૧૮૭૭માં સારંગપુર દરવાજા બહાર જિનિંગ ઍન્ડ મૅન્યુફૅકચરિંગ કંપની નામનું બીજું કારખાનું કાઢયું. ત્યાર બાદ એમને વિચાર આવ્યો કે આ દેશના જ લોઢાથી લોઢાનાં યંત્રો બનાવાય તો દેશ ઘણો આબાદ થાય, એટલે પંચમહાલ જિલ્લામાંથી તેની ખાણો શોધી કાઢવા 'ગુજરાત કોલ ઍન્ડ આયર્ન કંપની લિમિટેડ' ઊભી કરી, પણ કલેક્ટરે મંજૂરી ન આપતાં એ યોજના આટોપી લેવી પડી.

ઇ. ૧૮૮૩માં સરકાર તરફથી અમદાવાદ મ્યુનિસિપાલિટીના કાયમી પ્રમુખ તરીકે તેમની ચૂંટણી થઇ. એ પ્રમુખપદેથી રોગના ઘર જેવા એ શહેરને નદીમાંથી ચોકખું પીવાનું પાણી પૂરું પાડવાની અને શહેરની ગંદકી ગટરો મારફત દૂર કાઢવાની યોજનાઓ એમણે હાથ ધરી ને મ્યુનિસિપલ કમિશનરોના વિરોધ છતાં તે પાર પાડી. ગટરો વિરુદ્ધ તો લોકમત એટલો ઉશ્કેરાઇ ગયો હતો કે એમને હાલતાં ચાલતાં ગાળો ખાવી પડતી ને કેટલાકોએ તો પત્થરો યે વરસાવેલા.

ઇ. ૧૮૯૨માં મુંબાઈ સરકારે લેજિસ્લેટિવ ઍસેમ્બલીના સભ્ય ચૂંટયા દારૂનિષેધના એ પ્રખર હિમાયતી હોઇ એમણે મહૂડાબિલને ટેકો આપ્યો.

ઇ. ૧૮૯૮ના ઑકટોબરની ૨૬મીએ હૃદયરોગથી તેમનું અવસાન થયું.

રણછોડભાઇએ પોતાના જીવતાં ગુજરાતના જાહેરજીવનને જે વેગ આપેલો, એ અહીં રજૂ કરવો મુશ્કેલ છે. પણ એટલાથી યે એમને સંતોષ નહોતો. પરદેશી સરકારની હકૂમતથી એમની ઘણી મહત્ત્વાકાંક્ષાઓ મનમાં જ કરમાઇ ગઇ. અમદાવાદથી ખંભાતનો માર્ગ સુએઝ કરતાં ટૂંકો હોઇ, અમદાવાદ સુધી દરિયાનાં પાણી લાવવાનો એમનો મનોરથ પણ એમ સીઝાઇ ગયો, નહિતર આવો મહત્ત્વાકાંક્ષી પુરુષ અનુકૂલ સંજોગોમાં સ્વતંત્ર હિંદમાં જન્મ્યો હોત તો શું ન કરી શકત?



જગતના દેશોના રાજકારણના ચાલુ અગત્યના પ્રશ્નોની અત્યંત સરળ ભાષામાં ટૂંકી પિછાન આપતી લેખમાળા

[૫] સરહદ પરની ચાલુ હત્યા

"મેં સૌ પહેલાંના વિમાનો ઊડતાં જોયાં છે. રાઇટ બંધુઓને એમનું પૈડાં વિનાનું બેડોળ વિમાન ફ્રાન્સની ભૂમિ પર ઉતારતા પણ મેં જોએલા ને એ પ્રાથમિક વિમાનોને સાનંદાશ્ચર્ય જોઇ રહેલો. ત્યારે અને ત્યાર પછી લાંબા કાળ સુધી મને લાગેલું કે માનવે મેળવેલી સિદ્ધિઓમાં એ એક ગૌરવપૂર્ણ ઉમેરો થયો છે. મુસાફરીમાં જતો કાળવ્યય એ બચાવશે, દૂરદૂરનાં માનવદિલોને નિકટતર લાવશે, અન્યોન્યને પિછાનતાં શીખવશે ને શાંતિ ને સહૃદયતા સ્થાપવામાં સહાયભૂત થશે.

આજે મારી એ ગત આશાઓને હું ધિક્કારપૂર્વક જોઇ રહ્યો છું. આજે જોઉં છું કે એ સિદ્ધિ નથી પણ શાપ છે. લડાયક વિમાનો પરના દૃષ્ટિપાતથી હું કમકમી ઊઠું છું. મારા એક શબ્દોચ્ચારથી જો દુનિયામાંના સઘળા વિમાનોનો નાશ થઈ જતો હોત તો? હું તે બાખુશી બોલી નાખત.

આજે વિમાન એટલે અસાવધ અને નિર્દોષ પ્રજા પર બૉંબવર્ષા તમારા ને મારા જેવા આમવર્ગ (આવતી કાલે જ કદાચ આપણો વારો આવે)ની હત્યા માટે એ કાયર હવાઇ સેતાનોના દિલમાં રંચ પણ નથી, ખટક પણ નથી.

ચીનના કંતાન શહેરનો દાખલો લો. વિહગદર્શને એ કીડીના રાફડા જેવું વસતિથી ઊભરાતું લાગે. આકાશમાં વિમાન દેખાય કે નાસભાગ થઇ રહે. પણ પ્રજા કયાં જઇ સંતાય? બૉંબ વરસે છે, કચકડાનાં રમકડાં જેવી ઇમારતો છિન્નભિન્ન થાય છે, માટીનાં પૂતળાં જેમ લોકો હતા ન હતા થઇ જાય છે.

આ સેતાનિયતનો તમે શો જવાબ આપો છો? મને થઈ આવે છે કે જાપાની એલચીમંડળના મકાનનાં બારીબારણાંના ભુક્કા ઊડાડી દઉં ને પછી કોર્ટમાં મેં લીધેલાં પગલાનાં કારણોનું બયાન આપું. એક દુકાનમાં ધૂસી જાઉં ને જાપાનીસ માલ ન ખરીદવા જોરશોરથી ઘાંટા પાડું. એ ક્રૂરતા સામેનો મારો પ્રતિકાર આ ઉદ્દામ માર્ગે જ શાંતિ શોધે છે.

ચીન હો કે સ્પેન હો યા આબીસીનિયા હો, માનવહત્યા માટે જ મોટી રકમના પગારો મેળવતા એ વિમાનીઓને (એ બહાદુરો તો નથી જ) હું કાયર સેતાનો તરીકે જ ઓળખતો આવ્યો છું. એ પીઠ પાછળ ઘા કરનારા અધમમાં અધમ હીચકારા છે. એમને ભાડે રાખનારાં રાષ્ટ્રો હેવાન છે.

અને—અને આપણે સુધરેલા સંસ્કારી કહેવાઇએ છીએ! કારણ આપણે વિદ્યુત્પ્રકાશ, રેડીઓ ને ટેલીફોન ઊપજાવ્યાં છે! બહેતર છે કે એના કરતાં કાદવનાં ઝુંપડાંમાં નામનાં કપડાં ને સાદા ખોરાક પર આપણે નભતા હોત, જો એથી માનવની માનવ પ્રત્યેની અનુકમ્પા કાયમ રહેતી હોત તો.

અને એ અનુકંપા હજુ જો નિષ્ફળ ન ગઇ હોત તો આ હત્યાના ભાગીદાર એકેએક રાષ્ટ્ર સાથેનો સંબંધ, સંપર્ક સુદ્ધાં નાબૂદ કરવો જોઇએ, એને ન્યાય્ય ગણતી એકેએક વ્યક્તિના સ્નેહસંબંધ પર કાતર મૂકાવી જોઇએ." —હૅમિલ્ટન ફાઇફ

બ્રિટનના અગ્રગણ્ય પત્રકાર મિ. હૅમિલ્ટન ફાઇફના આ મનોવેધક લેખથી જાપાન કે ઇટલી સામે પુણ્યપ્રકોપ અનુભવતો વાચક ન ભૂલે કે હિંદની વાયવ્ય સરહદ પરના બ્રિટિશ આધિપત્યથી અલિપ્ત રહેલા વિસ્તારો (-affected tribal villages) પર શેહ બેસાડવા માટે ખુદ બ્રિટિશ લશ્કરની નીતિ પણ આજ સુધી એ વિસ્તારો પર બૉંબનો મારો ચલાવવાની જ રહી છે. છતાં હિંદની સરહદ પર કત્લ ચલાવી રહેલી એ શાહી નીતિનો જવાબ કોણ આપે છે?

બ્રિટનનો વડો પ્રધાન એ આસુરી છળનો બચાવ કરતાં કહે છે, કે અમે મુલ્કી વસતિને ચેતાવવા સારૂ એ બૉંબમારા અગાઉ એક કલાકથી વિમાનો દ્વારા હસ્તપત્રિકાઓ ફેંકીએ છીએ! સી. એફ. એન્ડ્રૂઝ કહે છે, એ જૂઠાણું છે. મોટે ભાગે બૉંબવર્ષાની શરૂઆતમાં જ એવી પત્રિકાઓ ફેંકવામાં આવે છે. હિંદને એની પૂરી વિગતોથી યે બેખબર રાખવામાં આવે છે ત્યાં સાચું શું માનવું? હિંદને જ નહિ, બ્રિટિશ જનતાને યે એથી બેખબર રાખવામાં આવે છે! નહિતર આજ નવ વરસથી પઠાણોને શાંત પાડવાના બહાને એમની, એમનાં બાળબચ્ચાંની, એમના કુટુંબ પરિવારની, એમની માલમિલકતની જે ખાનાખરાબી થતી રહી છે એથી બ્રિટનના પેટનું પાણી યે હાલ્યા સિવાય કેમ રહી શકે?

જવાહરલાલે યુરોપમાં જઇ આ છળ ઉઘાડો પાડયો. એમણે સાચું સંભળાવી દીધું કે અમારી સરહદનો મામલો યે બાર્સિલોના ને કંતાન જેટલી જ હમદર્દી માગે છે. એના પર ગુજરતો અમાનુષી અત્યાચાર લેશ પણ ઓછો અનુકંપાજનક નથી. બ્રિટનની વિઘાતક નીતિની પીઠ થાબડનારા 'સ્પેક્ટેટર' ને એના ચીલાચાલુ પત્રો જવાહર પર ઊકળી ઊઠેલા. પરંતુ બ્રિટનનું પ્રજામાનસ હજુ માનવતા ભર્યું છે, હજુ ન્યાયસંમતિષ્ઠાએ એના દિલમાંથી સ્થાન નથી ખોયું એ 'માંચેસ્ટર ગાર્ડીઅન,' 'ન્યૂઝ ક્રૉનિકલ' વગેરેનો અવાજ સાબિત કરે છે. 'ટાઇમ્સ' સુદ્ધાં પણ ચેતવણી આપે છે કે

'સરહદની નીતિ બ્રિટનની સ્થિતિ નબળી પાડતી આવે છે.' અને છતાં એ જ ઇંગ્લંડના વડા પ્રધાને, પાર્લામેન્ટના એક સભ્યે સરહદની બાબતમાં આંતરરાષ્ટ્રીય કમિશન નીમવાનું કહેતાં શા માટે સાફ ના સુણાવી દીધી એ નથી સમજાતું.

ઈ. ૧૯૨૯માં બ્રિટને તાયફાવાળાઓના ચાર જુદાજુદા પ્રદેશો પર બૉંબ વરસાવી આ માનવતાદ્રોહી નીતિનું મંગલાચરણ કર્યું, અને ત્યારથી એ સતત ચાલુ જ છે. ૧૯૩૦માં મહસુદોનાં ગામડાં, ત્યાર પછી આફ્રિદીઓ, પછી શામોઝાઇઓ અને છેલ્લે વઝીરિસ્તાનનાં ગામડાં એની ઝપટમાં આવ્યાં છે. અને એ બધા તાયફાવાળાઓને બ્રિટન 'British-protected subjects' ગણાવે છે!

બ્રિટનનું કથન કદાચ પ્રામાણિક હોય કે બૉંબવર્ષા પહેલાં હસ્તપત્રિકાઓ ફેંકવામાં આવે છે. પણ જ્યાંનો મોટો હિસ્સો કાળા અક્ષરને સુદ્ધાં નથી ઓળખતો તેના પર એ પત્રિકાઓનો વરસાવ શી ગરજ સારી શકે? અને બૉંબવર્ષા એ તાયફાવાળાઓને શાંત પાડવાનો સાચો ઈલાજ છે જ નહિ. એથી કદાચ તેઓને ભયભીત બનાવી શકાતા હશે, પણ બ્રિટન ભૂલી જાય છે કે ભયની વધુપડતી માત્રા હમેશાં પ્રતિહિંસાની ભાવના કેળવે છે.

અને આ છેલ્લી વઝીરિસ્તાનની બૉંબબાજી માટે સરકાર બહાનું આપે છે કે ઇપીના ફકીરે શહીદગંજ મુસલમાનોને સોંપી દેવાની માગણી કરી છે! રાજકીય ઘાત-પ્રતિઘાતોથી અલિપ્ત રહેલી એ ભોળી ને અભણ પ્રજા પર આ બિલકુલ જૂઠો આરોપ છે. ખરી વાત તો એ છે કે સરકારને મીર અલીથી ખેસોરા સુધી સડક બંધાવી એમના મુલકમાં ઘૂસવું છે. ઇપીના ફકીરે (એ તો અંગ્રેજોનું બગાડેલું નામ છે. ખરું નામ છે હાજી મિરઝાઅલી) તેનો વિરોધ કર્યો, કારણ દક્ષિણ ખેસોરા સુધીની જમીન તેની હતી. બસ, એ વિરોધ સાથે જ તેના અનુયાયીઓને પકડી પકડી જેલમાં ઠાંસવામાં આવ્યા, ને આજે ૧૫૦ જેટલા પઠાણો ડેરા ઈસ્માઈલખાનની જેલમાં સડે છે. એ જેલની દિવાલોથી ઇનકાર કરનારાઓનો હવાઇ જહાજો ફેંસલો કરતા આવે છે.

આજે સરહદનાં ગામડાંનાં ગામડાં વેરાન થઇ ગયાં છે. વઝીરિસ્તાનની માતાઓએ પોતાનાં બાળકોની રક્ષા માટે ગિરિકંદરાઓને પોતાનો નિવાસ બનાવ્યો છે. આજ સુધીમાં સરકારે ૪૦૦૦ બૉંબ વરસાવ્યા છે ને પરિણામે ૭૦૦ તાયફાવાળાઓ માર્યા ગયા છે ને ૩૫૦ ઘાયલ થયા છે. સરકારને કોઇ પણ ઉપાયે અફઘાનિસ્તાનની સરહદ પરની દુરાંદ લાઇન પાકી સડકથી જોડી દેવી છે ને તાયફાવાળાઓને પોતાની આઝાદીના માર્ગમાં એ નવું ભયસ્થાન ઊભું થવા નથી દેવું. એ સિવાય બીજું કોઇ ધાર્મિક કે આર્થિક કારણ આ મામલા પાછળ નથી રહેલું. સરહદનો આ લોહીથી લખાતો ઇતિહાસ ક્યારે સમાપ્ત થશે એ તો ભારત સરકારના કમરાની હવા ખાતા રાજદ્વારીઓ જ કહી શકે.

પારીસમાં હાલમાં જ આંતરરાષ્ટ્રીય સુલેહ સંસ્થાપનાના હેતુસર એકત્રિત થઈ ગએલા પાંત્રીસ દેશોના પ્રતિનિધિઓએ મુલ્કી વસતિ પર બૉંબ વરસાવનારાઓનો બહિષ્કાર કરવાનો ઠરાવ કર્યો છે. હિંદનું પણ તેમાં, પ્રતિનિધિત્વ હતું. એ ઠરાવ અનુસાર કોણ કોનો બહિષ્કાર કરશે એ સમજવું મુશ્કેલ છે. પરંતુ જો નિર્દોષોની કત્લ માટે જવાબદાર દેશોનો બહિષ્કાર કરવાનો હોય તો બ્રિટનનો પણ બહિષ્કાર થવો જ જોઇએ. હિંદ એ બાબતમાં જેટલો વધુ વખત મૌન સેવશે એટલો બધો વખત એણે એનાં હમવતનીઓનો ઘાતકીમાં ઘાતકી દ્રોહ આદર્યો લેખાશે.

સોવિયેટ યૂનિયન આ વર્ષે રશિયાના સૌ પહેલા વર્તમાનપત્રની બસો પાંત્રીસમી જયંતી ઊજવે છે. રશિયાના મહાન પીટરે તે 'મોસ્કો અને તેની પડોશના પ્રાંતોના લશ્કરી અને અન્ય નોંધપાત્ર સમાચારો' એ નામથી શરૂ કરેલું ને તેનો પહેલો અંક ઇ. ૧૭૦૩ના જાન્યુઆરીની ૨જી તારીખે બહાર પડેલો. મહાન પીટર પોતે અચ્છો પત્રકાર હતો. ડચ લેખોના ઉતારા પણ તે પોતાના પત્રમાં ભાષાંતર કરી આપતો ને જાતે જ પ્રૂફ તપાસતો. વરસમાં તેના ૩૯ અંક નીકળતા ને 'ચર્ચ સ્લાવોનિક ટાઇપ'માં તે છપાતું.

ઇરાનના આધુનિક વિકાસમાં જર્મની જેટલા રસથી હિસ્સો આપે છે તે જોઇ સોવિયેટ યૂનિયનને તેમાં આર્થિક પગપેસારાની ગંધ આવે છે ને એની એ પૂર્વની પેશકદમીથી ત્યાંના રાજદ્વારીઓમાં ચિંતા ફેલાઇ છે. ગ્રેટ બ્રિટન ને રશિયાને પદભ્રષ્ટ કરી ઇરાનનો બધો પરદેશી વેપાર જર્મનીએ જ એકહથ્થુ કરી લીધો છે. બર્લિનથી આથેન્સ, રોડસ, દમાસ્કસ, બગદાદ, તહેરાન અને કાબૂલ સુધીનો લુફથાન્સા હવાઇ વ્યવહાર ચાલુ કરી, સોવિયેટ સરહદ નજીક મશહદનું લશ્કરી એરોડ્રોમ પણ એણે ઊભું કર્યું છે.

યુદ્ધના તંગ વાતાવરણ વચ્ચે પણ સુલેહસ્થાપનાના મહાન ઉદ્દેશથી જગત યુવક પરિષદની બેઠક ગઈ ઑગસ્ટની પંદરમીએ રૅન્ડૉલ ટાપુના ન્યૂયૉર્ક મ્યુનિસિપલ સ્ટેડિયમ પર મળી ગઇ. વીસ હજાર પ્રેક્ષકો વચ્ચે ચુંમાળીસ દેશના પ્રતિનિધિ યુવાનોએ એ બેઠકમાં યોજેલ 'વાસાર સુલેહખત' તેનું એક સિમાચિહ્ન બન્યું છે વાસાર કૉલેજમાં ન્યૂયૉર્કના મેયર લા ગાર્ડીઆએ એની ઉદ્ઘાટન ક્રિયા વખતે જે શબ્દો ઉચ્ચારેલા, કે 'જો જગતના યુવાનોને લડાઇ ન જોઇતી હોય તો લડાઇ થવી જ ન જોઇએ' એ ત્યાર પછીના નવે દિવસની કામગરીનું મુખ્ય સૂત્ર રહેલું.

ચીનથી અઢાર વર્ષની કુમારિકા યાંગ વૅમિંગ પ્રતિનિધિ તરીકે આવેલી. શાંઘાઇમાં જાપાનીસો સામેના મોરચામાં ચીના સૈનિકોને એ હાથોહાથ સંદેશા પહોંચાડતી હતી.

યુગાન્ડાના પડછંદ કાલીબાલાએ તો એનાં ભાષણોથી અજબ અસર ઉપજાવેલી. કોલંબિયા યુનિવર્સિટીના એ ગ્રેજ્યુએટ છે. એણે ભારપૂર્વક જણાવ્યું કે ખરા જંગલીઓ તેના જાતભાઇ કાળા લોકો **નથી પણ** માનવહત્યામાં ગૌરવ લેતા ગોરા લોકો જ છે. ટેરેસા બેલ્ટ્રાન ને માર્ગરિટા રેબલ્સ સ્પેનની ફ્રન્ટ પરથી અહીં આવેલી ને કૅનેડાની ઇસાબેલ રિકર તો સેંકડો માઇલ પગે ચાલીને અહીં આવી પહોંચી હતી આબીસીનિયાના ડૉકટર બાયેનાએ ફાશિસ્ટ આક્રમણ વિરુદ્ધ ઠીક સહાનુભૂતિ મેળવેલી, જ્યારે પાલેસ્ટાઇનના પ્રતિનિધિઓ તરીકે આવેલા યહૂદી જોશુઆ લાઇગનર ને અરબ રે ખૂરી એ પણ પોતપોતાનો પક્ષ કરવાને બદલે હાલની પાલેસ્ટાઇનની પરિસ્થિતિ માટે શાહીવાદી છળનીતિને જ જવાબદાર ગણાવી ઠીક રંગ જમાવ્યો હતો. આપણા હિંદના પ્રતિનિધિ યુસફ મહેરઅલીએ હિંદની બ્રિટિશ હકૂમત વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો ત્યારે બ્રિટિશ ડેલીગેટોનાં મોં ગુસ્સાથી લાલ બની ગયાં હતાં.

આ પરિષદે એટલું તો સાબિત કરી આપ્યું છે કે આજનો યુવાન પોતાના હકોથી જ માત્ર નહિ, પોતા પરની નૈસર્ગિક જવાબદારીઓથી યે સંપૂર્ણ વાકેફ બન્યો છે.

નવાં પુસ્તકો

રાસ પંચાધ્યાયી: લેખક–પ્રકાશક–અ. ના. ભટ્ટ, ગોમતીતટ ડાકોર, ૦–૬–૦; **દીપિકા**: લેખક–પ્રકાશક–રમણિક વિ. શાહ, પિકેટ રોડ, મુંબાઇ ૨, ૧–૪–૦; **અમારી વાર્તાઓ** (ખંડ ૨): લેખક–સુગવિ નાગરદાસ પટેલ, પ્રકાશક–નાગરદાસ ઇ. પટેલ, બાલવિનોદ કાર્યાલય, મલાડ મુંબાઈ, ૦–૬–૦; **સત્તાવન**: લેખક–નગીનદાસ પારેખ, ૧–૮–૦; **કબજિયાત**: ૦–૪–૦, **વજન શી રીતે વધારવું**: ૦–૪–૦, **આંખોનું આરોગ્ય**: ૦–૪–૦, લેખક–રમણલાલ એન્જિનીઅર, સૌનું પ્રકાશનસ્થાન–ભારતી સાહિત્યસંઘ પાનકોર નાકા અમદાવાદ; **ગ્રામકાવ્યો અને સંવાદો**: લેખક–ઇશ્વરલાલ ક. જોષી, પ્રકાશક–રાગજી હંસરાજ, જેસંગપરા અમરેલી, ૦–૨–૦; **પાંખડીઓ** (નવલિકાસંગ્રહ): લેખક–પ્રકાશક–શયદા, બે ઘડી મોજ કાર્યાલય, મુંબાઈ, ૨–૮–૦; **જાપાનની રમણી**: અનુવાદક–કપિલા મહેતા, પ્રકાશક–જ્યોતિ કાર્યાલય, જુમામસીદ અમદાવાદ, ૦–૮–૦; **નયન કાવ્યમાળા**: લેખક–નયન, પ્રકાશક–કાવ્ય કાર્યાલય, રાણાવાવ (કાઠીઆવાડ), ૦–૧૨–૦; **બાલચમૂનાં ગીતો**: લેખક–પ્રકાશક–નારાયણ નથુરામ ઠાકર, આજોલ વિજાપુર, ૦–૮–૦; **આધુનિક ગૂંથણકળા**: સંપાદક–રતનબાઇ, પ્રકાશક–કે. કે. જેસરાણી, કાંદીવલી (મુંબાઇ), ૧–૦–૦; **વંદેમાતરમ્** (બંગભંગકાલીન રાષ્ટ્રીય આંદોલનકથા): લેખક–વિ. સ. સુખઠણકર, પ્રકાશક–ગોમંતક પ્રેસ, મુંબાઇ ૪, ૦–૪–૦; **દિગંત** (વાર્તાસંગ્રહ): લેખક–મોહિનીચંદ્ર, પ્રકાશક–નવચેતન સાહિત્ય મંદિર, ભદ્ર અમદાવાદ, ૧–૪–૦; **સારથી**: લેખક–પ્રકાશક–ન્હાનાલાલ દ. કવિ, એલિસપુલ અમદાવાદ, ૪–૮–૦; **ગુજરાતી ગ્રંથકાર સંમેલન (૧૯૩૮) વ્યાખ્યાનમાળા**: પ્રકાશક–પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, ૧–૪–૦; **રંજન** (૧૯૩૮-૩૯ની 'ગુણસુંદરી' માસિકની ભેટ): લેખક–રા. પ્રમોદ બી. એ., પ્રકાશક–ગુણસુંદરી કાર્યાલય, વડોદરા, ૧–૮–૦; **કુદરતકથાઓ**: લેખક–સોમાભાઈ પટેલ, **આપણાં પક્ષીઓ**: લેખક–નરેન્દ્ર બધેકા, દરેકની ૦–૫–૦, પ્રકાશક–દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર; **સાહિત્યમુકુર**: સંપાદક–ચન્દ્રવદન શાહ, પ્રકાશક–મેસર્સ મંગળદાસ ઍન્ડ સન્સ, સુરત, ૦–૧૪–૦; **ભક્તનાં બાલગીતો**: લેખક–મૂળજીભાઇ ભક્ત, પ્રકાશક–ફૂલચંદ બાલમંદિર, નડીઆદ, ૦–૪–૦; **રાસપાંખડી**: લેખક–વિવિત્સુ, પ્રકાશક–ચીમનલાલ ભોગીલાલ ગાંધી, વડવાળું ફળિયું રાવપુરા વડોદરા, ૦–૮–૦; **મ્હારી જીવનકથા**: લેખક–કનુબહેન દવે, પ્રકાશક–ડૉ. સૌ. પુષ્પલતા રંજીતલાલ પંડયા, બાબુલનાથ રોડ, મુંબાઇ ૭, ૨–૦–૦; **કીર્તિદાને કમળના પત્રો**: લેખક–પ્રકાશક–બટુભાઈ ઉમરવાડિયા, મિલ ઓનર્સ એસોસીએશન, અમદાવાદ ૧–૮–૦; **આખ્યાનમાળા**: લેખક–સ્વ. અનંતપ્રસાદ ત્રિ. શ્રીવૈષ્ણવ, પ્રકાશક–સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય ભદ્ર અમદાવાદ, ૨–૪–૦; **સંગીતાંજલિ**: સર્જક–પ્રકાશક–શ્રીમાન્ પંડિત ઓમ્કારનાથ ગૌરીશંકર ઠાકૂર, સોલ એજન્ટ–વોરા ઍન્ડ કં. પબ્લીશર્સ લિ. રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબાઇ ૨, ૧–૪–૦; **જપજી**: અનુવાદક–મગનભાઈ પ્રભુદાસ દેસાઇ, ૦–૯–૦; **હિમાલયનો પ્રવાસ**: ૦–૧૨–૦ તથા **લોકમાતા**: ૦–૪–૦, લેખક–દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર; **ચીનનો અવાજ**: અનુવાદક–ચન્દ્રશંકર શુકલ, ૦–૮–૦; **શ્રી ભગવતીસાર**: સંપાદક–ગોપાળદાસ જીવાભાઇ પટેલ, ૨–૦–૦; **આશ્રમભજનાવલિ**: સંપાદક–નારાયણ મોરેશ્વર ખરે, ૦–૨–૦; **સંગીતની પ્રાથમિક માહિતી**: લેખક–એજ, ૦–૨–૦; **વિશ્વશાંતિ**: લેખક–ઉમાશંકર જોષી. ૦–૨–૦; **વિરાજવહુ**: અનુવાદક–મહાદેવ હરિભાઈ દેસાઇ, ૦–૧૦–૦; **અપંગની પ્રતિભા**: અનુવાદક–મગનભાઈ પ્ર. દેસાઇ, ૦–૧૨–૦; **નીતિનાશને માર્ગે**: ૦–૪–૦, **કેળવણીનો કોયડો**: ૧–૦–૦, **ત્યાગમૂર્તિ અને બીજા લેખો**: ૦–૧૨–૦, લેખક–ગાંધીજી, સૌનું પ્રકાશનસ્થાન–નવજીવન પ્રકાશનમંદિર અમદાવાદ; **મશાલ**: (જ્ઞાન–મૌક્તિકોનો સંગ્રહ) લેખક–સૈયદ પીરસાહેબ હુસેનઅલી, પ્રકાશક–શરફુદ્દીન અલાઉદ્દીન વજીફદાર, ગલાવ ભાગોળે, પેટલાદ, ૦–૧૦–૦.



માધુકરી

સ્વતંત્રતા ! હે સ્વતંત્રતા !
પાણી પણ પથરે પૂરાયાં પાળ ઉખેડીને વહતાં,
બીઆં કેદ પડ્યાં ભૂ–થરમાં માટી–પડ ફોડી ફુટતાં;—સ્વ૦
ચારો મનમાન્યો નીરો કે કૂવાનાં દો નીર મીઠાં,
તોપણ ઢોર રીઝે ના, રીઝે જો એ ચરવા થાય છુટાં;—સ્વ૦
લાખો લોક અધોમુખ દુઃખે ગુલામીમાં સબડી મરતાં,
તે તારાં પ્રેરક ગાણાંએ ફરીથી સંજીવન બનતાં:
સ્વતંત્રતા ! હે સ્વતંત્રતા ! —પ્ર.

પંડિત બાબુરાવ વિષ્ણુ પરાડકર

સીમલા મુકામે તાજેતરમાં ભરાઈ ગએલા હિંદી સાહિત્ય સંમેલનના સત્તાવીશમા અધિવેશનના પ્રમુખપદે એ મહારાષ્ટ્રી શા માટે? પણ પંડિત બાબુરાવ વિષ્ણુ પરાડકર તો એવા ત્રીજા મહારાષ્ટ્રી પ્રમુખ છે. તેનું કારણ એ જ કે મહારાષ્ટ્રી હોવા છતાં હિંદી ભાષા, હિંદી સાહિત્ય અને હિંદી પત્રકારત્વને એમણે પ્રશંસનીય ફાળો આપ્યો છે.

મહારાષ્ટ્રથી કાશી આવી વસેલા એક બ્રાહ્મણ કુટુંબમાં સંવત ૧૯૪૦ના કારતકમાં એમનો જન્મ. પંદર વરસની વયે જ પિતાનો દેહાન્ત થતાં સાત આઠ જીવોની જીવિકાનો ભાર તેમના પર આવી પડચો. છતાં જેમ તેમ કરી ભાગલપુરમાં ઇન્ટરમીડિયેટ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી પાછા કાશી ચાલ્યા આવ્યા. ત્યાં એમણે ટયુશનનો વ્યવસાય સ્વીકાર્યો. પિતાના મૃત્યુ બાદ સાત વર્ષે માતાનું પણ મૃત્યુ નીપજ્યું.

પરાડકરને નાનપણથી જ વાચનનો હદથી જ્યાદે શોખ હતો, તેમાં કાશીની નાગરીપ્રચારિણી સભાનું પુસ્તકાલય મળી ગયું, પછી શું કહેવું? રોજ ને રોજ એકેક નવું પુસ્તક લાવી એક દિવસમાં તો એ આખું ઉથલાવી જતા. એ પરથી એક દિવસે લાયબ્રેરિયને એમને સવાલ કર્યો, 'પુસ્તક તમે વાંચો છો કે પાનાં ઉથલાવીને પાછું લાવો છો?' પરાડકરે જવાબ આપ્યો, 'મારા વાચેલા પુસ્તકમાંથી તમને ચાહે તે સવાલ તમે પૂછી જુઓ.' લાયબ્રેરિયને સવાલ પૂછતાં આખા પુસ્તકનો સારાંશ એને એવી રીતે કહી સંભળાવ્યો કે તેમની સ્મરણશક્તિ ને ગાંભીર્યથી એ ચકિત થઇ ઊઠચો.

પરંતુ એકલા ટયુશનથી પરાડકરનો પારિવારિક પ્રશ્ન શમે એમ નહોતો. એમણે એનો ઇલાજ નજરાવવા માંડચો. 'હિંદી બંગવાસી' એ નિયમિત વાંચતા રહેતા. તેમાં એક દિવસે એક ઉપતંત્રીની જરૂરિયાત વિષે જાહેરખબર તેમના જોવામાં આવી ને એ તક જતી ન કરવા તરત તેમણે આવેદનપત્ર લખી નાખ્યો. 'બંગવાસી'ના સંપાદક એ વખતે હરિકૃષ્ણ જોહર હતા. બંગાળી ભાષાના પ્રસિદ્ધ પત્રકાર સખારામ ગણેશ દેઉસ્કર પરાડકરના મામા થતા હતા એ વાત જાણી, દેઉસ્કરની ભલામણથી જોહરજીએ તરત તેમને બોલાવી લીધા ને ઈ. ૧૯૦૬માં 'બંગવાસી'માં કામ કરવા પરાડકર કલકત્તા પહોંચ્યા. દેઉસ્કરના સહવાસમાં



(પરાડકર બંધુના સૌજન્યથી)

એમના બૌદ્ધિક ગુણોના વિકાસને વેગ મળ્યો. રાતોની રાતો જાગી એ પુસ્તકો વાંચવા મંડયા.

પણ 'હિંદી બંગવાસી'માં એ લાંબો કાળ ન રહ્યા. બંગાળીમાં 'હિતવાદી' જેમ હિંદીમાં 'હિતવાર્તા' નામનું પત્ર પણ દેઉસ્કર કાઢતા ને એ હિંદી પત્રનો ભાર પરાડકર પર નાખવા તેમણે ઇચ્છા દર્શાવી. એ મુજબ ૧૯૦૭થી એમણે 'હિતવાર્તા'નું સંપાદનકાર્ય ઉપાડી લીધું. એ પત્ર એ વખતે હિંદીભાષી જનતામાં ખૂબ પ્રસિદ્ધ ને લોકપ્રિય હતું સામાજિક, ધાર્મિક, રાજકીય કે સાહિત્યિક વિષયો પર ધુરંધર વિદ્વાનોના લેખો તેમાં આવ્યા કરતા.

આ પત્રસંપાદન સાથે પરાડકર કલકત્તાની નૅશનલ કૉલેજમાં હિંદી ને મરાઠી ભાષા પર ભાષણો યે આપવા માંડયા. એ કૉલેજ બંગાળના સ્વદેશી આંદોલનને અંગે હસ્તીમાં આવી હતી ને એના પ્રિન્સીપાલ હતા અરવિંદ ઘોષ.

એ અરસામાં દેઉસ્કરે બંગાળી ભાષામાં 'દેશેર કથા' નામક એક પુસ્તક લખ્યું. એ એટલું તો લોકપ્રિય નીવડયું કે થોડા જ સમયમાં બંગાળીમાં એની સાત આવૃત્તિઓ નીકળી ચૂકી. પરાડકરે એના હિંદી અનુવાદનું કામ હાથ ધર્યું ને 'દેશ કી બાત' નામથી એ પ્રસિદ્ધ થયું. પણ પ્રસિદ્ધ થતાંની સાથે જ સરકારે એ પુસ્તક જપ્ત કર્યું.

પરાડકરે કલકત્તાના સામાજિક ને રાજકીય જીવનમાં પણ અગ્રભાગ લેવો શરૂ કરી દીધેલો ને પરિણામે ધીમે ધીમે તે સરકારની આંખોએ ખટકવા લાગ્યા. ૧૯૧૦થી 'હિંદી દૈનિક ભારતમિત્ર'નું સંપાદન હાથ ધર્યું. સ્વદેશી આંદોલનનો એ જમાનો હતો. એવામાં કલકત્તાના પોલિસ સુપ્રિન્ટૅન્ડન્ટનું કોઇએ ખૂન કર્યું. મોકો જોઇ સરકારે તરતજ પરાડકરને ક્રાન્તિકારી દળમાંના એક હોવાની આશંકાએ ગિરફતાર કર્યા. એવી આશંકાએ સરકારે થોડાઘણા નહિ પણ બંગાળના ૮૦૦ આદમીઓને ગિરફતાર કરેલા. બે વર્ષ સુધી પણ કશો વિરુદ્ધ પુરાવો ન મળ્યો એટલે સરકારે ડીફેન્સ ઑવ ઇંડીઆ ઍક્ટ અનુસાર પરાડકરને ચટગાંવ જિલ્લાના દૂરના એક ગામડામાં નજરકેદ રાખ્યા.

ચાર વર્ષ બાદ ઇ. ૧૯૨૦માં બંદી જીવનમાંથી મુક્ત થઇ એ જન્મભૂમિ કાશી પાછા ફર્યા. 'ભારતમિત્ર'ના ડિરેક્ટરોએ એમને પાછા બોલાવ્યા, આ બાજુ કાશીવાસીઓ પણ પોતાના આવા સાહિત્યમહારથીને બહાર જવા દેવા નારાજ હતા. કાશીના સુપ્રસિદ્ધ દેશસેવક બાબુ શિવપ્રસાદ ગુપ્તની કાશીમાંથી જ એક સરસ દૈનિક પત્ર બહાર પાડવાની ઇચ્છા હતી. એ વિચાર સ્થિર થતાં પરાડકરને 'આજ'ના સંપાદનનો કાર્યભાર સોંપવામાં આવ્યો.


અને આજ અઢાર વર્ષથી જે યોગ્યતા ને સાવધાની સહિત એ કાર્યભાર એ ઉઠાવતા આવે છે તે માટે સારો હિંદી સંસાર તેમનો ઋણી છે. 'આજ' જેવું બીજું કોઇ ગંભીર પત્ર હિંદી જગતમાં ઊભું નથી થયું. સાચી વાતનું એણે સદા નિર્ભીકતા પૂર્વક પ્રતિપાદન કર્યું છે. કોઇ ગમે એવું સાચુંખોટું કહે પણ તેને 'આજ' તરફથી કદી અશિષ્ટતાપૂર્ણ ઉત્તર નથી મળ્યો. અને પરાડકર એને એટલા વફાદાર રહ્યા કે 'વેંકટેશ્વર સમાચાર'ના સંચાલકોએ તેમને આપવા કબૂલ કરેલું ૨૦૦) રૂપિયાનું માસિક વેતન પણ જતું કરેલું છે.

આવા સ્વાર્થત્યાગી, દૃઢપ્રતિજ્ઞ ને શક્તિશાળી વિદ્વાન હિંદી સાહિત્યસંમેલનના અધ્યક્ષસ્થાનના યોગ્ય અધિકારી છે એમ કોણ નહિ કહે?

દુનિયાનો સૌથી ચકચકિત હીરો

ઈ. ૧૯૩૪માં દક્ષિણ આફ્રિકાના જૉન્કર નામના એક ગરીબ બોરને મળેલો હીરો દુનિયાભરમાં સૌથી ચકચકિત ગણાય છે.

વરસાદના સખ્ત તોફાનને લીધે બધી જમીન ધોવાઇ ગઈ હતી ત્યારે જૉન્કરની નજરે એક મોટો મટોડીઓ પત્થર પડયો. સહજ કુતૂહલને વશ થઈ એણે એને ખોતરી જોયો ત્યાં તો તેમાં હીરાનો પ્રકાશ નજરે પડયો. તેના આનંદનો પાર રહ્યો નહિ. વિરલ એવા વાદળીયા સફેદ રંગના ૭૨૬ કૅરેટ વજનના એ હીરાએ તેને લગભગ એકાદ કરોડ જેટલા રૂપિયા અપાવ્યા ને તે ન્યાલ થઇ ગયો. ઝવેરીઓ-



ઉપલાં બંને ચિત્રો: જૉન્કર હીરો પહેલવહેલો જે સ્થિતિમાં મળી આવ્યો તે અસલ સ્વરૂપમાં; નીચે: તેમાંથી કાઢવામાં આવેલા બાર સર્વોત્તમ પ્રકાશમાન હીરા. જેમાંનો વચલો હીરો દુનિયાભર હીરાઓમાં શિરોમણિ ગણાય છે.

એ પણ જાહેર કર્યું કે બધા મોટા હીરાઓમાં એ સર્વોત્કૃષ્ટ હતો.

પણ એનો પ્રકાશ બહાર આણવા માટે તેને પહેલ પાડવાની જરૂર હતી. પરંતુ તેમાં એટલું જોખમ હતું કે પ્રખ્યાત વીમા કંપની લૉઈડઝે પણ એનો વીમો ઉતારવાની ના પાડી દીધી !

આખરે મિનિટે ૫૦૦૦ ચક્કર મારતી ફૉસ્ફૉર-બ્રૉન્ઝ કરવત અજમાવવામાં આવી. હીરાનું કલેવર એવું તો કઠણ હતું કે તેને કાપતાં મહિના લાગ્યા.

અને એનું પરિણામ તે જરા યે ઊણપ વિનાના વાદળિયા સફેદ રંગના સર્વોત્તમ પ્રકાશમાન બાર હીરા. એમાંનો સૌથી મોટો ૧૪૩ કૅરેટનો છે. મૂળ એ ૨૦૦ કૅરેટનો હતો પણ તેના માલિકને વજન કરતાં સંપૂર્ણતાનો વિશેષ આગ્રહ હતો, એટલે પૉલિશમાં એટલું વજન ઘટી ગયું. નિષ્ણાતો કહે છે કે આ મોટો કકડો એ દુનિયાનો વિરલ હીરો છે. એની કીમત કેટલી છે તેનો ચોકસ આંકડો ન કહી શકાય. પણ એનો વીમો રૂા. ૩૦,૦૦,૦૦૦નો ઊતરેલો છે !

ઉદ્યોગમાં હીરાનું સ્થાન

હીરા અને કોયલા બંને એક જ પદાર્થ—કાર્બનના બનેલા છે, છતાં એક ટન કોયલા કરતાં યે એક ઔંસ હીરાની કીમત ૧૫૦ ગણી થવા જાય છે. હજારો વરસોથી અસીમ ગરમી અને દબાણ વડે કુદરતે હીરાની સ્ફટિકમયતાને બે ખાસ ગુણો અર્પણ કર્યા છે. એક તો એનો પરાવર્તી સ્વભાવ અને બીજું અત્યંત કઠણપણું. એના આ બીજા ગુણને લઇને જ ઉદ્યોગમાં એણે પ્રાધાન્ય મેળવ્યું છે. ઉદ્યોગપતિઓ આજે ૩૦ થી ૪૦ લાખ પૌંડ હીરાની ખરીદ પાછળ ખરચે છે. પોતાનાં આપ્તજનોને શણગારવા માટે નહિં, પણ પોતાના ઉદ્યોગો ભાંગી પડતા અટકાવવા.

ચાહે તેવો માણસ આજે વીજળીની રોશનીથી પોતાનું ઘર શણગારી શકે એટલી બધી વીજળીના દીવાની સસ્તાઇ આ હીરાઓને જ આભારી છે. એનો બારીક તાર હીરાની ડાઇમાંથી જ ખેંચવામાં આવે છે. એક ઈંચના હજારમા ભાગ જેટલા વ્યાસના કાણામાંથી માણસના વાળથી યે ઝીણો તાર ખેંચાય છે. કઠણમાં કઠણ પોલાદ પણ આનો ઘસારો વધુ વખત ખમી ન શકે, પણ હીરાની ડાઈમાં તો તેનાં કાણાનાં કદ ને આકાર જેમનાં તેમ જ રહે છે. હીરાની કઠણાઇનો એટલા પરથી ખ્યાલ આવશે કે એ એક કાણું પાડવા માટે પણ સતત પાંચ દિવસનું ડ્રીલિંગ જરૂરી છે.

ખૂબ કઠણ પત્થરો, પોલાદ ને હીરા કાપવા માટેની કરવત પણ ખાસ વપરાય છે. એની બનાવટ ફૉસ્ફૉર બ્રૉન્ઝની હોય છે ને હીરાની ભૂકીનો તેને પાસ આપવામાં આવેલો હોય છે. પોલાદની કરવતોને જે કામ કરતાં દિવસો લાગે એ કામ આ કરવતોથી કલાકોમાં જ પતી જાય છે.

તેલના ઉત્પાદનમાં પણ હીરાનો ફાળો અગત્યનો છે. પહેલી નજરે કદાચ એ વાત ગળે પણ ન ઊતરે. તેલ માટે જમીનમાં ખૂબ ઊંડે ડ્રીલિંગ કરવું પડે છે એ તો સૌને જાણીતી વાત છે. અને એ માટે હીરાની અણીવાળી ડ્રીલ ખાસ ઉપયોગી છે, કારણ કઠણમાં કઠણ પડોને તે ભેદી શકે છે. અગાઉ જ્યાં મહિનાઓ લાગતા ત્યાં હીરાની એક ડ્રીલે બે જ દિવસમાં ૩૦૦૦ ફૂટનું ડ્રીલિંગ કરી આપેલું.

સુએઝની નહેર

આજથી બરાબર પચાસ વરસ ઉપર (નવેમ્બર માસમાં) સુએઝની નહેરની સંધિનો ખરીતો ઘડાયો ને ત્યારથી તે આજ સુધી એ નહેર આંતરરાષ્ટ્રીય કરોડરજ્જુનો એક અગત્યનો મણકો બની રહી છે. પણ તમે જાણો છો કે, નેપોલિયનના ઇજનેરે પોતાની ગણત્રીમાં ભૂલ ન કરી હોત, એક સાંસ્થાનિક ફ્રેન્ચ અફસરે એ પડતી મૂકાએલી યોજના પાછી હાથ ન ધરી હોત, એક અંગ્રેજ પત્રકારને એક ફ્રેન્ચ શરાફ સાથે ખાણા પર બેસવાની તક ન મળી હોત કે ઇજીપ્તના ખેદિવે પોતાનો પૈસો બરબાદ ન કર્યો હોત તો એ નહેરનો અને દુનિયાનો ઇતિહાસ આજે જુદો જ હોત?

સુએઝની સંયોગીભૂમિમાંથી નહેર ખોદી કાઢવાની, જર્મન ફિલસૂફ લીબનિટ્ઝે શહેનશાહ ચૌદમા લૂઇને આપેલી સલાહ નેપોલિયનના મનમાં રમતી જ હતી. એ મિસરમાં હતો ત્યારે જ એણે જોઇ લીધું કે ભૂમધ્ય ને રાતા સમુદ્ર વચ્ચેનો જળમાર્ગ ફ્રાન્સને કાયમનું સામ્રાજ્યપદ અપાવે એમ છે. પોતાના ઇજનેર લેપિયેને એણે એ કામ સોંપ્યું, પણ એની ગણત્રી ભૂલભરી નીવડી ને નેપોલિયને માન્યું કે એ યોજના અવહેવારૂ હતી.

પણ પાછીથી ફ્રેન્ચ કૉન્સલ ફર્ડિનાન્ડ લેસેપ્સે પાછો એ પ્રશ્ન હાથ ધર્યો. પોતાના પુરોગામીની ગણત્રી એણે તપાસી તો તે ભૂલભરી લાગી, ને એ એ સાહસ મૂર્ત કરવા માટે સાચા સર્જક જુસ્સાથી એ યોજના પાછળ લાગ્યો. એક પ્રદેશથી બીજે પ્રદેશ, એક ગામથી બીજે ગામ એણે રખડવા માંડ્યું, પણ જ્યાં જતો ત્યાં એને વિષે ગેરસમજૂતી ને અવિશ્વાસ ફેલાતાં. છતાં એ હામ ન હાર્યો. આખરે ઇજીપ્શીઅન વાઇસરૉય સૈયદ પાશાને સમજાવવા તે શક્તિમાન થયો ને આજથી બરાબર એંશી વર્ષ પર, ૧૮૫૮માં સુએઝ કંપની હસ્તીમાં આવી. ચાર લાખ શેરો એ માટે કાઢવામાં આવ્યા, પણ દુનિયા—અને ખાસ કરીને બ્રિટન એ સાહસ માટે તૈયાર નહોતું. બ્રિટનનો પ્રાઈમ મિનિસ્ટર લૉર્ડ પામર્સ્ટન બ્રિટિશ જનતાએ એકે શેર ન ખરીદ્યો એટલા માટે ઉલટો મગરૂબ થયો. એકલા ફ્રેન્ચોએ ૨૦૭,૦૦૦ શેરો ખરીદ્યા. પણ માત્ર ફ્રેન્ચ પ્રજા જ તેમાં રસ ધરાવતી હોઇ, એ સાહસ નિષ્ફળ જવાની તૈયારીમાં હતું; ત્યાં સૈયદ પાશા મદદે આવ્યો. ઇજીપ્તે બાકીના શેર ખરીદી લીધાં.

બ્રિટન કાઇ રીતે એ યોજના અટકાવી શકે એમ હતું

જ નહિ, પણ પોતાનો રોષ પૂરેપૂરો બતાવ્યો. બાંધકામમાં ગુલામો વડે જે કામ લેવામાં આવતું તે સામે માનવતાને નામે એણે ઉશ્કેરણી શરૂ કરી. એ સફળ થઇ ને ગુલામો મારફત કામ લેવાતું અટકયું. પણ એને પરિણામે વધુ ખર્ચ બચાવવા માટે યોજકોએ નવાં યંત્રો શોધી કાઢયાં જે જગતને અપૂર્વ લાભદાયક નીવડયાં છે.

આખરે નહેરનું ખોદકામ પૂરૂં થયું ને ઇ. ૧૮૬૯માં નેપોલિયન ત્રીજાની મહારાણી યુજેનીએ તે ખૂલ્લી મૂકી. છતાં બે વરસ સુધી તો ઇંગ્લંડની પોસ્ટ ઑફિસને એ નહેર મારફતના વહેવારની વાત જ ગળે ન ઊતરી ને પોતાની ટપાલ એ આફ્રિકાને રસ્તે મોકલતી રહી!

છ વરસ એમ ને એમ વીતી ગયાં ત્યાં એક ઐતિહાસિક પ્રસંગ બન્યો. ફ્રેન્ચ શરાફ ઓપનહીમર સાથે અંગ્રેજ પત્રકાર હેન્રી ગ્રીનવૂડ ખાણું લેવા બેઠો. વાતવાતમાં ફ્રેન્ચમૅને ખેદિવના દેવાળિયાપણાની વાત કાઢી જણાવ્યું કે સુએઝના શેરો પણ તે વેચી કાઢવા માગતો હતો.

કોઇ સાધારણ માણસને એ વાતમાં કશી અપૂર્વતા ન જણાય. પણ ગ્રીનવૂડ તો દોડયો સીધો ઇંગ્લંડના પ્રાઇમ મિનિસ્ટર ડિઝરાએલી કને. બધી વસ્તુસ્થિતિ ને નહેરની ભાવિ ખીલવણી તેને સમજાવી નવ દિવસની વાટાઘાટ બાદ બ્રિટિશ ઇતિહાસમાં સૌથી નફાકારક એવો સોદો બહાર થયો ને રૉથસચાઇલ્ડે ધીરેલાં નાણાંથી બ્રિટને ૪૦ લાખ પૌંડની કીમતે ખેદિવ પાસેથી ૧,૭૬,૦૦૦ શેરો ખરીદી લીધા. એ શેરોની આજે કીમત ૭ કરોડ પૌંડ છે.

આજે 'કંપની યુનિવર્સલ દુ કૅનાલ દ સુએઝ' એ નહેરનો વહીવટ ચલાવે છે. તેના ૨૮ ડિરેકટરો છે, જેમાં ૧૬ ફ્રેન્ચ, ૧૦ બ્રિટિશ, ૧ ડચ ને ૧ ઇજીપ્શીઅન છે. કંપની કાઇરોમાં રજીસ્ટર થએલી છે, પણ તેનું મુખ્ય મથક પારીસમાં છે. કંપનીના બંધારણમાં ફ્રેન્ચ અને બ્રિટિશ હિતો સંપૂર્ણ રક્ષાવાની બાંહેધરી આપેલી છે. નહેરમાંથી પસાર થનાર દરેક જહાજ પાસેથી માથાદીઠ ઉતારૂના સોનાના દસ ફ્રાન્ક ને ટનદીઠ વજનના છ શિલિંગ લેખે વસુલ લેવામાં આવે છે.

નાક અને ગળાની સંભાળ

આપણા શરીર સંબંધેના અજ્ઞાનનો યુગ હવે આથમતો લાગે છે, ને આવા વિષયો તો થોડા સમય બાદ ફિલ્મોની સહાયથી શાળાઓ ને મહાશાળાઓમાં શીખવાતા પણ આપણે જોઇ શકીશું. આજનાં ૪૦-૫૦ વર્ષનાં ઘરડેરાંઓ જો શરીરની ભૂગોળ ને પ્રક્રિયાઓથી અજ્ઞાન ન રહ્યા હોત તો આજે ઘણી યે શારીરિક માનસિક વ્યાધિઓ નિર્મૂળ થઇ ગઇ હોત. દાખલા તરીકે આપણા શ્વાસોચ્છ્વાસની જ પ્રક્રિયા તપાસો. એનાં મૂળ આપણા નાકમાં જ છે. ને તન્દુરસ્ત નાસિકામાર્ગ શરીરસ્વાસ્થ્ય માટે એક અગત્યનું સોપાન છે.

આપણું નાક એક દિવાલ (septum)થી બે ભાગમાં વહેંચાએલું છે. તેનાં નીચેના છેડાના ભાગ તે બે નસકોરાં, જે આપણે જોઇ શકીએ છીએ. તેના ઉપરના છેડાના ભાગો આપણા સ્વરયંત્ર (pharynx) સાથે જોડાએલા છે ને તમે મોં ઉઘાડશો તો કાકડા રૂપે તેની નિશાની જોઈ શકશો.

આપણા નાકમાં શ્લેષ્મસ્રાવી પડ (mucous membrane) ઉપરાંત નાજુક વાળ (ciliae) રહેલા છે જે હવામાંના જંતુઓ કે રજકણોને નાકમાં થઇ આપણી શ્વાસનળી (trachea) મારફત ફેફસાંમાં જતા અટકાવે છે. મોઢેથી શ્વાસ લેવાની ટેવથી આ જાતનો કશો નિરોધ નથી રહેતો. મોંએથી શ્વાસ લેવો એક બીજી રીતે પણ અનિચ્છનીય છે. નાક મારફત ગએલો શ્વાસ શ્વાસનળીમાં જતાં પહેલાં ગરમ થાય છે, જે લાભ મોં મારફત ગએલા શ્વાસને નથી મળતો.

આપણાં ફેફસાં એ તો વાદળી જેવાં હજારો નાનાં નાનાં ખાનાં (alveoli)નાં બનેલાં છે. બારીક રક્તશિરાઓથી એ ઘેરાએલાં હોઇ, શ્વાસની રાસાયણિક પ્રતિક્રિયા ત્યાં જ શરૂ થાય છે. પ્રાણવાયુ ફેફસાંમાં શોષાઈ જાય છે ને બાકીનો કાર્બન ડાયોક્સાઈડ ઉચ્છ્વાસમાં બહાર ધકેલાય છે. આ ઓગળેલા પ્રાણવાયુથી લોહી શુદ્ધ થઇને પાછું હૃદય, ધોરી નસો વગેરેમાં થઇ છેવટે શરીરના એકે એક કોષમાં ફરી વળે છે.

આપણાં ફેફસાં નિરોગી હોય ને તેમને સ્વચ્છ હવા મળતી રહે તો તેમણે શોષેલો પ્રાણવાયુ શરીરને રોગ સામે થવાની પુષ્કળ શક્તિ પૂરી પાડે છે.

સાગરનો વિલાપ

ગુલામી જેટલો જૂનો ભારતવર્ષના સાગરકાંઠાનો પ્રશ્ન આજે પણ એમ ને એમ અથડાઈ રહ્યો છે. હિંદુસ્તાનના અનેક આર્થિક પ્રશ્નોને તો કદાચ થોડીક પણ રાહત મળી છે; પણ હિંદુસ્તાનના પોતાના વહાણવટાનો પ્રશ્ન તો હજુ એમ ને એમ એ પુરાણી એરણ પર મંડાઇ રહ્યો છે. પરદેશી સાહસિકો, પરદેશી મુડીવાદીઓ, પરદેશી વહાણવટીઓ અને પરદેશી સોદાગરોને હાથે અમારા રત્નાકર પર અનેક અત્યાચારો અને સતત બળાત્કારો ગુજરી રહ્યા છે.

સિંધીઆની બલિહારી છે કે, પરદેશીઓનાં અનેક આક્રમણો સામે પણ તે ઉન્નત મસ્તકે ઊભી શકી. પણ એ મસ્તક નમાવવાના ઝેરી યત્નો સામે સરકાર સાવધ નથી. હિંદી વહાણવટાનો સ્વાર્થ તેના હૈયામાં લાખ યત્ને પણ ઊગતો નથી.

હિંદી વહાણવટાના વિકાસનું રામબાણ એક જ છેઃ પરદેશી સરકાર પરની આશાનો સદંતર ત્યાગ કરીને, પ્રજા પોતે જ હિંદી વહાણવટાના સદ્ધર પીઠબળ તરીકે ઊભી રહે.

બાકી તો ઇંગ્લંડની ધરતી પર 'પી. ઍન્ડ ઓ.'ની એજન્સી જો 'સિંધીઆ'ના હાથમાં સુપ્રત થાય તો? ઇંગ્લંડના સાગરકાંઠા પર હિંદી જહાજોનું સાર્વભૌમત્વ જો પથ-

રાઇ રહે તો? તો એ સાર્વભૌમત્વને ઉખેડવાને ઇંગ્લંડ જીવન-મરણનો સંગ્રામ ઊભો કરે.

તો પછી 'બૉમ્બે સ્ટીમ'ની એજન્સી પરદેશી નહિ પણ રાષ્ટ્રીય હાથમાં મૂકવાનો નાદ હિંદુસ્તાન પણ શા સારૂ ગજવે નહિ? હિંદી છાતીમાંથી પરદેશી ખીલાઓ શા સારૂ ઉખડે નહિ? અને પોતાના સાગરનો વિલાપ ટાળવાનો પ્રચંડ પુરુષાર્થ હિંદુસ્તાન શા સારૂ ખેડે નહિ?

(તા. ૭–૧૧–૩૮ના 'જન્મભૂમિ'ના અગ્રલેખમાંથી)

હિંદની ૧૨ પ્રમુખ ભાષાઓની પ્રાંતવારી

ભાષા	બોલનારી પ્રજા	ક્યાં બોલાય છે?
હિંદી, ઉર્દુ	બંને મળીને ૭ કરોડ ૬૦ લાખ	દિલ્હી, સંયુક્ત પ્રાંતો, મધ્ય હિંદ, વરાડ, રજપુતાના બંગાળ, દિલ્હી, પંજાબ, મધ્ય હિંદ, ગ્વાલિયર, હૈદ્રાબાદ, મ્હૈસૂર, સિંધ, સરહદ પ્રાંત, બલુચિસ્તાન, કાશ્મીર
બંગાળી	૫ કરોડ ૩૦ લાખ	આસામ, બિહાર, બંગાળ અને ઓરિસા
તેલુગુ	૨ કરોડ ૬૦ લાખ	મદ્રાસ, હૈદ્રાબાદ
મરાઠી	૨ કરોડ ૧૦ લાખ	મુંબાઇ, મધ્યપ્રાંતો ને વરાડ, વડોદરા, મધ્યહિંદ એજન્સી, હૈદ્રાબાદ
તામિલ	૨ કરોડ	મદ્રાસ, હૈદ્રાબાદ, કોચીન, ત્રાવણકોર, મ્હૈસૂર
પંજાબી	૧ કરોડ ૬૦ લાખ	દિલ્હી, સરહદ પ્રાંત, જમ્મુ અને કાશ્મીર, રજપુતાના એજન્સી ને સિકિમ
કાનડી	૧ કરોડ ૧૦ લાખ	કુર્ગ, મ્હૈસુર, મદ્રાસ, મુંબાઇ
ઉડિયા	૧ કરોડ	બિહાર અને ઓરિસા, મધ્ય પ્રાંતો
ગુજરાતી	૧ કરોડ ૧૦ લાખ	મુંબાઈ, વડોદરા, ગ્વાલિયર, મ. હિં. એજન્સી, હૈદ્રાબાદ
મલયાલમ	૯૦ લાખ	મદ્રાસ, ત્રાવણકોર, કોચીન

આપણી પૃથ્વી સાથે કોઇ ધૂમકેતુ અથડાએલો?

મહાન નવલકથાકાર એચ. જી. વેલ્સે જ નહિ, પણ કાલ્પનિક કથાનકોના અનેક લેખકોએ આ સંભવ પર કલ્પનાની ઇમારતો ચણેલી છે. જો કે અવકાશમાં બેફામ ધસ્યે જતા ધૂમકેતુનું આમ અથડાવું અસંભવિત તો નથી જ. ખગોળશાસ્ત્રીઓના કહેવા મુજબ એવી દુર્ઘટના દસ લાખે માંડ એકાદ વખત બનવા પામે એમ છે, છતાં આજથી દસેક લાખ વર્ષ ઉપર એક ધૂમકેતુ ખરેખર પૃથ્વી સાથે અથડાયો હતો એમ કેટલાક અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીઓ જણાવે છે. તેમના અનુમાન મુજબ એ ધૂમકેતુ હેલીના ધૂમકેતુના કદથી ત્રીજા ભાગનો હતો. ને પૃથ્વીના આજે ઉત્તર અમેરિકા તરીકે ઓળખાતા ભાગમાં અથડાએલો.

દુનિયાનો સૌથી મોટો દીવો

શિકાગોની કોલગેટ-પામોલિવ-પિટ ઇમારત પરનો ફરતો દીવો એ દુનિયા પરનો સૌથી મોટો દીવો ગણાય છે. એની શક્તિ ૨૦,૦૦,૦૦૦ મીણબત્તીઓ જેટલી લેખાય છે. એ ફરતા દીવાને સ્થિર રાખી એક વિમાન ત્યાંથી ઊડેલું તે ૨૭ માઇલ સુધી તો તેના ઉતારૂઓ એ દીવાના પ્રકાશમાં ઉત્તમ રીતે વાંચી શકતા હતા! તેનો પ્રકાશ ૧૦૦ માઇલ સુધી ને ક્યારેક ક્યારેક તો ૧૪૦ માઇલ સુધી પણ દેખાય છે. એ એટલો તો જાજ્વલ્યમાન છે કે એક વારના અંતર પર તેનો પ્રકાશ મધ્યાહ્નના પ્રકાશથી ૨૦,૦૦૦ અથવા પૂર્ણિમાના પ્રકાશથી ૮,૦૦,૦૦,૦૦,૦૦૦ ગણો તીવ્ર રહે છે.

કૉફીથી થતું હૃદયશૂળ

ઊર્મિપ્રધાન કે માનસિક બોજાવાળા માણસોના હૃદયમાં કૉફીમાં રહેલું કૅફીન નામનું સત્ત્વ ઘણી વખત પીડા ઊભી કરે છે. એ બહુ આકરી નથી હોતી, પણ લાંબો સમય ચાલે છે ને કસરતની તેના પર કશી અસર નથી થતી. કૉફી લેવી બંધ કરતાં તે બંધ પડી જાય છે.

કૉફીના એક કપમાં લગભગ એક ગ્રામના દસમા ભાગ જેટલું કૅફીનનું પ્રમાણ હોય છે. થોડા પ્રમાણમાં તે લેવાયું હોય તો હૃદયનું સ્પન્દન વધે છે, શિરાઓમાં લોહીનો ધસારો વધે છે ને મગજશક્તિ પર પણ તેની અસર પહોંચે છે.

પાણીમા પડતાં

અજાણ્યાં પાણીમાં આંધળિયાં કરી કદી ન ઝંપલાવતા. પહેલાં એના ઊંડાણનો ક્યાસ કાઢી જોજો.

એકલા તરવા કરતાં કોઈ જોડીદાર સાથે તરતાં વધુ મજા આવે છે, ને સાથે સહીસલામતી પણ બમણી રક્ષાય છે.

જમ્યા પછી દોઢ કલાક વીત્યા અગાઉ કદી ન તરશો ઊંડા પાણીમાં યે બહુ ઊંડી ડૂબકીનો પ્રયાસ ન કરતા.

કિનારાથી ખૂબ દૂર ન નીકળી જશો, કારણ, થાક પંથને અનેકગણો વધારી મૂકે છે.

ભમ્મરમાં કે મુશ્કેલીમાં આવી પડ્યા હો તો યે મગજ પરનો કાબૂ ન ગુમાવશો. ગુમ મગજે હજુ એકે જિંદગી બચાવી નથી, પણ લીધી લાખો લેખે છે.

વ્યાયામ હરીફાઇ

શ્રી કાઠીઆવાડ વ્યાયામ પ્રચારક મંડળ તરફથી દર વર્ષે ગોઠવાતી વ્યાયામ હરીફાઇ આ વર્ષે તા. ૫, ૬, ૭, ૮ જાન્યુઅરી ૧૯૩૯ના રોજ થનાર છે. ચોક્કસ કાર્યક્રમ હવે પછી બહાર પડશે, પણ ભાગ લેવા ઇચ્છનારે તા. ૩૧-૧૨-૩૮ પહેલાં, શ્રી જાદવજી કે. મોદી, મંત્રી શ્રી કા. વ્યા. પ્ર. મંડળ–ભાવનગર એ સરનામે જવાબ માટે ટિકીટ બીડી, અરજીનાં ફૉર્મ તથા નિયમો મગાવી લેવાં.

બકરીનું દૂધ

બકરીના દૂધમાં ગાયના દૂધ કરતાં પણ ઊંચાં પ્રજીવક તત્ત્વો રહેલાં હોઈ બાળકો માટે તેનું મૂલ્ય અમૂલ્ય ગણાય છે એ તો જાણીતું છે. તેમાં ૪·૩ ટકા પ્રોટીન, ૪·૫ ટકા ચરબી, ૪·૪ ટકા કાર્બોહાઇડ્રેટ્સ ઉપરાંત હજારે ૭૦ ભાગ ઉત્તમ ખનિજ તત્ત્વો રહેલાં છે. એ જ તત્ત્વોનું ગાયના દૂધમાં પ્રમાણ ૩·૫૫, ૩·૭, ૪·૮૮ અને ૫૫·૫ રહેલું છે. આ ઉપરથી બકરીના દૂધની ગુણવત્તા જોઇ શકાશે. વળી બકરી એ જ એક એવું પ્રાણી છે, જે પોતાના શરીરના વજનના પ્રમાણમાં વધુમાં વધુ દૂધ આપે છે ને ઓછામાં ઓછો ખોરાક લે છે. અખતરાઓથી માલૂમ પડ્યું છે કે જરૂરિયાતથી વધારે ખોરાકથી ઊલટું બકરીનું દૂધનું પ્રમાણ ઘટી જાય છે.

એમ? કેમ

પક્ષી ઊડી કેમ શકે છે?

પક્ષી ઊડી શકે છે તેનું કારણ તેનાં હાડકાં, તેના શરીરના પ્રમાણમાં, બીજાં બધાં પ્રાણીઓ કરતાં મોટાં ને ઊડવાને અશક્ત એવાં પ્રાણીઓ કરતાં ખૂબ પોલાં હોય છે. હવામાં ઉપર જતાં કે નીચે આવતાં આ પોલાણમાં વધઘટ કરવાની તેમને સાનુકૂળતા હોય છે. વળી પક્ષીની પાંખમાં તેના શરીરના વજનના છઠ્ઠા ભાગ જેટલા સ્નાયુઓ આવેલા છે, જ્યારે માણસના હાથમાં તો તેના શરીર કરતાં સોમા ભાગનું યે તેમનું પ્રમાણ નથી આવતું.

દૂધને ઊભરો કેમ આવે છે?

દૂધને કે દૂધમિશ્રિત પ્રવાહીને જોસથી ઊભરો આવે છે તેનું કારણ એ કે પાણીના ગૅસના પરપોટા પર દૂધની પ્રોટીનનું પાતળું પડ જામી જાય છે. એથી એ જલદી ઊડી શકવા અશક્ત નીવડે છે, એટલે એ પડ સાથે ઊંચે ને ઊંચે ધસે છે. દૂધને હલાવીએ તો એ પરપોટામાંથી વાયુ ઊડી જતો દેખાશે.

ઊંઘમાં આપણા શ્વાસોચ્છવાસ ધીમા કેમ ચાલે છે?

ઊંઘમાં આપણા મજ્જાતંત્રની સક્રિયતા મંદ પડી જાય છે. એને લઇને હૃદયની અને શરીરનાં બીજાં અંગોની પ્રક્રિયા પણ ધીમી પડે છે. આથી આપણે જાગતા અને કાર્યરત હોઇએ ત્યારે શરીરને પ્રાણવાયુની જેટલી જરૂર પડે છે એટલી તે આરામમાં હોય એ વખતે નથી પડતી, જેથી આપણો શ્વાસોચ્છવાસ ધીમો ચાલે છે.

વિકસતું વિજ્ઞાન

પુસ્તકાલયો ને પુસ્તકસંગ્રાહકોની કોઇ પણ રીતે ઉધઇથી પોતાનો સંગ્રહ બચાવવાનો ઇલાજ બતાવવાની બહુ લાંબા કાળની અરજ હતી, પણ અત્યાર સુધી તો તેને દાદ નહોતી મળી. જંતુશ્રો જેને Sito-drepa Paniceaના નામથી ઓળખાવે છે, તે આ ઉધઇ કેટલો કેર વર્તાવી શકે છે એ આટલા ઉપરથી જણાઇ આવશે કે તેની માદા દર વખતે એકી સામટાં સાઠ ઈંડાં મૂકે છે, જેને પરિણામે ચોથી પેઢી સુધી તો એનો વંશવેલો ૮,૧૦,૦૦૦ ઉપર પહોંચી જાય છે! પુસ્તકો ઉપરાંત બીજી પણ અનેક ચીજોનો તે નાશ કરે છે. પણ હવે તેનો જ સમૂળગો નાશ કરવા એક અમેરિકન કેમિસ્ટે કમર કસી છે. એથીલીન ઓક્સાઇડને કાર્બન ડાયોક્સાઇડની મેળવણીથી એણે એક ઝેરી ગૅસ ઉપજાવ્યો છે, જેને એણે 'કાર્બોક્સાઇડ'નું નામ આપ્યું છે. ઉધઇનો ઉપદ્રવ એથી સંપૂર્ણ દૂર થશે એમ તે માને છે.

વીસ વર્ષના સતત અખતરા બાદ આગ્રા કૉલેજના પ્રો. જે. બી. ઝા કાચા પદાર્થોમાંથી પ્રવાહી સોનું તૈયાર કરવાની મહાન ઔદ્યોગિક શોધમાં સફળ નીવડ્યા છે. અત્યાર સુધી ઇંગ્લંડ ને જર્મની જ એમાં સફળ થયાં હતાં ને એમણે એનું રહસ્ય આજ દિવસ સુધી છૂપું રાખ્યું હતું. આ સફળતા પછી સંયુક્ત પ્રાંતોની સરકારે એ શોધ આગળ ચલાવવા માટે પ્રો. ઝાને આર્થિક મદદ પણ આપી છે. આ પ્રવાહી સોનું મોટેભાગે કાચ ને ચીનીના વાસણો વગેરેમાં કામ આવે છે.

આંતરરાષ્ટ્રીય પત્રમિત્ર અધિવેશન

પ્રેરક અને પ્રબોધક પ્રવૃત્તિ દ્વારા જ્ઞાનવિનિમય કરતા ને આંતરરાષ્ટ્રીય એખલાસ કેળવતા એવા પત્રમિત્રોનું ત્રીજું આંતરરાષ્ટ્રીય અધિવેશન આગામી ડીસેમ્બર તા. ૨૮, ૨૯, ૩૦ના રોજ અમદાવાદ મુકામે ધી યંગ ફોક્સ બ્રધરહૂડના આશ્રયે ભરવાનું નક્કી થયું છે. છેલ્લાં ત્રણેક વરસથી આ સંસ્થા પ્રતિવર્ષે એક અધિવેશન યોજે છે. એની અનેક શાખાઓ હિંદભરમાં છે ને દેશપરદેશમાં મળી પંદરસો ઉપરાંત સભ્યો છે. પત્રમૈત્રિ અને તેની પ્રવૃત્તિઓમાં રસ લેનાર તથા વિશ્વબંધુત્વના આદર્શોમાં માનનાર કોઇ પણ વ્યક્તિ તેનો લાભ લેવા ન ચૂકે. તેને અંગે જોઇતી વિશેષ માહિતી, ત્રીજું આંતરરાષ્ટ્રીય પત્રમિત્ર અધિવેશન, દલાલ બિલ્ડીંગ કપાસીઆ બજાર-અમદાવાદ એ સરનામેથી મળી રહેશે.

૧૯૦૭ની સુરત કૉંગ્રેસ ભાંગ્યા બાદ પૂને જવા માટે લોકમાન્ય સ્ટેશને જતા હતા ત્યાં કોઇએ કહ્યું: 'રસ્તે તમને મારવા લોકો ટોળે વળ્યા છે. પોલિસની મદદ લાવું?' લોકમાન્યે જવાબ આપ્યો: 'પોલિસના રક્ષણ તળે સ્ટેશને પહોંચવા કરતાં દેશબાંધવોના હાથનો માર ખાઇ રસ્તામાં પડી જાઉં એ બહેતર છે.'

અનેકાર્થી શબ્દ: માણ = ગાગર; ખમીર કે ખટાશ; ઉતરડ; મોવણ; હદ કે સીમા; કેફ અથવા મીણો.

ગણિતગમ્મત

૩૩ × ૩૩૬૭ = ૧૧૧૧૧૧
૬૬ × ૩૩૬૭ = ૨૨૨૨૨૨
૯૯ × ૩૩૬૭ = ૩૩૩૩૩૩
૧૩૨ × ૩૩૬૭ = ૪૪૪૪૪૪
૧૬૫ × ૩૩૬૭ = ૫૫૫૫૫૫
૧૯૮ × ૩૩૬૭ = ૬૬૬૬૬૬
૨૩૧ × ૩૩૬૭ = ૭૭૭૭૭૭
૨૬૪ × ૩૩૬૭ = ૮૮૮૮૮૮
૨૯૭ × ૩૩૬૭ = ૯૯૯૯૯૯

કહેવતો કેમ પડી: 'નવાણુનો ધક્કો' —ધોબી ને વાણિયો બે પડોશી. થોડું કમાતો છતાં ધોબીને ઉદારતાથી ખરચ કરતો જોઇ વાણિયણે કારણ પૂછતાં વાણિયે કહ્યું: 'એને નવાણુનો ધક્કો લાગ્યો નહિ હોય.' વાણિયણે એનો અર્થ પૂછતાં પાછળથી સમજાવવાનું કહી વાણિયો નવાણુ રૂપિયા ભરેલી થેલી છાનીમાની ધોબીને ઘેર મૂકી આવ્યો. ધોબીને તે હાથ લાગતાં ખુશ થયો, પણ ગણી જોતાં નવાણુ થયા એટલે એક રૂપિયો બચાવી સો પૂરા કરવાનો મનસૂબો કર્યો. પછી તો સોના બસો, બસોના ચારસો કરવા પાછળ એનું મન દોડયું ને ખૂબ કરકસર કરવા માંડી. હવે એને લોભ કરતો જોઇ વાણિયણે કારણ પૂછતાં વાણિયાએ બધી વાત સમજાવી જવાબ આપ્યો, 'હવે એને નવાણુનો ધક્કો લાગ્યો છે.'

રૂટરનું જગવિખ્યાત સમાચારખાતું ઇ. ૧૮૪૦માં સ્થપાયું હતું.



અમેરિકામાં ઊગેલો આ જંગી બટાટો ૨ ફૂટ ૯ ઇંચ લાંબો ને ૯૬ પૌંડ ને ૧૦ ઔંસ વજનનો હતો.

'તું ગધેડો છે'.
- 'ખરી વાત છે; બધી જ બાબતમાં હું તમારાથી ઊતરતો છું.

માણસનું લોહી તેના આખા શરીરમાં ૨૩ સેકન્ડમાં ફરી વળે છે, જ્યારે ઘોડાનું ૩૦ સેકન્ડમાં, કૂતરાનું ૧૫થી ૧૭ સેકન્ડમાં, બકરીનું ૧૪ સેકન્ડમાં અને સસલાનું ૮ સેકન્ડમાં.

આખા ઑસ્ટ્રેલિયા ખંડની અરધી વસતિ તો તેનાં પાંચ મોટાં શહેરોમાં જ વસે છે.

સીનેમાના એક કલાકના ચાલુ પ્રોગ્રામની ફિલ્મની લંબાઇ ૫૪૦૦ ફૂટ હોય છે ને તેમાં ૮૬,૪૦૦ જુદાંજુદાં ચિત્રો હોય છે. પહોળાઇમાં અમેરિકન કરતાં યુરોપની ફિલ્મો સાંકડીહોય છે.

'વેલ્થ ઑફ નેશન' નામના પોતાના મહાન ગ્રંથથી દુનિયાને અર્થશાસ્ત્ર શીખવનાર ઍડમ સ્મિથ પોતાના નાનકડા ઘરની આવકજાવકનો હિસાબ પણ રાખી શકતો નહિ.

(પો. કુ. પં.)

પૃથ્વી જો આખી પાણીની જ બનેલી હોય તો આજ કરતાં તેનું વજન સાડાપાંચગણું ઓછું થાય જ્યારે સૂર્યનું આજ કરતાં દોઢગણું વધારે.

આપણા કેટલાક ભ્રમ

સીસાપેનમાં સીસું હોતું જ નથી, અંદરની કાળી અણી 'ગ્રેફાઇટ' નામના એક પ્રકારના કોલસાની બનેલી હોય છે.


શામ્વા લેધર શામ્વાના ચામડાનું બનતું નથી. તે ઘેટાંની ચામડીની માંસ તરફની બાજુમાંથી તૈયાર થાય છે.

વ્હેલ એ માછલીની જાત નથી, પણ આંચળવાળું પ્રાણી છે અને બીજાં પશુઓ પેઠે બચ્ચાંને ધવરાવે છે!

અગ્નિ, જળ, વાયુ અને પૃથ્વી એ ચારે મૂળ તત્ત્વો નથી; પણ અનેક તત્ત્વોનાં સંમિશ્રણો છે.

ફ્રાન્સની તારણહાર કુમારી જોન ઑફ આર્કનું સાચું નામ જ્યાં દાર્ક (Jeanne Darc) હતું, પણ પછી તેને સંમાન આપવા ખાતર Darcને બદલે ખોટી રીતે d'Arc લખાવા લાગ્યું. પણ અંગ્રેજ ઇતિહાસકારોએ d' Arcનું ઑફ આર્ક કર્યું છે એ તો ખોટું જ છે.

લીંબુનો રસ નાખેલા ઠંડા પાણીથી વાદળી સરસ રીતે સાફ થાય છે.



અમેરિકાના કાન્સાસ પરગણાના પૉટવિન નામના ગામના એક ખેતરની ધરતી ધ્રુજવા માંડવાથી ખેતરનો સાથી બીને નાસી ગયો. બીજે દહાડે સૌ ત્યાં આવીને જુએ તો ૩૦૦ ફૂટ લાંબો, ૨૫૦ ફૂટ પહોળો અને જેનું તળ હજી હાથ જ નથી આવ્યું એવી ઊંડાઇનો મોટો પાણીનો ધરો ત્યાં પડી ગએલો. ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે કે ચૂનાના પથરોનું પેટાળ ત્યાં હોવું જોઇએ, જે ગરી જઇને ત્યાં અતળ ઊંડાણ પડી જઇ અંદરના પાણીનું વ્હેણ ઉપર તરી આવ્યું હશે. એ ધરાનું ચિત્ર ઉપર આપ્યું છે

કુમાર આપતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ પંદરમું — અંક ૧૬૯-૧૮૦

ઝિંદાદિલીનો પયગામ

ઝિંદગીમાં વરેણ્ય, વરિષ્ઠ કોઈ તત્ત્વ હોય તો તે ઝિંદાદિલી છે. એના વિનાનું જીવન એવા ઉજડેલા ચમન જેવું છે, જેમાં કદી તમન્નાની બહાર આવતી નથી, શહાદત નથી, શરાફત પણ નથી. જીવનનું એ અધિષ્ઠાયક તત્ત્વ આજથી પંદર વર્ષ પર 'કુમારે' પ્રમાણ્યું ને 'ગુર્જરી કોણ કહે કંગાલ?' એ કવ્યુક્તિ સાર્થક કરવાની આરઝૂથી, ગુજરાતના સાર્વત્રિક વિકાસની એકમાત્ર ભાવનાથી એણે કુમાર જનતાની રાહબરી સ્વીકારી તદનુસાર સાલ બ સાલ ગુજરાતનાં કુમારદિલોમાં એ આરઝૂ, એ ભાવના પ્રજ્વલિત રાખતો પયગામ પહોંચાડ્યો છે. અમારા વ્યક્તિત્વનું ગુમાન, અમારા વૈશિષ્ટ્યનો મોહ અમને નથી; આ પછી રજૂ થતા સાલભરના સરવૈયા તરફ અમે લક્ષ ખેંચીએ છીએ તે પણ એટલા જ ખાતર કે જનતા અમારી એ પયગામ પ્રત્યેની વફાદારીનો ક્યાસ આંકે. એનો ન્યાય એ જ અમારો આત્મતોષ છે.

માનવહિતપ્રી વિજ્ઞાનીઓ, વતનપરસ્ત જવાંમર્દો કે સાહસદિલ શહીદો 'કુમાર'નાં પાનાં પર જેટલી ઝિંદાદિલી જગાવે છે એટલી જ ઝિંદાદિલી ક્ષાત્રધર્મનું ગૌરવ સ્થાપતી શિકારકથાઓ, નિર્ભીકતાની યશોગાથા સમી સાહસકથાઓ કે મહત્ત્વાકાંક્ષાને સંવેગવતી બનાવતા કાવ્યસર્ગો જગાવી રહે છે. ભૂતકાલીન ઇતિહાસની ગૌરવાન્વિત તવારીખથી માંડી અદ્યતન ઇતિહાસના નિતનવા પ્રવાહો, સ્થાપિત વિજ્ઞાનોની અવનવી કૈફિયતોથી માંડી તેમાં ઉમેરાતી જતી નામાવલિના સાદ્યંત અહેવાલો, કવિહૃદયના કલ્પનાવિહારોથી માંડી મોતનો મુકાબલો કરતાં સાહસપ્રયાણો, પૃથ્વીના તળથી માંડી અતલ આકાશનાં ઊંડાણો તથા આજની ઘડીથી માંડી ઇતિહાસના ઉગમથી યે પહેલાંના અંધારા કાળને અક્ષરબદ્ધ કરતા એના પ્રસાદ-પ્રવાહભર્યા લેખો તમારી કદરદાનીને આમંત્રતા એક વધુ વાર આ પછીનાં પાનાં પર વિવક્ષિત થાય છે.

પંદરમા વર્ષની આખરી સલામ ફરમાવતાં પહેલાં પોતાની દોસ્તીની એ નગદ ગવાહી તરફ 'કુમાર' તમારું ધ્યાન ખેંચે છે. તમે એને કેવાક આવકારશો?

મુખ્ય ચિત્રો

પૂર્ણરંગી મુખચિત્રો

વિવિધરંગી ચિત્રો

ફોટોગ્રાફો

કાર્ટૂન

કાવ્યો

ધ્વનિ વિભાગ

જીવનચરિત્રો

વાર્તાઓ

નવલિકાઓ

સાહસકથાઓ

શિકારકથાઓ

લઘુકથાઓ

લેખો

ઇતિહાસ

વિજ્ઞાન

ખગોળ

સ્વાસ્થ્ય અને આરોગ્ય

પ્રકીર્ણ

બાળવિભાગ

વાર્તાઓ

કાવ્યો

માધુકરી

કાવ્યકણિકાઓ